આપણી પરિષદો.

Reg. No. B. 2917.
છુટક નકલ ૧ આનો.

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રીય સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

| | | |
|---|---|---|
| તંત્રીઃ રતિલાલ ચીમનલાલ કોઠારી. | શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર. | વર્ષ ૨ જું, અંક ૨૭ મો. |
| સહતંત્રીઃ કેશવલાલ મંગળચંદ શાહ | વાર્ષિક લવાજમ રૂા. ૨-૮-૦ | શનીવાર, તા૦ ૬-૫-૩૩. |

## સુધારો અને ક્રાન્તિ

સુધારકો ઘણાય થઇ ગયા પરંતુ 'સુધારા'ના નામને દીપાવનાર તો કોઇક વીરલજ થયા છે, અને ગણ્યા ગાંઠ્યા સુધારકો જમાનાના જમાના વીત્યા તોય 'અંધકાર'નો નાશ કરી શક્યા નથી. હવે તો ક્રાન્તિની મશાલ સળગાવવાનીજ જરૂર છે. સુધારક થવાનું હું પસંદ કરતો નથી. સુધારો એ મોટામાં મોટું "હંબગ" છે. મહાવીર સુધારક થઇ ગયા, લ્યુથર સુધારક થઇ ગયો. પરંતુ આજે એના અનુયાયીઓમાં દંભ પ્રવર્તે છે. આ બધું દીવા જેવું બતાવે છે કે આજનો સુધારો એ 'હંબગ' છે. નર્યો દંભ છે. ગમે તેટલા સુધારા કરો તોય એ દંભ, એ માનસ કાયમ રહેવાનુંજ. તેથીજ સમાજની પુનઃ રચના કરવાની આવશ્યકતા છે. સાંપ્રત સમાજ બંધારણનો નાશ કરવો ને નૂતન બંધારણ ઘડવું એજ ક્રાન્તિકારોના મુદ્દા છે. ક્રાન્તિનો અર્થ 'સુધારો' મુદ્દલ થશે નહિં. કેંક સુધારકો ક્રાન્તિના નામે સુધારાને અપનાવવાનું સુધારક પત્રોની કટારોમાં લખે છે. તેમના વિચાર ને રહેણીકરણી જોશો તોજ એમને પૂરેપૂરા પીછાણી શકશો. એ આદર્શ અમલમાં મુકવાનો પ્રસંગ પ્રાપ્ત થતાં જાણે ઉભી પુછડીએ ભાગતા ન હોય! એ આદર્શ સુધારાપંથીઓ–એવા સુધારકો ક્રાન્તિના નામે જનતાને ઠગે એ બધું હવે વધુવાર ચલાવી નહિં લેવું જોઇએ.

"સુધારો તો ચાલુ વ્યવસ્થામાં છુટછાટ મુકવાની વાતો કરે છે, ક્રાન્તિ એ ઉદ્દામ કાર્યક્રમ છે, જ્યારે સુધારો એ માયાવી છે; ક્રાન્તિના અણુંએ અણુંએ સમાજહિત સમાયું છે, જ્યારે સુધારાની રગે રગે વ્યક્તિગત સ્વાર્થ ભર્યો છે." એ બેનો મેળ કદિયે નહિંજ મળવાનો. ક્રાન્તિના આન્દોલન પચતાં સુધારારૂપી પ્રતારણા નાબુદ થશે.

સમાજ અંધકારમાંથી બહાર આવે અને તેમાં 'પ્રકાશ' પડે એવું દરેક હૃદય ઇચ્છે. સુધારકો અને સ્થિતિચુસ્તો Die-heards નું જુનવાણી માનસ તો હવે જવુંજ જોઇએ.

અંધારામાં હતો ત્યાં લગી હું પણ માનતો કે 'ક્રાન્તિ એટલે સુધારો.' સુધારાના આન્દોલનને વિપ્લવનું નામ આપનારાઓમાંનો હું એક હતો. પરંતુ આજે મારી એ ભ્રમણા દૂર થઇ છે.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥
(આચારાંગ સૂત્ર.)

# પ્રબુદ્ધ જૈન.

શનીવાર, તા૦ ૬-૫-૩૩.

## આપણી પરિષદો.

સારાયે આર્યાવર્તમાં હમણાં હમણાં પરિષદો, સંમેલનો, અધિવેશનો વગેરેનો મોહ ઠીક પ્રમાણમાં વ્યાપક બની રહ્યો છે. દરેક જ્ઞાતિઓ, પેટા જ્ઞાતિઓ અને પ્રાન્તો પોતપોતાનું સંગઠન સાધવા પ્રયત્નો કરી રહ્યા છે. આપણી પણ અનેક પરિષદો થઇ ગઇ, જેમકે—પોરવાડ સંમેલન, શ્વે. જૈન કોન્ફરન્સ, શ્વે. સાધુ સંમેલન, નવયુવક પરિષદ, શિક્ષણ પરિષદ મહિલા પરિષદ, આ બધી પરિષદોનું અવલોકન કરતાં એટલું તો જરૂર જણાય છે કે તેનો ઉદ્દેશ સંગઠન સાધી ઉન્નતિના રાહ તરફ આગળ વધવાનો હોય છે. પરંતુ અત્યાર સુધીનો એ બાબતનો અમારો અભ્યાસ સાફ સુચવે છે કે જે ધ્યેયથી આવા સંમેલનો યોજાય છે તે ધ્યેયને સંમેલનની પૂર્ણાહુતિ પછી અભરાઇએ ચઢાવી દેવામાં આવે છે, અર્થાત્ કોઇ પણ જાતનું એ ધ્યેયને અનુસરીને કાર્ય કરવામાં આવતું નથી. તેમજ ઠરાવોની હારમાળાઓ ગુંથીને તેને કાગળમાં રહેવા દેવા ઉપરાંત જરાયે આપણે મહત્વ આપતા નથી. આ બીના આપણે માટે પીછેહઠ કરનારી છે, એટલુંજ નહિ પરંતુ સમાજ, ધર્મ અને આપણો પોતાનો પણ નાશ નોતરનારી છે. તેમાં જરાયે શક નથી. એથી અમે એમ કહેવા નથી માંગતા કે આથી સંમેલનો નિરર્થક છે. પરંતુ એ સંમેલનોનો અર્થ ઠરાવોની હારમાળા ઘડી પાસ કરાવવામાં ન સમજતાં જેટલું કાર્ય આપણે કરી શકીએ, આચરી શકીએ તેવા પ્રકારના શક્ય અમુકજ ઠરાવ ઘડી માર્ગ નક્કી કરવામાં આવે અને તદનુસાર રચનાત્મક કાર્યક્રમ અમલમાં આવે તેવો અર્થ સમજવો જોઇએ. તોજ આપણે ઉન્નતિના રાહ ઉપર આગળ વધી શકીશું.

__પોરવાડ સંમેલન__—જે સ્થાનમાં આ સંમેલન ભરવામાં આવ્યું હતું તેની આસપાસ પોરવાડોના હજારો ઘર છે. પ્રજા બહુજ અજ્ઞાન અને કુપ્રથાઓમાં ફસાએલ છે. કન્યાવિક્રય અને નિરર્થક કુથલીઓમાં પોતાનું જીવન વ્યતીત કરે છે. આવા લોકોને કંઇક વ્યવહારિક શિક્ષણ મળે, તેનું મનુષ્યત્વ ખીલે તે માટે સંમેલને કંઇક રચનાત્મક કાર્યક્રમ અમલમાં લાવવાની અગત્યતા હતી. પ્રમુખ શ્રીયુત દલીચંદ વીરચંદ શ્રોફે પણ પોતાના વક્તવ્યમાં આ બાબતને સ્વીકારી છે. સંમેલને તેવા પ્રકારના ઠરાવો પણ ઘડયા છે. પરંતુ જેમ બીજે સ્થળે થાય છે તેમ ઠરાવો માત્ર કાગળમાંજ રહે, અને ત્રણ દિવસના શંભુ મેળાનો આનંદ લઇ લોકો પોતપોતાને ઘેર બેસે છે. આવું ન બને તે માટે તેના ઉત્સાહી પ્રમુખ શ્રીયુત દલીચંદ વીરચંદ શ્રોફ અને બીજા કાર્યકર્તાઓને વિનવીએ છીએ. પરિષદમાં જે ઠરાવો થયા છે, એ ઠરાવની પાછળ જનતાનું પીઠબળ ઉભું કરી જો અમલમાં મુકવામાં આવે તો આ પરિષદની સફળતામાં જરાયે શંકાને સ્થાન ન રહે. માત્ર ઠરાવો પાસ કરવામાંજ સંમેલનની સફળતા મનાતી હોય તો પછી તેમાં કશું કહેવાનુંજ રહેતું નથી. તેની સાથે થએલ મહિલા પરિષદ પણ કંઇક જરૂર ઉપયોગી નીવડી હતી. પોરવાડ મહિલાઓમાં પ્રચાર કાર્ય માટે મહિલા સમાજના પ્રમુખ અ. સૌ. રૂકમીણી બ્હેને એક બે બ્હેનોનો સાથ સાધી જાતે સ્થળે સ્થળે ફરવાની જરૂર છે.

__સાધુ સંમેલન__—આ એક શ્વે. કોમ માટે ધન્ય ઘડી હતી, કે સારાયે ભારતમાં વિચરતા તેમના દરેક સાધુઓનું સંમેલન અજમેરમાં મળ્યું હતું. આવા સંમેલનો જરૂર પ્રશંસનીય છે. કારણકે સમાજની ઉન્નતિ અને અવનતિની ચાવી આ લોકો પાસે છે. તેઓ પોતે જ્યાં સડો દેખાય તેને દૂર કરી સંગઠિત બની જાય અને સમાજોન્નતિ માટે કાંઇ પણ પ્રયત્ન કરે તો સમાજની ઉન્નતિ અનિવાર્ય બની જાય છે. આ પરિસ્થિતિનો વિચાર કરીનેજ આ સંમેલન યોજાયું હતું. જો કે આ સંમેલને કંઇ નક્કર કાર્ય કર્યું છે કે નહિ, તેની ભાંજગડમાં ન ઉતરતાં માત્ર એટલો લાભ તો જરૂર દેખાય છે કે સાધુઓ જે એક બીજાના સહવાસમાં આવતા ન હોતા, એક સંપ્રદાયના સાધુ બીજા સંપ્રદાય જોડે કોઇ પણ જાતનો સહકાર આપતા ન હતા તે વસ્તુ આવા સંમેલનથી અવશ્ય થવા પામી છે. આમાં પણ થોડોજ કલેશ થવા ઉપરાંત મારામારીના સંજોગો પણ ઉપસ્થિત થયા હતા. છતાં કાર્યકર્તાઓની કુશળતાને અંગે એ પ્રસંગ નિર્વિઘ્ને પસાર થયો હતો. બીજા પ્રાંતના સાધુઓ કરતાં ગુજરાત અને પંજાબના સાધુઓ ખુબ ઉદાર જણાય છે. વિશ્વપ્રેમ આકર્ષવા માટે આવી ઉદારતા જરૂરી છે. આમ એક રીતે આપણે આ પરિષદની સફળતા સ્વીકારવીજ જોઇએ. આ સંમેલન દર અગીઆર વરસે મળવાનું હોઇ આ વખતની બેઠકમાં નહિં તો આવતી બેઠકમાં સમાજની ઉન્નતિ માટે જરૂર વિચાર કરશે, એ આશા રાખવી અસ્થાને તો નથીજ. આપણાં સાધુઓ આનું અનુકરણ કરે તો જે લાભ શ્વે. કોમને મળ્યો છે, તેના કરતાં આપણને અનેક ગણો સારો લાભ મળી શકશે; કારણ કે આપણા સાધુઓ સુશિક્ષીત છે, ઉદાર છે, જો કે હઠાગ્રહ, મમત્વ અને શિથિલતા જરૂર છે, પરંતુ તેનું નિવારણ અશક્ય નથી.

__શ્વે. કોન્ફરન્સ__—અનેક ઝઘડા અને કંકાશોને અંગે આ કોન્ફરન્સનું નવમું અધિવેશન ભરાતું ન્હોતું, તે આ સાધુ સંમેલનનો લાભ લઇ ત્યાં મળ્યું. તેની બેઠક બહુજ હળદમા સહિત થઇ, પરંતુ બહારથી જેટલી તે વિરાટ સ્વરૂપમાં જણાઇ હતી, તેટલીજ અંદરથી પોલી હતી. કોન્ફરન્સે કંઇ આમવર્ગને લાભ થાય તેવું હજુ સુધી એકે પગલું ભર્યું નથી. આજે વેપાર, ધંધા અને ઉદ્યોગોની પાયમાલી થઇ રહી છે, રોટીનો પ્રશ્ન મુશ્કેલ બન્યો છે, તેવી પરિસ્થિતિમાં કોન્ફરન્સે કંઇ એવું પગલું ભરવું જોઇતું હતું કે બેકારીનો કંઇક નિવેડો આવે અને લોકોને રાહત મળે. જો શ્વે. કોન્ફરન્સ અને તેના વરાયેલા પ્રમુખ ધારે તો આ બાબત મુશ્કેલ નથી. તે સિવાય **વીરસંઘની** યોજના બહુજ સુંદર છે. આ યોજનાનો અમલ જેટલો જલ્દી થાય તેટલો સમાજને ખુબ ફાયદાકારક

છે. આવા વીરસંઘના નેતૃત્વમાં નવરત્ન શ્રીમાન **દુર્લભજી ઝવેરી** જેવા સેવાની ધગની પહેરી સમાજોન્નતિના કાર્યમાં આત્મસમર્પણ કરવાની પહેલ કરે, એ સ્થા. કોમનું સદ્‌ભાગ્ય છે. અમે ઇચ્છીયે છીયે કે આવા સેવાભાવી સજ્જનોનો સંઘ શીઘ્ર અસ્તિત્વમાં આવે. તે સિવાય શિક્ષણ સંસ્થાઓ અને સાહિત્ય માટે પણ ઠીકઠીક વિચાર કરવામાં આવ્યો છે. અયોગ્ય દીક્ષાનો પ્રશ્ન જે આપણામાં ખુબ ચર્ચાઇ રહ્યો છે, તેના સંબંધમાં પ્રમુખશ્રીએ એક નવીનજ માર્ગ બતાવ્યો છે. લાગતા વળગતાઓએ આ બાબત વિચારવા જેવી છે. અમને એ જાણીને આશ્ચર્ય થાય છે કે કોન્ફરન્સ જેવી સંસ્થાઓને સંપૂર્ણ અનુભવ હોવા છતાં પણ ઠરાવોની હારમાળાનો મોહ છોડતો નથી, અને કેટલાક એવા ઠરાવો કરવામાં આવે છે કે જેની સાથે જનતાને જરાએ નિસ્બત હોતી નથી. અમે અને વખત જણાવી ગયા છીયે કે સંખ્યાબંધ ઠરાવોનો મોહ નહિ રાખતાં જેટલા આપણે આચરણમાં લાવી શકીએ, જનતાને કેળવી પીઠબળ ઉભું કરી રચનાત્મક કાર્યક્રમ અમલમાં મુકી શકીએ તેવા ઠરાવોજ ઘડવા જોઇએ પછી તે એક બેજ કાં ન હોય! મરી ગયેલા આત્માઓ આવી સંસ્થાઓમાં પહેલાં યાદ કરી જે દિલગીરીના ઠરાવો મુકવાનો શિરસ્તો પડી ગયો છે, તે અવ્યવહારૂ છે. મંગળાચરણમાંજ દિલગીરી હોય તો પછી આગળ બીજું શું કાર્ય થવાનું હતું? અમે આશા રાખીએ છીયે કે અમારી આ સૂચના ઉપર કોન્ફરન્સના અધિષ્ઠાતાઓ ધ્યાન આપશે. આમ કોન્ફરન્સનું નવમું અધિવેશન અનેક વિઘ્નોનો સામનો કરી અત્યારે તો પાર ઉતર્યું છે. અમે ઇચ્છીએ છીયે કે એ કોન્ફરન્સ દ્વારા કડક રચનાત્મક કાર્યક્રમ અમલમાં આવે અને સમાજ અને ધર્મની ઉન્નતિ થાય.

<u>શિક્ષણ પરીષદ્</u>—મુનિશ્રી જીનવિજયજીના પ્રમુખપણા નીચે આ શિક્ષણ પરિષદે શિક્ષણનો પ્રશ્ન બહુજ સારી રીતે છણ્યો છે. આપણા સમાજમાં અનેક સામાજીક સંસ્થાઓ છે, લાખો રૂપીઆ આપણે તે સંસ્થાઓની પાછળ વ્યય કરીએ છીએ છતાં તેમાંથી આપણે જોઇએ તેવું પરિણામ લાવી શકતા નથી, આપણી સંસ્થામાંથી એક વિદ્યાર્થી તૈયાર થઇને નિકળે કે તરતજ તેને પોતાની પામરતાનો ખ્યાલ આવે છે, તેને બેકારીનો ભાસ કરાવે છે, જ્યાંસુધી તે શિક્ષણ લે છે ત્યાંસુધી તો તે આશાવાદી રહે છે. પરંતુ જ્યારે તૈયાર થાય છે ત્યારે તેના હવાઇ કિલ્લાઓ બધા જમીનદોસ્ત બને છે, તેનું કારણ આપણે સ્વાશ્રયી બનવાનું શિક્ષણ આપી શકતા નથી એ છે. વ્યવહારૂ હુન્નર ઉદ્યોગ અને જીવનની જરૂરીઆતની તમામ વસ્તુના ઉત્પાદનના જ્ઞાન વગરનું આજે શિક્ષણ અપાય રહ્યું છે, આ બાબત જરાયે નભાવી લેવા જેવી નથી. જ્યાંસુધી આ બાબતો શિક્ષણ સંસ્થાઓના સંચાલકોના લક્ષ્યમાં ન આવે અને આધુનિક અપાતી શિક્ષણ પધ્ધતિ જ્યાં સુધી ફેરવવામાં ન આવે ત્યાંસુધી શિક્ષણનો પ્રશ્ન આપણને મુંઝવ્યાજ કરશે. મુનિશ્રીએ આ શિક્ષણ પધ્ધતિ જ્યાં સુધી ન ફરે ત્યાં સુધી દરેક સંસ્થાઓને બોર્ડીંગ હાઉસના રૂપમાં ફેરવી નાંખવાની સુચના કરી છે. અને તેમાં રહેનારા વિદ્યાર્થીઓ કોલેજ યા હાઇસ્કુલોમાં વ્યવહારૂ કેળવણી લીએ માટે ખાસ ભાર મુકયો છે. મુનિશ્રીના આ વિચારો સાથે અમે સહમત થઇએ છીએ અને આધુનિક અપાતી કેળવણીમાં કયાં કયાં ખામી છે, તે તપાસી તેનો યોગ્ય નિકાલ લાવવાની શિક્ષણ સંસ્થાઓના સંચાલકોને વિનંતિ કરીએ છીએ.

<u>નવયુવક પરિષદ્</u>-સ્થા. કોમમાં આ પરિષદ્ પ્રાથમિક છે. તેના પ્રમુખ બાબુ અચલસિંહજી અને સ્વાગત પ્રમુખ શ્રીયુત્ સુગનચંદજી લુણાવત સમાજસેવી અને ઉત્સાહી સદ્‌ગૃહસ્થો છે. શ્રીમાન મગનમલજી કોટેચા અને શ્રીયુત્ ડાહ્યાલાલ એમ. મહેતા તેના મંત્રીઓ છે. આ બેલડી ધારે તો સ્થા. નવયુવકોનું સંગઠ્ઠન સાધી ઘણું કરી શકે તેમ છે. જો કે આનો ઉદ્દેશ તો કોન્ફરન્સમાં એક યુવક પાર્ટી ઉભી કરવાનો છે. પરંતુ યુવકોની ફરજ તો ખુબ વિશાળ છે. સમગ્ર જગતના વાતાવરણમાં આજે યુવક શક્તિજ કાર્ય કરી રહી છે, રાજકારણમાં કે અર્થશાસ્ત્રના ઉંડાણમાં યુવકોજ તણાયાં ઘસી રહ્યાં છે. માનવ જાત યુવકો ઉપર પોતાના હવાઇ કિલ્લાઓ રચી રહી છે, નવચેતન પ્રેરણા અને ઉત્સાહના મહાસાગરમાં યુવકો ઉપરજ સમાજ ધર્મ અને રાષ્ટ્રની ઉન્નતિનો આધાર છે, અને તેથીજ નવયુવકોને દરેક પ્રકારની સ્વતંત્ર દેશોમાં તાલીમ આપવામાં આવે છે. સ્થા. કોમ અને તેના આગેવાનો અગર યુવકોને સમાજ સેવાની તાલીમ આપે તો ઘણું થઇ શકે તેમ છે, તેમનાથી ઘણું કાર્ય કરાવી શકાય છે. સ્થા. કોમમાં ઘણા ઉત્સાહી નવયુવકો છે, તેઓ વિખરાયેલી હાલતમાં છે. તેમને એક કરી સ્થા. કોમજ નહિ, પરંતુ સમસ્ત જનતાની સેવા કરવાનો વિશાળ ઉદ્દેશ ધરાવવો જોઇએ. અને તદનુસાર કાર્ય કરવું જોઇએ. અમને આશા છે કે યુવકો પોતાની ફરજ સમજશે.

<u>મહિલા પરિષદ્</u>—જ્યાંસુધી આપણે સ્ત્રીશક્તિને નહિ કેળવીએ, તેનું સંગઠ્ઠન સાધશું અને આજના રાષ્ટ્રયુગના આંદોલનોના પ્રવાહમાં નહિ પોંચીએ ત્યાં સુધી આપણી ઉન્નતિ અશક્ય છે. આ બાબત સમાજના લક્ષ્યમાં મોડી મોડી પણ આવી છે. જ્યાં જ્યાં કંઇ સંમેલનો કે પરિષદો મળે છે, ત્યાં ત્યાં મહિલા પરિષદ્‌ને પણ ગૌણ રીતે સ્થાન અપાય છે. પરંતુ એથી મહિલાઓમાં જાગૃતિ આવે તેના કરતાં જો તેમની સ્વતંત્ર બેઠક અલગ રીતેજ મળે અને તેમાં દરેક કાર્ય સ્ત્રીશક્તિ કરે તો મહિલા પરિષદોના ઉજ્જવળ ભાવી માટે જરાયે શંકા ન રહે. આમ આ પરિષદોનું અવલોકન અમે રજુ કર્યું છે. બાકી તો આ પરિષદો કેટલી ઉપયોગી છે, તેનો જવાબ તો જનતાજ આપશે.

---

## केसरीयाजीके संबंध में

शिरोही स्टेट के जैनसंघ की प्रतिनिधि सभा आचार्य वल्लभसूरि के नेतृत्व में हुई थी। उस समय पर महाराजने जैन तीर्थों की सुव्यवस्था करने का उपदेश दिया था और निम्नोक्त तार महाराणा उदेपुर और अमलदारो पर भेजा गया था।

"श्री केसरीयानाथ रिखभदेवजी के मंदीर की ध्वजारोपण की क्रिया जैनो के स्थापित हक के विरुद्ध करने का समाचार सुन कर हमें बहुत दुःख होता है, अगर यह सच्चा हो तो हम सब उस के सामने हमारा प्रबल विरोध प्रदर्शित करते हैं, और नम्रतापूर्वक अर्ज करते हैं कि समस्त जैन जनता की धार्मिक लागणी की कदर कर ध्वजारोपण की क्रिया करने का जैनो का हक कायम रहना चाहिए।"

—शिरोही स्टेट जैनसंघ.

# નોંધ.

## બ્હેન જડાવ વિષે વધુ.

તા૦ ૨૨-૪-૩૩ ના અંકમાં બ્હેન જડાવની કથની છપાયા પછી અમારી મેનેજીંગ કમીટીએ એ બાઇને બચાવી લેવાના કરેલા ઠરાવ અનુસાર અમારી તરફથી બે ભાઇઓ ફરીથી આબુરોડ ગયા હતા. ત્યાં સતત પરિશ્રમને અંગે તેને સમજાવવામાં આવી, અને આ કાર્યમાં ઘણે અંશે ફતેહ પણ મળી હતી. છતાં પણ છેલ્લી ઘડીએ આપણા સમાજના (જૈન ભાઇઓએજ) જેઓ મુખ્યત્વે કરીને યુવક સંઘની કોઇ પણ પ્રવૃત્તિના વિરોધી જ છે, તેઓએ ખોટી 'હા' 'હા' કરી બાઇને ઉંધે માર્ગે દોરી. અને એવી ગભરાવી મૂકી કે છેલ્લી ઘડીએ એ બાઇના કર્મમાં મજુરી અને નિરાશાજ લખાયેલી હોવાથી તેને સત્ય માર્ગ ન સૂઝયો અને તે ન આવી.

આ બાબતમાં હજુ પ્રયત્નો ચાલુ હોવાથી હાલ વિગતવાર ઇતિહાસ બહાર પાડવો અમોને વ્યાજબી લાગતો નથી. અમોએ કરેલા પ્રયાસો, અમોને કેટલેક અંશે મળેલી ફતેહ અને વિઘ્નસંતોષીઓએ કરેલાં વિઘ્ન એ સઘળું આગળ ઉપર બહાર પાડીશું. હાલ એ બાઇના હિત ખાતર પણ વધુ વિગતો બહાર પાડવી અમોને યોગ્ય લાગતી નથી.

## 'જૈન જ્યોતિ'ની ભ્રમણા—

બ્હેન જડાવની કથનીને અંગે અમારા ખબરપત્રીએ જે વિગતો મેળવી તા. ૨૨-૪-૩૩ ના અંકમાં બહાર પાડી છે, તેનો સાર ભાઇબંધ "જૈન જ્યોતિ" 'પામરોની પામલીલા'ના હેડીંગથી પોતાના માસીકમાં છાપે છે, અને તે છાપતાં તેમાંથી અમુક મુદ્દાઓ તારવી તે પરત્વે પોતાના વિચારો જાહેર કરે છે, અને છેવટના એક બે પેરીગ્રાફમાં પ્રબુદ્ધ જૈનને અંગે પોતાને યોગ્ય લાગતું મંતવ્ય રજુ કરે છે.

આ સંબંધમાં અમોને જણાવતાં દિલગીરી થાય છે કે ભાઇબંધ 'જ્યોતિકારે' અમારા સાથે પત્ર વ્યવહાર કર્યા પછી અથવા તો અમારા તરફથી સાચા સમાચારો મેળવ્યા પછી ટીકા કરી હોત તો તે વ્યાજબી ગણાત. અને અમોને લાગે છે કે જેટલા ઊંડાણમાં ઉતરી અમોએ એ બાબત હાથમાં લીધી છે, તેટલાજ ઊંડાણમાં 'જ્યોતિકાર' ઉતર્યા હોત તો જરૂર તેમને ટીકા કરવાનો પ્રસંગ નજ આવત. ખેર! હવે આ સ્થળે અમો તેની કેટલીક ભ્રમણાઓના જવાબો અને ખુલાસાઓ આપવા યોગ્ય ધારીએ છીએ કે જેથી સત્ય વસ્તુ તેઓ તેમજ જનતા સારી રીતે જાણી શકે.

પ્રથમ તો એ ભાઇએ આખા વૃતાંત ઉપરથી ૭ મુદ્દાઓ સાર રૂપે કાઢયા છે, તેમાંના કેટલાક મુદ્દાઓ અમારી માન્યતા મુજબ કંઇક ઉતાવળે અને વગર વિચાર્યે તારવ્યા છે. પહેલા મુદ્દામાં તેઓ જણાવે છે કે 'પામર આત્માઓ ગમે તે સ્થિતિમાં પણ પામરતાજ બતાવે છે' આ વાત ઠીક છે, પરંતુ એવા આત્માઓને પણ જો યોગ્ય સમયે સ્વચ્છ વાતાવરણમાં લાવી યોગ્ય ઉપદેશ દ્વારા તેના વિચારોનું પરિવર્તન કરવામાં આવે તો જરૂર તેને પોતાની પામરતાનું ભાન થાય છે, અને પશ્ચાતાપ કરે છે. બીજા અને ત્રીજા મુદ્દા સાથે અમે ઘણે ભાગે સંમત છીએ. ચોથા મુદ્દામાં જ્યોતિકાર જણાવે છે કે 'કોઇ એકલવિહારી પાપાત્મા જે ખરી રીતે જૈન સાધુજ નથી. તેની ઘટનાને સમસ્ત સાધુ સંસ્થાને નામે ચઢાવવી એ સત્યનો દ્રોહ કરવા બરાબર છે.' આ મુદ્દાથી એ ભાઇ સાધુ સંસ્થાનો બચાવ કરે છે, એ ઠીક છે, પરંતુ અમારો આશય કદાપિ એવો હોયજ નહિ. આખીએ કથનીનું મૂળ સાધુ સાધ્વી હોવાથીજ અમારે તેઓને ઉદ્દેશીને લખવું પડયું છે. સમસ્ત સાધુ સમાજને દોષિત ઠરાવવાની એ કથનીમાં છાયા પણ નથી, છતાં સાથે સાથે એટલું પણ કહીએ છીએ કે જો ભાઇબંધ જ્યોતિકાર શિલ્પશાસ્ત્રોનાં વર્ણન લખવા કરતાં આવા વિષયોમાં વધારે ઉંડા ઉતર્યા હોત, અને કેટલો સ્વેચ્છાચાર ચાલે છે, તેની જરા સાધુ જગતમાં ફરી તપાસ લીધી હોત તો તેમને પણ અમારા કથનને પુષ્ટિ આપવીજ પડત. હવે જ્યોતિકાર પાંચમા મુદ્દામાં એક બીજા ભાઇની તપાસને અંગે બાઇને પણ હલકી ચીતરે છે, આ સ્થળે આપોઆપ કથની ઉપરથી જણાય તો છે કે બાઇ કાચા કાનની અને ભોળી છે. છતાં પણ જે બીજા ભાઇએ તપાસ કરી છે તેણે શું તપાસ કરી છે? કેવી રીતે તપાસ કરી છે? અથવા તો એ બાઇનું વિશેષ અધઃપતન તેણે કયાં જોયું? એ સઘળું ખુલાસાવાર બહાર પાડવાની જ્યોતિકારની ફરજ છે, કારણ કે સ્પષ્ટ ખુલાસાઓ વિના હાલનું જગત મોઘમ કથાનકોમાં બીલકુલ શ્રધ્ધા ધરાવતું નથી. છઠ્ઠા મુદ્દામાં એ ભાઇ જણાવે છે કે, એને બચાવવાનો પ્રયત્ન સંગીન રૂપમાં થયો હોય એમ જણાતું નથી. મૌખિક આગ્રહજ આવાં કાર્ય માટે સાધનભૂત ન નીવડે, તેને માટે સમયનો ભોગ જરૂરી છે. ઇત્યાદિ, આ સંબંધમાં અમારે જણાવવું જોઇએ કે બચાવવાનો પ્રયત્ન થયો છે કે નહિ? કેટલા ફેરા થયા છે? મૌખિક આગ્રહ થયો છે કે રચનાત્મક પ્રયાસો થયા છે એ સઘળી વીગત માત્ર એક અનુમાન ઉપરથી ચીતરી કાઢવા કરતાં અમારા સાથે પત્ર વ્યવહાર કર્યો હોત તો તેને ઘણુંયે જાણવાનું મળતું હોત. સાતમા મુદ્દામાં એ ભાઇ જૈન આગેવાનો પાસેથી બચાવની આશા રાખે છે. એથી અમોને હસવું આવે છે. અમારો અતિ અનુભવ કહે છે કે થઇ ગયેલા જૈન આગેવાનો ધર્મના બ્હાના નીચે કહે છે કે 'એવીઓ કાલ વટલતી હોય તો ભલે આજ વટલે અમારા ધર્મમાં એવાઓની જરૂરજ નથી!' આવી પામર મનોદશાના આગેવાનો પાસેથી ભાઇબંધ પત્રકાર શેની આશા રાખે છે તે સમજી શકાતું નથી.

હવે છેવટના પેરીગ્રાફમાં 'પ્રબુદ્ધ જૈન' ના પ્રતિનિધિ ઉપર આક્ષેપ કરે છે કે 'તેણે સમયનો ભોગ આપ્યો નથી.' આ વાકય લખતાં પહેલાં જો ગણે ત્રણ પૈસાના પોસ્ટકાર્ડથી પણ હકીકત મંગાવી હોત તો જરૂર આ વાકય તેમને લખવાં ન પડત. એક અનુમાનિક વસ્તુને નિશ્ચયાત્મક બનાવી દેવી એ એક જાહેર પત્રકારને જરાપણ શોભતું નથી.

આ બાબતમાં અમારા પ્રતિનિધિ જેટલા ઉંડાણમાં ઉતર્યા છે, અને જેટલી નક્કર હકીકતો મેળવી છે તેટલી ભાગ્યેજ બીજાએ મેળવી હશે. અમારા પ્રયત્નો હજુ ચાલુજ છે. જે ઉપર આપેલી ટૂંકી નોંધ ઉપરથી જ્યોતિકાર જોઇ શકશે.

આ વિષયમાં ત્યાર પછી ઘણા બનાવો બની ગયા છે, પરંતુ એ બનાવો અમારી તપાસ ચાલુ છે તે તેથી હાલ સવિસ્તર અમો બહાર પાડી શકતા નથી. વખત આવ્યે સઘળી ઘટનાઓ બહાર પાડીશું. છેવટમાં ભાઇબંધ જ્યોતિને જણાવવાનું કે આવી સામાજિક બાબતોમાં નર્યાં અનુમાન દોરવા કરતાં પૂરતી તપાસને પરિણામે લેખો બહાર પડે તે વધારે ઇચ્છનીય છે.

# સમાજ સૂત્રધારોની રગશીયા પ્રવૃત્તિથી થતું નુકશાન.

લેખક:—ભોગીલાલ પેથાપુરી.

**આ**જથી લગભગ પચાસ વર્ષ પૂર્વેની આપણી કોમની સ્થિતિ તેમજ આજની સ્થિતિનો માત્ર વિચાર કરતાં વજ્ર હૃદયનો મનુષ્ય પણ આંસુ સાર્યા સિવાય નહિ રહે. પ્રથમનાં એક બીજાના શુદ્ધ હૃદય, એક બીજા પ્રત્યેની અમીદૃષ્ટિ અને પરહિત કરવાની પ્રબળ ભાવના મનુષ્યોના હૃદયમાં અહોનિશ રટન કરતી રહેતી. આ વસ્તુનો જ્યારે તે સમયે સુકાળ હતો ત્યારે ઘરમાં લક્ષ્મીની રેલમછેલ હતી. જાહેરમાં પ્રતિષ્ઠા હતી. કંઇપણ ઉન્નત કાર્ય કરી માનવ જીવન સફળ કરવાની મહત્વાકાંક્ષા રહેતી હતી.

આજે પણ એના એ મનુષ્યો છે. માત્ર વિચાર વર્તનમાં તફાવત પડયો છે. અમી દૃષ્ટિને બદલે દ્વેષ બુદ્ધિએ વિજય મેળવ્યો છે; પારકાનું હિત કરવાના વિચારો પૂર જોસમાં ઉભરાય છે; શાન્તિના સામ્રાજ્યને બદલે કુસંપનું મહારાજ્ય પ્રવર્તેલું દેખાય છે; અને ન્યાયને બદલે અન્યાયે ઘર ઘાલ્યું છે. આથી લક્ષ્મી દેવીનો કોપ સમસ્ત પ્રજા ઉપર જાણે ઉતરી પડયો ન હોય તેમ સમાજ આજે ખુબ આર્થિક સંકડામણમાં આવી ગયો છે અને એને લઇને ધર્મ કાર્ય વિષે વિચાર સરખો કરવાનું યે એને સુઝતું નથી.

આવી પરિસ્થિતિમાંથી કોમને બચાવવી તો બાજુએ રહી પરંતુ ઉલટા નકામા—અર્થ વિનાના ઝગડા વધારી કોમમાં કંકાસના ઝેરી બીજ રોપી વધુને વધુ નાશને, હજુ સમાજ સત્તાધારીઓ તેમજ બડેખાંવમાં ખપવા માગનાર નોતરી રહ્યા છે. ન્યાય નીતિનું છડે ચોક લીલામ કરી, સમાજમાં હોળી પેટાવી ઠંડે કલેજે જોયા કરવાની પડી ગયેલી ટેવ હજુ દૂર થઇ નથી. નજીવી બાબતોને મોટું સ્વરૂપ આપી તેની પાછળ કીંમતી સમયની બરબાદી તેમજ ધર્મના નામે એકઠો કરેલો ધન સંચય પાણીના રેલે ખર્ચતાં પણ ડરતા નથી. આજે અન્યાયને વળગી સમાજને છિન્ન ભિન્ન કરવાની નીતિ અખ-ત્યાર કરવામાં આવી છે. જેઓ પોતાનું ધારેલું કાર્ય પાર પાડવા પાપાચારથી જરા પણ ડરતા નથી, તેમનામાં ન્યાયને સ્થાન નથી, નીતિને સ્થાન નથી. સાથેજ તેઓ સત્યને બાજુએ મુકી પોતાની કલેશ નીતિ ચાલુ રાખે છે અને સમાજને આ સ્થિતિમાંથી ઉન્નત સ્થિતિમાં જોવાની રહેજ પણ પરવા કરતા નથી એજ એક દિલગીરીભર્યું છે.

ગત જાહોજલાલી સંભારી આંસુ સારે શું વળવાનું છે? જરા આંખ ઉઘાડી તપાસો તો એજ જણાશે કે કંઇપણ સમાજ માટે આજે વ્યવહારૂ પગલાં લેવાની જરૂરીઆત છે. સમાજને ઉપયોગી-આર્થિક, ધાર્મિક અને સામાજિક પરિસ્થિતિ ઉન્નત બને તેવું વાતાવરણ પેદા કરવાની જરૂર છે, અને આખા સમાજને એ નવસર્જીત વાતાવરણમાં ઓત પ્રોત કરી, આદર્શ વિચારો રજુ કરી દરેક વ્યક્તિના હૃદયમાં સ્થાન મેળવવાની જરૂર છે.

અત્યારે સમાજ બહુજ કફોડી સ્થિતિમાં જઇ પડયો છે, નથી ન્યાય કે નીતિનું નામ નીશાન કે નથી દાદ કે ફરીયાદ કોઇ સાંભળનાર. સૌ પોત પોતાના મનસ્વી પ્રમાણે રગશીઆ પ્રવૃત્તિ ચલાવે જાય છે. પરંતુ તે આજનો યુવક સમાજ ચલાવી લેવા તૈયાર નથી એ ભુલી જવાનું નથી. જમાનાને અનુસરી વિચારોની ફેરબદલી કરવીજ પડશે. જ્યારે જ્યારે સમાજ નવસર્જીત બને છે ત્યારે વિચારોના પરિવર્તન સાથે સમાજની ચાલી આવતી પ્રણાલીકામાં ફેરબદલી ન કરે તો તે નાશને નોતરે છે. અરસપરસમાં મતભેદ ગમે તેટલા હોય પણ તે એવા ન હોવા જોઇએ કે જેથી સમસ્ત કોમ તેમાં બળીને ખાખ થઇ જાય. અત્યારે આજુબાજુ લક્ષ ન આપતાં તમારી નીતિ ચાલુજ રાખશો તો યાદ રાખજો કે જતે દિવસે તમારે ફરજીઆત એ બદલેજ છુટકો થશે. અને નવા પ્રવાહમાં ભળી ન્યાય નીતિને વળગી સમાજોન્નતિના કાર્યમાં સહૃદય સાથ આપી અત્યાર સુધી ચલાવેલી તમારી પોપશાહી માટે પસ્તાવું પડશે.

આજે સમાજમાં ગયેલા સડાની બેહુકમીના પરિણામે સમસ્ત પ્રજાને તેના કાંટા ઉડી રહ્યા છે, પરંતુ આ દરેક જ્યાંસુધી આપણે રગશીયા પ્રવૃત્તિને દુર કરી નથી ત્યાંસુધીજ આપણી શાન્તિનો ભેલાણ થઇ અમુક વ્યક્તિઓ છડેચોક અન્યાયનું સામ્રાજ્ય પ્રવર્તાવી ભોળી પ્રજાને અધોગતિની ઉંડી ખાઇમાં ધકેલી રહ્યા છે. તેથી પ્રજાને આપણે સફાળી જાગ્રત કરી તેની પોતાની શક્તિનું તેને ભાન કરાવવું એ આપણી ફરજ છે.

સમાજને રાહત આપ્યા સિવાય એમની સત્તાના અમરપટા કાયમ રાખવા માંગતા હશે તો જરૂરથી તેઓ ભુલજ ખાય છે. સાચો રસ્તો તો એ છે કે એવા ભેભાગુ નાશનીતિને નોતરનાર મનુષ્યોની પુરેપુરી તપાસ કરી સમાજમાંથી તેમનું સ્થાન અલગ રાખી રહેલી સમાજને ઉન્નત પંથનું દર્શન કરાવવું, એ દરેક યુવકની એક અનિવાર્ય ફરજ છે.

હવે આ દરેક બાબત લક્ષમાં લઇ આપણે એ વિચાર પર આવીએ કે હવે જમાનો એ નથી રહ્યો કે "**રાણાજીના ભાલે ભાલો કરે.**" અત્યારે જમાનો એ નથી રહ્યો કે રગ-શીયા પ્રવૃત્તિ ઠંડા કલેજે ચલાવી લેવાય. આજે તો જમાનો એ માગે છે, જેમાં ન્યાય અને નીતિનું દર્શન હોય, હૃદયની શુદ્ધ ભાવના હોય અને તેને ગ્રહણ કરતાં સમાજની આર્થિક તેમજ ધાર્મિક સ્થિતિ ઉન્નત બનતી જતી હોય.

આશા છે કે, આ પ્રશ્ન સમાજની દરેક વ્યક્તિ છણે અને વ્યવહારૂ પગલાં લઇ સમાજમાંથી અશાંતિ દૂર કરી સાચી શાન્તિ પ્રાપ્ત કરે.


લાભ લેવા ચૂકશો નહીં.

पंडित हीरालाल हंसराज तरफथी प्रसिद्ध थयेलां
तमाम ग्रंथो दिवाळी सुधी

**अर्धी किंमते मळशे.**

ता. क.-आचारांग सूत्र छपाय छे तेनी अर्धी किंमत समजवी नहि.

लखो:—पंडित हिरालाल हंसराज.

जामनगर.

# બુદ્ધિ–મદ.

લેખકઃ લાલચંદ જયચંદ વોરા.

પાશ્ચાત્ય સંસ્કૃતિના, પાશ્ચાત્ય શાસનના અને પાશ્ચાત્ય રિવાજોના અંધ અનુકરણથી અત્યારે સમાજની અંદર પૈસાનો નશો ચડયો હોય એમ જોવાય છે. આ નશામાં માત્ર શ્રીમંતો કે જમીનદારો જ નથી સમાયા પણ વિદ્વાનો અને મુનિવરો પણ ફસાયા છે, ગરીબો અને તવંગરો સૌ ફસાયા છે. **અત્યારનો પૈસો એ વાંઝણી વિદ્યાનો પાક છે, અન્યાયોપાર્જીત દ્રવ્ય** યાંત્રીક સાધનો કે જે માનવબલીનું કામ કરી રહેલ છે, તેનો ઉતાર એ આજનું નાણું છે એમ કહીએ તો એમાં જરાયે ખોટું નથી. છેલ્લા એક બે સૈકામાં જેને શોધને વૈજ્ઞાનિક પ્રયોગો કહેવામાં આવે છે તે દીર્ઘ વિચાર કરતાં, કુદરત સામેની આપણી ગેરવ્યાજબી લડાઇ છે–કુદરત દ્રોહ છે.

કુદરત આજે પોતાનો માર્ગ કરવા બેઠેલ છે, અને વાંઝણી વિદ્યાના પાકરૂપ નાણાના નશાને ઉતારવા પ્રયત્ન કરી રહેલ છે. કુદરતના સ્વભાવમાં જ એ હોય છે કે રોગને બહાર કાઢી જીવનને નિરોગી રાખવું. આપણે જ્યારે કુદરત વિરૂદ્ધ ચાલી, આપણા ખાન–પાન, વ્યવહાર, રહેણી–કરણી અને હાજતોમાં આપણી વિષયેચ્છાને તૃપ્ત કરીએ છીએ ત્યારે કુદરત આપણને ઠપકો દેવા આવે છે, ઝીણા ઝીણા રોગો દ્વારા આપણને નોટીસો દે છે, અને જ્યારે આપણે કુદરતની નોટીસોને પણ અવગણીએ છીએ ત્યારે છેવટે પંચ મહાભૂતાદિ સ્થૂલ સાધનોને ખીખી–પીખીને કુદરત જુદા કરી નાખે છે. તેમ અત્યારે જગતના અત્યારના સ્થૂલ વ્યવહારમાં, જે અસમાનતા, અથડામણ, બુદ્ધિનો અતિરેક જોવામાં આવે છે તેના સામે જ્ઞાનનો પ્રકાશ ધરવાને કુદરતજ તૈયાર થયેલ છે. તેને ઝીલવા દરેક નવજુવાને તૈયારી કરવાની છે—કરવી પડશે.

પ્રત્યેક વેળા નવજુવાનને સંબોધવામાં આવે છે તેનું શું કારણ ? નવજુવાનને આગળ કરવામાં વક્તા, લેખક કે સમાજની શું નેમ હશે ? આ વસ્તુનો વિચાર કરતાં જણાય છે કે નવજુવાન એટલે માત્ર અમુક વર્ષનો માનવી નહિ, પણ જેના મન અને શરીર તાઝગીથી ભરેલા છે, જેનામાં અનેક મહત્વાકાંક્ષાઓ ભરી છે જેને પોતાના દેશ, સમાજ અને ધર્મ પ્રત્યેનું સાચું ભાન છે, જેને પોતાની જવાબદારીનું ભાન છે, તે નવજુવાનને શિરે અત્યારની પરિસ્થિતિ સુધારવાનું આ આહ્વાહન છે. જે યુવાન કે યુવતી આ યુગમાં પોતાના પુરૂષાર્થને નહિ કેળવે, તેને આવતી કાલે, પોતાના આ સમયને માટે, આ ઉપયોગી સમયના ગેરવ્યય માટે શરમાવાનો વખત આવશે એમાં શક નથી.

કહેવાય છે કે યુવાન પરિસ્થિતિથી દબાએલ છે, યુવાન તેના માબાપોથી દબાએલ છે, યુવાન પાસે નાણાની સગવડ નથી, યુવાન ઉપર કુટુંબના ભરણપોષણની જવાબદારી આવેલી છે, યુવાનને મરવાનોય સમય નથી—શું કરવું ?

મુનિમહારાજ કહે છે કે "ધરમ કરો, અને શાસન દેવો સહાય કરશે." બુદ્ધિવાદીઓ કહે છે કે "બુદ્ધિના જોરે નાણા મેળવો, નાણાં મેળવવામાં નીતિ–અનીતિનો વિચાર ન કરો; નાણા હશે તો જગત તમને આવતું આવશે." શ્રીમંતો કહે છે કે "અમારી ચાકરી કરો, ખુશામત કરો, જગતમાં કોઇ ભૂખ્યું રહેજ નહિં." રાષ્ટ્રવાદીઓ કહે છે "તમારૂં ધન તમારા દેશમાં રાખવાનો પ્રયત્ન કરો." જગતમાં ગમે તે બળ અત્યારે કામ કરી રહેલ હોય પણ સૌથી મોટું કામ કરી રહેલ છે તે તો કુદરતજ છે. બુદ્ધિનો અતિરેક એટલો બધો થયો છે કે જે બુદ્ધિને હૃદય સાથે જોડાણ હોવું જોઇએ, જે બુદ્ધિ વિચાર, વાણી અને વર્તનમાં એકતા સાધનારી હોવી જોઇએ, તે બુદ્ધિ આજે ઘણે ભાગે વાંઝણી જોવામાં આવે છે. જૈન સમાજમાં અનેક બુદ્ધિમાન સાધુઓ પડયા છે, તેઓ હવે શાસનને જીવાડવા માટે બુદ્ધિનો ઉપયોગ કરવા લાગ્યા છે, એટલુંજ નહિં પણ એમ કહી પોતાના અંતરાત્માને છેતરી રહ્યા છે. પોતે એમ જરૂર સ્વીકારે છે કે "જગતના માનવીઓ, અરે ! યુવાનો અત્યારે યોગ્ય માર્ગ દર્શન માટે વલખાં મારી રહ્યાં છે." ત્યારે અને તે સમયે તેમની જીજ્ઞાસા વૃત્તિનો યોગ્ય લાભ લેવાને બદલે તેમને–તેમની ભાવનાઓને કચરવાનો પ્રયત્ન થાય છે. યુવાનો અકળાય છે અને પોતે અખતરાઓ રચે છે. એમાંથી અથડામણો થાય છે. યુવાનો નાસ્તિક તરીકે જાહેર થાય છે અને વિદ્વાન વર્ગ પોતાના કાર્ય પરત્વે નિરાશા સાંપડતા ધમપછાડા મારે છે.

ઇચ્છાએ કે અનિચ્છાએ યુવાનોએ અત્યારની પરિસ્થિતિનો ઉકેલ કરવાનો છે. નૈતિક બળ અને શ્રદ્ધા વિના, બુદ્ધિ મદ કે નાણાના નશાનો સામનો કદી નહિં કરી શકાય. આસુરી સંપદ્ સામે યુદ્ધ કરવામાંજ યુવાનોની યુવાની શોભશે–યુવાનની યુગ–દીક્ષા દીપશે.

પ્રભુ ! એ નવ–દીક્ષાના માર્ગે નવયુવાનને દોરો.

# સ્વીકાર અને સમાલોચના.

**જગતશેઠ**—લેખક રા. સુશીલ. પ્રકાશક દેવચંદ દામજી કુંડલાકર, મળવાનું ઠેકાણું જૈન સસ્તીવાંચનમાળા મુ. પાલીતાણા (કાઠીઆવાડ) મુલ્ય સવા રૂપીઓ ૧–૪–૦.

આજે કેટલાક ઇતિહાસ પ્રેમીઓ જગતશેઠને અંગ્રેજી રાજ્યના એક સ્થાપક તરીકે ઓળખાવે છે રા. સુશીલ પડકાર કરે છે કે ઇતિહાસકારોએ બંગાળના ગૌરવરૂપ એ મહાન પુરૂષને અન્યાય કર્યો છે, તે સંબંધી ઐતિહાસિક બાબતોની સંકલના કરી જગતશેઠના જીવન ઉપર ખુબ સર્ચલાઇટ મુકી છે.

**પંચ પ્રતિક્રમણ સૂત્ર**—જૈન સસ્તી વાંચનમાળા મુ. પાલીતાણા કાઠીઆવાડ. મુલ્ય બાર આના ૦–૧૨–૦ આમાં પંચ પ્રતિક્રમણ વિધિ સહિત આપવામાં આવેલ છે.

**પંચ પ્રતિક્રમણ સૂત્ર**—પ્રકાશક જૈન સસ્તી વાંચનમાળા મુ. પાલીતાણા કાઠીઆવાડ મુલ્ય આઠ આના ૦–૮–૦ આમાં મોટા અક્ષરો છે. અને વિધિવિધાન, પચ્ચખ્ખાણ, વગેરે વગેરે ઉપયોગી સંગ્રહ છે. તે સિવાય ઉપરોક્ત વાંચનમાળા તરફથી નીચેના પુસ્તકો પણ અવલોકનાર્થે મળ્યાં છે.

**શ્રી રત્નાકર પચ્ચીશી**—પદ્યાત્મક રહસ્ય અને ભાષાન્તર કર્તા માસ્તર શામજી હેમચંદ દેસાઇ બોટાદવાળા—કિંમત ત્રણ પૈસા ૦–૦–૯. શ્રી રત્નાકરસૂરિએ આત્મનિંદા ગર્ભિત ભગવાનની સ્તુતિ કરી છે આ કાવ્ય જૈન સમાજમાં ખુબ પ્રિય થઇ પડયું છે, તેનું પદ્યાત્મક ભાષાન્તર તથા અર્થ આપવામાં આવેલ છે. તે સિવાય પ્રભાવના કરવા લાયક પણ ન્હાના ટ્રેકટો મળ્યાં છે.

દેવસી રાઇ પ્રતિક્રમણ સૂત્ર. મૂલ્ય ત્રણ આના. આમાં સંક્ષિપ્ત ભાવાર્થ અને કેટલાક વધારા આપવામાં આવ્યા છે

**શ્રાવકના બાર વ્રતની ટીપ**—કિંમત ૦-૧-૦ એક આનો, સો નકલના રૂપીઆ પાંચ.

**મહાસતી ચંદનબાળા**—કિંમત દોઢ આનો, સો કોપીના આઠ રૂપીઆ.

**મહાસતી સુલસા**—કિંમત પોણો આનો, સો કોપીના ત્રણ રૂપીઆ.

**મહાસતી મૃગાવતી**—કિંમત પોણો આનો, સો કોપીના ત્રણ રૂપીઆ.

**મહાસતી રાજેમતી**—કિંમત પોણો આનો, સો કોપીના ત્રણ રૂપીઆ.

**મહાસતી સીતા**—કિંમત એક આનો, સો કોપીના પાંચ રૂપીઆ.

**માંગલીક ગીતો**—કિંમત બે આના, સો કોપીના દશ રૂપીઆ.

**સમાધિ વિચાર**—કિંમત દોઢ આનો, સો કોપીના આઠ રૂપીઆ.

**સ્નાત્ર પૂજા**—કિંમત અર્ધો આનો, સો કોપીના અઢી રૂપીઆ.

**ચૈત્યવંદન ગુરૂવંદન**—વિધિ સહિત કિંમત એક આનો, સો કોપીના પાંચ રૂપીઆ.

**શ્રી સ્થાપના અને વિધિયુક્ત સામાયિક સૂત્ર**—કિંમત લખી નથી.

**જિનેંદ્ર સ્તુતિ**—કિંમત સવા આનો સો કોપીના ૭ રૂપીઆ.

**શત્રુંજય તીર્થોધ્ધાર રાસ**—તથા નવાણું યાત્રાની વિધિ કિંમત બે આના સો કોપીના આઠ રૂપીઆ.

ઉપરોક્ત દરેક ટ્રેક્ટ જૈન સસ્તી વાંચનમાળા મુ. પાલીતાણા કાઠીયાવાડ એ સરનામે મળી શકશે.

**ભારતીય દર્શનોમાં જૈન દર્શનનું સ્થાન**—પ્રકાશક પોપટલાલ સાકરચંદ શાહ શ્રી જૈન વિદ્યાશાળા, મુ. ભાવનગર કાઠીઆવાડ લેખક શ્રી હરિસત્ય ભટ્ટાચાર્ય એમ. એ. બી. એલ.

શ્રીયુત હરિસત્ય ભટ્ટાચાર્યે ઇંગ્લીશમાં જૈનેતર વિદ્વાનની અભ્યાસક દ્રષ્ટીએ પ્રસ્તુત નિબંધ લખ્યો હતો. રા. સુશીલે તેનો આમાં અનુવાદ કરેલ છે. એકંદરે ષટ દર્શનમાં જૈન દર્શન સર્વ શ્રેષ્ટ બતાવવામાં આવેલ છે એક દ્રષ્ટિએ પ્રસ્તુત નિબંધ વાંચવા લાયક છે.

**ગાયન ગોષ્ટી**—લેખક ચંદ્રસેન જૈન વૈદ્ય. પ્રકાશક જૈન યુવક સંઘ મુ. ઇટાવા મૂલ્ય સપ્રેમ ગાયન. હીંદીમાં ગવાતાં નવા રાગોમાં આ ગાયનો બનાવવામાં આવ્યાં છે, એકંદરે ગાયનો ઠીક છે, હિંદી પ્રેમીઓ માટે ઉપયોગી છે.

**પ્રમાણ નય તત્વાલોક પ્રસ્તાવના**—લેખક અનેકાંતી મુનિશ્રી હિમાંશુ વિજયજી મહારાજ. પ્રકાશક શ્રી વિજય ધર્મસૂરિ ગ્રંથમાળા, દીપચંદજી બાંઠીઆ ઠે. નીમક મંડી. મુ. ઉજ્જૈન (માળવા) મુલ્ય ૦-૩-૦ પ્રમાણ નય તત્વાલોકની સાથે પ્રસ્તાવના માટે અમારો અભિપ્રાય પ્રસિધ્ધ થઇ ચૂકયો છે.

# ....અ....વ....ન....વા....

**આલમને ઓવારે—**

—વરોડાના તપસ્વી પૂ૦ બાપુજીએ તા. ૮મી મેથી ૨૧ દિવસના વિન શરતી અખંડ ઉપવાસ આદરવાનો નિર્ણય કર્યો છે. આ ઉપવાસ હરિજન વિષેના ધર્મ કાર્ય સાથે સંબંધ ધરાવે છે.

—મૌલાના શૌકતઅલી હિંદમાં આવ્યા. તેઓ દેશની શાન્તિ ને સુલેહ માટે પ્રયાસ કરવાની ઉમેદ રાખે છે. વાઇસરોય અને મહાત્માજીની મુલાકાત લેવા તેમનો ઇરાદો છે.

—શેઠ જમનાલાલજી નાદુરસ્ત તબીયતને લઇને હીમાલયના પ્રદેશમાં આલમોરા મુકામે માનસિક અને શારીરિક આરામ માટે ઉપડી ગયા છે.

—મુંબઇના શાહ સોદાગર ઝવેરીવાલા સર હુકમચંદ સ્વરૂપચંદે "સ્વાધીન ભારત" ના તંત્રીપર બદનક્ષી કરવાની ફરીયાદી નોંધાવી છે.

**સ્થાનિકઃ**—વ્યાપારી મંદીને કારણે પાંચ ગીરો બંધ પડી છે. (૧) હીરાબાગમાં જુકબેલરનો ધંધો કરનાર મારવાડી જૈન છગનમલ ગઇ તા. ૨૨-૪-૩૩ ના રોજ ગુમ થયા છે. પોલીસે આ સંબંધમાં કેટલીક ચમકાવનારી વિગતો બહાર પાડી છે. તપાસ ચાલુ છે. (૩) અમદાવાદ તરફની જમના નામની એક પરણેલી છોકરીને નસાડવા તથા રૂ. ૨૦૦) માં વેચી દેવાના કાવત્રા માટે રેવાશંકર નાથજી, ચંદુલાલ લાલચંદ અને વિશ્વનાથ પુંજીરામ પકડાયા છે.

**જામનગરઃ**—તા. ૨૦ મી ના સ્ટેટ ગેઝેટમાં જણાવ્યું છે કે આ ઉપરથી જાહેર કરવામાં આવે છે, કે કામ માટે અગર મળવા માટે તમામ વીઝિટરોની મુલાકાત દરરોજ સવારના ૯ થી ૧૨ અને બપોરના ૨ થી ૪ સુધીમાં રવિવાર અને જાહેર તહેવાર સહિત તમામ દિવસે શ્રી હજુર સાહેબ બહાદુર પોતે બીરાજતા હશે ત્યારે લેશે.

**આમંત્રા (ચીખલી)**:—ગામમાં ધર્મશાળા, લાઇબ્રેરી અને પરબ ખુલ્લી મુકવાનો મેળાવડો મામલતદાર મી. રાજે ના પ્રમુખપણા નીચે ઉજવાયો હતો. સ્વ. શેઠ ગોવિંદજી ખુશાલજીની ઇચ્છા મુજબ રા. રા. મગનલાલ દુર્લભજી શાહે ઉપરોક્ત સંસ્થાઓ જાહેર જનતા માટે બંધાવી છે. ઉપરાંત જાહેર રસ્તા ઉપર છાપરૂ બંધાવી ત્યાં પરબના નિભાવ માટે જમીન આપી સ્વ૦ શેઠે પોતાની ફરજ અદા કરી છે. રા. મગનલાલભાઇએ ચીખલી હાઇસ્કુલની બોર્ડીંગને જમીન લેવા માટે રૂ. ૫૦૧) અને વ્યાયામશાળાને રૂ. ૨૧) ભેટ આપવાનું જાહેર કર્યું હતું.

**પાટણઃ**—પાટણથી તા. ૩૦-૪-૩૩ ના રોજ પાટણ જૈન સંઘનું ડેપ્યુટેશન સિરોહી શ્રી. વિજયવલ્લભસૂરીશ્વરને આમંત્રણ આપવા ગયું હતું. તેઓ શ્રી જેઠ સુદ ૮ પહેલાં પાટણ પધારવા વકી છે. (૨) શ્રી કેશવલાલ મંગળચંદ શાહે જૈન યુવક સંઘ પાટણ તરફથી નીચેનો તાર શ્રી વડોદરા સ્ટેટ જૈન પ્રશ્ન-કમીટીને મોકલ્યો છે. "તમારૂં આમંત્રણ આજે મળ્યું. આર્બીટ્રેશન સામે સવાલો માટે તૈયાર છીએ તેનો (આર્બીટ્રેશનનો) ચુકાદો બન્નેને બંધનકર્તા છે. તારથી જવાબ આપો.

# हिन्दी विभाग.

## जैनधर्म का ऐतिहासिक गौरव

—बाबु सुगनचंदजी लुणावत.

[ बाबु सुगनचंदजी लुणावतने अखिल भारतवर्षीय स्था. जैन नवयुवक परिषद के प्रथम अधिवेशनके स्वागताध्यक्ष के स्थानसे जो स्पीच दीथी उसका कुछ भाग अपनी समाजको उपयोगी होनेसे उध्धृत किया है. —तंत्री हिंदी विभाग]

सज्जनों, हमारे जैनधर्म की उत्पत्ति और इसका इतिहास जैन समाज ही के लिए नहीं वरन् मनुष्य-जाति के लिए आशीर्वाद रूप है। विश्व-बन्धुत्व और अहिंसा के जिस महान् ध्येय को लेकर इस विश्व-व्यापी धर्म की सृष्टि हुई है, वह ध्येय इतना ऊँचा और इतना पवित्र है कि ज्यों-ज्यों संसार आगे बढता जायगा और वैज्ञानिक खोज ज्यों-ज्यों तरक्की करती जायगी त्यों-त्यों इस ध्येय की महत्ता का संसार स्वागत करता चला जायगा। संसार के सब से बडे महापुरुष ने आज जिस मार्ग से सारे संसारको आश्चर्य चकित कर रक्खा है, मुझे कहने दीजिये, कि वह मार्ग आज से ढाई हजार वर्ष पूर्व हमारे परमपूज्य तीर्थंकर भगवान महावीर ने निश्चित किया था। भगवान महावीर के जीवन और उनके सिद्धान्तों में जैनधर्म की विशालता का बीज छिपा हुआ है, मगर ऐसे विश्व-व्यापी और विशाल धर्म की आज क्या स्थिति हो रही है। संसार की आंखों के सामने आज हम ग्यारह लाख जैनियों की क्या स्थिति है यह बात वर्णन करते हुए भी हमारा हृदय द्रवीभूत हो जाता है। आज हमारो जगत प्रसिद्ध वीर अहिंसा में से कायरता का जन्म होता है और हम लोग कायर जाति के नाम से मशहूर हो रहे हैं। धर्म के विशाल और विश्व-व्यापी सिद्धान्तों को एक ओर रख कर हम लोग छोटी २ बातों और छोटे २ मतभेदों के पीछे अज्ञानियों की तरह लडते हुए अपने संगठन और शक्तियों को नष्ट कर रहे हैं।

सज्जनों! अगर यही स्थिति रही तो आप स्वयं सोच सकते हैं कि उन्नति की इस घुडदौड में हम कहाँ तक अपने अस्तित्व की रक्षा कर सकेंगे। मेरा ख्याल है कि केवल इतिहास के पृष्ठों पर ही हमारा नाम शेष रह जायगा। अत एव यदि जीवित जातियों में हमें अपनी गणना करवाना है, यदि इतिहास के पृष्ठों पर हमारे पूर्वजों के गौरव के साथ २ हमें अपना नाम अंकित करवाना है, यदि संसार के अन्दर सच्चे जैनी बनकर रहना है तो सज्जनों, अब उस पुरानी लकीर को पीटने से काम नहीं चल सकता। संसार में होने वाले परिवर्तनों के साथ २ हमें भी हमारी कार्य-पद्धति (Constitution) के प्रवाह को परिवर्तन करना पडेगा।

### नवयुवक शक्ति को जागृत करने की आवश्यकता

इन परिवर्तनों में हमें सबसे पहले इस बात की जरूरत है कि हम लोग हमारे समाज की नवयुवक शक्ति को संगठित और जागृत करें। संसार के इतिहास में नवयुवक शक्ति ने जो महान कार्य सम्पन्न किये हैं वे इतिहास के पृष्ठों पर स्वर्णाक्षरों में अङ्कित हैं। मगर आज हमारे देश के नवयुवकों का क्या हाल है? चारित्र-बल और संगठनबल के अभाव की वजह से उनके मुख-मण्डल तेजोविहीन हो रहे हैं। उनकी शक्तियाँ जीर्ण हो रही हैं और जो चाहते हैं उनको करने में वे अपने आपको असमर्थ पाते हैं। ऐसी स्थिति में हमारे लिए सब से बडी आवश्यकता इस बात की है कि हमारे जैन नवयुवकों का एक मजबूत संगठन हो जो हमारे नवयुवकों को चरित्र-बल के उच्च आदर्श पर पहुँचाने में सहायक हों। जबतक हमारे नवयुवकों का चरित्र-बल एक उच्च आदर्श पर नहीं पहुँचेगा, तबतक किसी भी प्रकारके सुधार की आशा करना व्यर्थ है। इसलिए एक अखिल भारतवर्षीय जैन नवयुवक-संघ की स्थापना होना आवश्यकीय है। इसके कम से कम ५०००) नवयुवक सदस्य हों ऐसे जो संघ के एक इशारे पर जहाँ चाहे वहाँ पर एकत्रित हो सके। अगर इतना बडा संगठन हमारे जैन-नवयुवकों का होजाय तो समाज के अन्दर बहुत शीघ्र सुधार की धारा प्रवाहित हो सकती है।

આ પત્ર મનસુખલાલ હીરાલાલ લાલને જૈન ભાસ્કરોદય પ્રિન્ટીંગ પ્રેસ, ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩ માં છાપ્યું છે. અને ગોકળદાસ મગનલાલ શાહે 'જૈન યુવક સંઘ' માટે ૨૬-૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩, માંથી પ્રગટ કર્યું છે.

યુવક સંગઠ્ઠન.

Reg. No. B. 2917.
છુટક નકલ ૧ આનો.

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રીય સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

| | | |
|---|---|---|
| તંત્રીઃ રતિલાલ ચીમનલાલ કોઠારી. | શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર. | વર્ષ ૨ જું, અંક ૨૮ મો. |
| મદદનીશ તંત્રીઃ કેશવલાલ મંગળચંદ શાહ | વાર્ષિક લવાજમ રૂા. ૨-૮-૦ | શનીવાર, તા૦ ૧૩-૫-૩૩. |

## મહાવીર અને બુદ્ધનો પુરોગામી યુગયુગના અંતરો કાપી સમસ્ત વિશ્વના અનિષ્ટ તત્વો સામે જેહાદ જગાડી રહ્યો છે.

કોઇ મહાન જ્વાળામુખી ફાટી નીકળે અને ઉલ્કાપાત મચે તેમ આજે સમસ્ત વિશ્વમાં ઉલ્કાપાત મચી રહ્યો છે. જગતના તમામ બહાદુરોએ એ ઉલ્કાપાતને ખાળવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તેનું પરિણામ નિષ્ફળતામાં સાંપડયું છે. ગીતાજીમાં શ્રીકૃષ્ણે કહ્યું છે કે "જ્યારે જ્યારે ધર્મની પડતી થાય છે ત્યારે જગતના અનિષ્ટ તત્વોનો નાશ કરવા માટે મારો જન્મ થાય છે." એ સનાતન વાણી આજના વાતાવરણમાં ઉંડા ઉતરતાં સત્ય નિવડતી હોય તેમ જણાય છે. હરિજનોદ્ધારની પવિત્ર પ્રવૃત્તિમાં અનિષ્ટ તત્વોએ સામ્રાજ્ય જમાવ્યું ત્યારે જગતની મહાન વિભૂતિ, સાબરમતિના સંત અને યરોડાના યોગીશ્વરે તેની સામે આધ્યાત્મિક શસ્ત્રોને સજ્જ કરી ૨૧ દિવસના ઉપવાસની ઉદ્દઘોષણા એક ખુશનુમા સવારે જાહેર કરી જેહાદ જગાડી. ન કલ્પી શકાય ન વિચારી શકાય એવી એ વ્યૂહ રચના સાંભળી ઘડીભર જગત્ આશ્ચર્ય અને ઉદ્વેગના શોકસાગરમાં ડુબી જાય છે. અનેક માંધાતા સમા મહાપુરૂષો એ જગત્ વંદ્યને તેના નિશ્ચયથી ડોલાવવા યરોડા તરફ દોટ મુકે છે. છતાં એ પુરૂષોત્તમ અણનમ રહે છે, અને વદે છે કે "જ્યાં સુધી એ કરોડો માનવીઓના મનુષ્યત્વની પીછાણ કરવામાં ન આવે ત્યાં સુધી આર્યાવર્તની ઉન્નતિ નથી. હિન્દુ ધર્મનો જય નથી. હિન્દુ ધર્મમાં મારે રહેવુંજ હોય તો તેમાં બાઝી ગયેલા અનિષ્ટ તત્વોના થરોને દૂર કર્યેજ છૂટકો છે. તે માટે રાજકીય સત્તા કે કરોડો રૂપીઆના અસ્પૃશ્યોદ્ધાર માટેના ફંડો જોઇતું કામ નહિ આપે પરંતુ હૃદયપલટાની જરૂર છે, અને એ પલટો આધ્યાત્મિક શસ્ત્રોથીજ શક્ય છે જ્યાંસુધી હૃદયમાં મલીનતાભરી હોય ત્યાં સુધી કોઇ પણ પ્રવૃત્તિને સાચો વેગ મળી શકે નહિ. એ મલિનતાને દૂર કરવામાં ઉપવાસ રામબાણ ઇલાજ છે. હિન્દુ ધર્મમાં ઉપવાસનું મહાત્મ્ય ડગલે અને પગલે નજરે પડે છે. મારા ઉપવાસથી કોઈ એમ ન સમજે કે કોઇ વ્યકિતને ઉદ્દેશી હું આ પ્રાયશ્ચિત કરી રહ્યો છું, કે કોઈને દબાવવાનો આમાં લેશ માત્ર પણ આશય છે. પણ હિન્દુ ધર્મમાં ઘુસી ગયેલા અનિષ્ટ તત્વોને દૂર કરવા માટેનો આ ઉપવાસની પાછળ આશય રહેલો છે. મારી સાથે કોઇ પણ વ્યકિત ઉપવાસ ન કરે, કારણકે ઉપવાસ કરવામાં મન, વચન અને કાયા ઉપર કાબુ રાખવાનો ખુબ અભ્યાસ કેળવવો જોઇએ છે. જેણે એ અભ્યાસ કેળવ્યો હોય તે ભલે ઉપવાસ કરે. પરંતુ અભ્યાસ વગરના મનુષ્યો એ રસ્તે જાય તેમાં હું સલામતી માનતો નથી."

બુદ્ધ અને મહાવીરના જીવનની સ્પર્ધા કરનાર એ પુરૂષોત્તમના ઉપવાસનો આજે છઠ્ઠો દિવસ છે. તેમની અખંડ જ્યોતના કિરણો સમસ્ત આર્યાવર્તના ખૂણે ખૂણામાં પ્રસરી ગયાં છે. અસ્પૃશ્યતાના મહાન દૈત્યનો એ કિરણોથી નાશ થઈ રહ્યો છે.

વાંચક! ત્હારા શરીરના કોઈ પણ અણુમાં આ દૈત્ય ન ઘુસી જાય તે માટે તકેદારી રાખજે. હૃદયમાં એ દૈત્ય હોય તો તેને સત્વર હડસેલી દેજે. તેમાંજ તારી અને જગતની સલામતી છે "અસ્પૃશ્યતાના દૈત્યનો નાશ થાવ! મહાત્માજી ઘણું જીવો!"

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

(આચારાંગ સૂત્ર.)


# પ્રબુદ્ધ જૈન.

શનીવાર, તા૦ ૧૩-૫-૩૩.


## યુવક સંગઠ્ઠન.

આપણા જૈન સમાજની આર્થિક, સામાજિક અને ધાર્મિક સ્થિતિ જોતાં સમાજની સ્થિતિ જોખમાઇ રહી છે, એમ કબુલ કરવું પડશે. પૃથ્વીના પટપર સવાસો વર્ષ પહેલાં જે માનવ વસ્તી હતી તેમાં સારો વધારો થવાથી આજે તે એક અબજ ને સીત્તેર કરોડની સંખ્યા સુધી પહોંચી ગઇ છે. એટલે છેલ્લાં સો-સવાસો વર્ષમાં દુનિયાની વસ્તીમાં ઘણો મોટો વધારો થયો. ત્યારે આપણા સમાજની વસ્તી અડધાથી પણ ઓછી થઇ. એજ પ્રમાણે ચાલુ ઘટાડો કાયમ રહે તો સો વર્ષ બાદ જૈન સમાજ હસ્તીમાં રહેશે કે નહિ એ સમજી શકાય તેમ છે.

આ ભયંકર સ્થિતિની ચિકિત્સા કરશું તો દશા વિશાના, ઓશવાળ શ્રીમાળીના, ખરતર તપા, આદિના ઉચ્ચ નીચના ભેદ, સ્ત્રીઓનો નીચો દરજ્જો, વિધવાઓની ભયંકર સ્થિતિ, બાળ લગ્ન, કેળવણીનો અભાવ, રૂઢીના બંધનો, સાંઠ ઉજમણાં ને જમણો પાછળ ધર્મના નામે લાખોનો ધુમાડો, ધર્મના ઠેકેદારો તરીકે સાધુઓની સત્તા, આ સ્થિતિમાં સમાજ રૂપી શરીર, કલેવર બનીને ઘસડાઇ રહ્યું છે. ત્યાં તો ડાઝ્યા ઉપર ડામની પેઠે આસ્તિક નાસ્તિકનો પ્રશ્ન ઉભો કરીને, તેમ અયોગ્ય દીક્ષા પાછળ પાગલ બનીને રામવિજયો ને સાગરાનંદો સમાજના નબળા શરીરને ફટકા ઉપર ફટકા લગાવી રહ્યા છે. એટલે ઠેર ઠેર ક્લેશની હોળીઓ સળગાવી, અંદર અંદર કુસંપના બીજ વાવી રહ્યા છે, અને તેને ઝેરના સીંચન સીંચી રહ્યાં છે. તેમ રૂઢીચુસ્ત બબુચકો સમાજની નાડ તપાસ્યા સિવાય ઝેરી વૃક્ષના ક્યારાનું રક્ષણ કરવા કુહાડીના હાથા બની સમાજ રૂપી વૃક્ષને કાપી રહ્યા છે.

આ ભયંકર પરિસ્થિતિમાંથી સમાજને બચાવવા એટલે સમાજ પરિવર્તન કરવા એક યુવાન ગમે તેટલો પ્રમાણિક પ્રયાસ કરે, છતાં પણ બળ સિવાય તે ફાવી શકતો નથી. સમાજ પરિવર્તન કરી શકતો નથી. સાચું પરિવર્તન-સુધારો કે ઉત્ક્રાંત ત્યારે થાય છે, જ્યારે સારીયે સમાજના યુવાનો એના પ્રમાદને ખંખેરી નાખી ઉભા થઇ જાય. જ્યાં યુવકસંઘો હોય તેને જાગ્રત કરે; ન હોય ત્યાં નવા સ્થાપે અને સાથે રહી સમાજ પ્રગતિના કામ આદરે

યુવાનની પરીક્ષા ઉંમર ઉપર નથી, પણ જેની નાડીઓનાં લોહી ઠંડા નથી પડી ગયાં, જેનામાં સાહસીક કાર્યો કરવાની તાલાવેલી છે. જેનામાં પ્રગતિકારી કાર્યો કરી મરી ફીટવાની તમન્ના છે, જેઓ સમાજના હિત ખાતર કોપીન પહેરવા નથી ડરતા અને જેઓ સાહસના જંગમાં શરીરની પેઠે ઝુકાવે છે, તેજ સાચો યુવાન. તેવા સાચા યુવાનો જ્યાં હોય ત્યાં યુવક સંગઠ્ઠન માટે કમર કસે અને કામે લાગી જાય.

સમાજ પ્રગતિના અંગે યુવકોનાં સંગઠ્ઠન કરવા, ભાવનગરના યુવાનોએ દશકા પહેલાં એક યુવક પરિષદ ભરેલી. ત્યાર પછી તો સમાજ ઉપર અનેક પ્રકારની આફતોના ઓળા ઉતર્યા; યુવાનોમાં કંઇક જાગૃતિ આવી, સત્ય જાહેરનાં હથિયાર છુટાં બન્યાં; ધર્મના ઠેકેદારોની લીલાઓ ખુલ્લી થવા માંડી, તેમની સત્તા તુટવાનાં વાગતાં તુતીઓથી તે બેબાકળા બની જેમ આવે તેમ વાણી વિલાસ સેવવા માંડયા; છતાં છુટી છવાઇ યુવક પ્રવૃત્તિ તો ચાલુજ રહી. એ છુટી છવાઇ પ્રવૃત્તિને સમૂહના રૂપમાં ફેરવવાની જરૂર છે. અને જ્યારે સમૂહના રૂપમાં એટલે યુવક સંગઠ્ઠનમાંથી પ્રગતિની જ્યોત પ્રગટશે, ત્યારે તેને બુઝાવવાની પેરવી કરનારા સમાજ શત્રુઓને પાછા હઠી જવું પડશે. અથવા સમાજ સાથે સહકારનો હાથ લંબાવવો પડશે.

આ પ્રગટેલી જ્યોતને સાચવવી છે? એનામાં વધુ જોમ પુરવું છે? તો કોઇ પણ મધ્યસ્થ સ્થળે અખીલ ભારતના શ્વેતાંબર મૂર્તિપૂજક યુવકો અને યુવતીઓની પરિષદ્ ભરો. અને યુવક પરિષદ્‌ને શોભે તેવા રચનાત્મક કાર્યક્રમ ઘડો. ઠરાવોની હારમાળાનો ઢાયડો બનાવી પરિષદ્‌ની કોટમાં પહેરાવવાની લાલચમાં ન ઉતરતાં, યુવક આલમને શોભાસ્પદ ઠરાવો કરી સમાજનું ઝોકા ખાતું સુકાન હાથમાં લ્યો

યુવક આલમ, યુવક સંઘો અને મંડળો અસ્તિત્વમાં આવ્યા છે; છતાં સંગઠ્ઠનના અભાવે આપણી પ્રવૃત્તિઓ એકધારી ચાલી શકતી નથી. આજે સમાજમાં ઘણા પ્રશ્નો અણઉકેલ પડ્યા છે, જેને આપણે ઉકેલી શકવાની શક્તિ ધરાવીએ છીએ. પરંતુ સંગઠ્ઠનના અભાવેજ ઉકેલી શકતા નથી. તેમ સુધારકોમાં ખપતા અને યુવાનોમાં ગણાતા કોઇ યુવાનો સંઘો પાછળ હજારો ખર્ચીને ઠીક ભૂલ કરે છે. આપણી આર્થિક સ્થિતિ જોતાં ધર્મના નામે ધતીંગો ચાલી રહ્યાં છે. તેના ઓઠા નીચે ભોળી જનતામાં મોક્ષ નજીક આવવાની ડાંભીક વાતો કરીને સ્વાર્થીઓ સ્વાર્થ સાધી રહ્યા છે. એમ લોકો સમજવા લાગ્યા છે, છતાં તેના માનસને જુદી દિશા તરફ ઘસડી જવા તેના ઉપાસકો અનેક તરકીબો ઉભી કરે છે અને જેઓ કેળવણીમાં પછાત છે તેવો અણસમજુ વર્ગ ખરા નેતૃત્વના અભાવે દિશા ભૂલ કરે તે બનવા જોગ છે. આથી યુવાનોએ સંગઠ્ઠન કરવા એકત્ર થઇ નેતૃત્વ લેવાની જરૂર છે.

સમાજની વિષમ પરિસ્થિતિ જોતાં સાચા યુવાનનું લોહી ઉકળી આવવું જોઇએ. તેનામાં યુવાની હોય, સેવાની ધગશ હોય, રગેરગમાં બલિદાનનું રક્ત વહેતું હોય તો, તેને યુવક પ્રવૃત્તિ આગળ ધપાવવા યુવક સંગઠ્ઠનની સિદ્ધિ પાછળ દિવાના બનવું જોઇએ. ભલે રૂઢીના ગુલામો દિવાના કહે; પણ એ દિવાનીમાંજ સમાજની ઉન્નતિ છે.

---

**ખુશ ખબર:**-જગદ્‌વંદ્ય મહાત્માજીને સરકાર તરફથી તા. ૮-૫-૩૩ ના રાતના નવ વાગે છોડી મુકવામાં આવ્યા છે. મહાત્માજી લેડી ઠાકરસીને ત્યાં રહ્યા છે, અને સરોજીની નાયડુની પ્રેમાળ દેખરેખ નીચે ૨૧ ઉપવાસ પુરા કરશે. તા ૮-૫-૩૩ ના બપોર પછી આ ઉપવાસ શરૂ થયા છે. અને તે તા. ૨૯-૫-૩૩ સુધી ચાલશે.

# નોંધ.

## ઘરમેળે સમાધાનઃ—

જ્યારે સંન્યસ્ત દીક્ષા એક્ટ વડોદરાની ધારાસભાની એરણપર આવવાના કલાકો ગણાઇ રહ્યા છે, ત્યારે શાસન પક્ષ (!) તરફથી અનેક પ્રકારના તરકટો, પ્રપંચો અને માયાવી જાળ પાથરવા માટેના પ્રયત્નો થઇ રહ્યા છે. એક બાજુથી સ્થળે સ્થળે માણસો મોકલી, એક કે બે ઘર હોય તેવા ગામોના સંઘોના નામોથી દીક્ષા એક્ટની વિરૂદ્ધ ન્યાયમંત્રી ઉપર તારો કરવામાં આવે છે, ત્યારે બીજી બાજુથી એમ પણ દર્શાવવામાં આવે છે કે અમે ઘરમેળે સમાધાન કરવા પણ ઉત્સુક છીએ. આમ જાણી જોઇને લોકોને અવળે રસ્તે દોરવાનો પ્રયત્ન કરવામાં આવે છે અને ધારાસભાના સભ્યો ભ્રમણામાં પડે તેમ વડોદરા સ્ટેટ આખાના જૈનોનો કેમ જાણે વિરોધ ન હોય તેમ સંખ્યાબંધ ગામોના નામોની હારમાળા વીરશાસનમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ ગામોનો સાચો વિરોધ છે કે તેના નામે હંબક ચલાવવામાં આવ્યું છે, તે તો કોઇ માણસ તપાસ કરે ત્યારેજ સાચી બીના જણાય. પણ એ બાબત તો નિશ્ચિત છે કે વડોદરા સ્ટેટના જૈનોનો અભિપ્રાય માંગવામાં આવે તો ઘણો મોટો ભાગ દીક્ષા એક્ટ તરફ પોતાની સંમતિ આપશે, એ બાબત નિર્વિવાદ છે.

આમ એક બાજુ વિરોધાભાસ ઉભો કરવામાં આવે છે, ત્યારે બીજી બાજુ ધારાસભાના સભ્યોનું લક્ષ્ય દોરવા એમ પણ દર્શાવવામાં આવે છે કે દીક્ષા એ અમારો ખાનગી પ્રશ્ન છે. તેને અમે ઘરમેળે ઉકેલવા માંગીએ છીએ. અમે તે સંબંધી સમાધાન કરવાના પ્રયત્ન કરીએ છીએ. પણ આ બીના તદ્દન તરકટી અને અવળે રસ્તે દોરવનારી છે. એમ અમે સાફ શબ્દોમાં લાગતા વળગતાને ચેતવણી આપીએ છીએ. કોઇ સરકાર પ્રજાના હિતને ખાતર ગુંડા એક્ટ ધારાપોથીમાં દાખલ કરતી હોય અને પછી ગુંડાઓ કહે કે અમે પ્રજા જોડે ઘરમેળે સમાધાન કરવા માંગીએ છીએ, એવી આ વાત છે. કોઇ પણ સરકાર ગુંડાઓની આ ચાલબાજી નહિ ચલાવી લે. તેમ જૈન સમાજમાં દીક્ષા, દીક્ષા ને દીક્ષાની ધૂનમાં મસ્ત બનેલા ગમે તે પ્રકારે બાળકોને લલચાવી, ફોસલાવી, વિકલ લઇ અયોગ્ય રીતે દીક્ષા આપનારા ગુંડાઓ ધર્મની આડ ધરી સમાજના ધર્માંધ વિભાગનો સાથ શોધી દીક્ષા એક્ટ રદ કરવાની માંગણી કરે એ કોઇ પણ શાણી સરકાર ન સ્વીકારે એ દીવા જેવું છે. અમને એ ખાત્રી છે કે; નામદાર શ્રીમંત સરકાર અને ધારાસભાના સભ્યો અમુક વ્યક્તિઓના વિરોધાભાસને વશ ન થતાં પોતાની પ્રજા પ્રત્યેની ફરજ બજાવશે અને ધાર્મિક ગુંડાઓથી ત્રાસેલી પ્રજાને શાંતિ આપશે.

તે સિવાય પોરવાડ મહાસંમેલનના પ્રમુખ કે જેઓ યુવકસંઘના કાર્યકર્તાઓમાં એક અગ્રગણ્ય વ્યક્તિ છે, તેમના મહા સંમેલનના પ્રમુખ તરીકેના વક્તવ્યમાંથી અમુકજ બાબત ગ્રહણ કરી સમાજને ઉંધે રસ્તે દોરવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે; કારણ કે એ મહા પ્રમુખના બીજા બધા વિચારોને બાજુએ મૂકી તેમણે દીક્ષાના તેમના મંતવ્યને રજુ કર્યું છે. તેનો અર્થ પણ ખુબ અવળો કરવામાં આવેલ છે.

**શ્રીયુત હર્ષીચંદભાઇ કહે છે કેઃ—**

"આપણા સ્વધર્મી બંધુઓની આજે માનસિક પરિસ્થિતિ કેવા પ્રકારની બંધાઇ છે, તેનું ચિત્ર દૃષ્ટિ સમક્ષ ખડું થાય છે. મુખ્યતઃ દીક્ષા પ્રકરણની કેટલીક ગેરસમજના પરિણામે આપણા બંધુઓ બે પક્ષમાં વ્હેંચાઇ જાય એ અપાર કમનશીબીની બીના છે, આવી બાબતમાં મમત્વ કે દુરાગ્રહને સ્થાનજ ન હોઇ શકે. એ આપણો ખાનગી પ્રશ્ન છે, અને તે ઘરમેળેજ ઉકેલવો જોઇએ. શુધ્ધ હૃદયથી નિખાલસ દિલથી અને પારમાર્થિક દૃષ્ટિથી એકત્ર બની તેનો નિકાલ લાવવો ઇષ્ટ છે. જેથી ભગવતી દીક્ષા જગતની સન્મુખ સંપૂર્ણ ઉજ્વળ સ્વરૂપમાં પ્રકાશી શકે."

ઉપરોક્ત શબ્દોને આગળ કરી એ લોકો કહે છે કે દીક્ષા જેવા પ્રશ્નમાં રાજ્યની દખલગીરી ન વ્હોરવી જોઇએ. પરંતુ આમાં જરા ઉંડા ઉતરતાં જણાશે કે એ તદ્દન ભ્રમણાજ છે; કારણ કે, આપણે એમ માની લઇએ કે દીક્ષાના પ્રશ્ન માટે સમજુતી ઉપર આવ્યા, પરંતુ સમજુતીનો અમલ કરાવવા આપણી પાસે કોઇ સત્તા છે કે એ ધાર્મિક ગુંડાઓ ઉપર આપણે અંકુશ રાખી શકીશું? સંઘ સત્તા આજે નામશેષ થઇ ગઇ છે, બંધારણ તુટી પડયું છે, સૌ કોઇ સ્વતંત્ર છે, કોઇ કોઇને કહી શકે તેમ નથી. તેવી પરિસ્થિતિમાં સમજુતી શક્ય છે? પ્રમુખ શ્રી હર્ષીચંદભાઇ કહે છે કે, શુદ્ધ દિલથી, નિખાલસ હૃદયથી અને પારમાર્થિક દૃષ્ટિથી એકત્ર બની તેનો નિકાલ લાવવો ઘટે છે. પ્રમુખશ્રીના આ નિખાલસ શબ્દો સાફ સાફ જણાવે છે કે આજની દીક્ષા પાછળ શુદ્ધ હૃદય નથી, નિખાલસ દિલ નથી, તેમજ પારમાર્થિક દૃષ્ટિ પણ દેખાતી નથી. કેવળ સ્વાર્થ અને મમત્વ સિવાય કશું જણાતું નથી. શુદ્ધ દિલ, નિખાલસ વૃત્તિ અને પારમાર્થિક દૃષ્ટિથીજ જો કોઇ પણ કાર્ય કરવામાં આવતું હોત તો સમાજ અને શાસનની જે આજે અધોગતિ થઇ રહી છે તે ન થવા પામત. શાસન અને સમાજની આવી અધોગતિ કરનાર સ્વાર્થાંધ, મમતી, હઠાગ્રહીઓ અને ધર્માંધ ગુંડાઓ પાસે શુદ્ધ દિલ, નિખાલસ વૃત્તિ અને પારમાર્થિક દૃષ્ટિની આશાજ શીરીતે રખાય? તે સમજમાં આવતું નથી. આ લોકો જો શાસન માટેજ લડતા હોત તો શાસનમાં આજે બીજા અનેક સળગતા પ્રશ્નો છે. તેમાંથી એક દીક્ષાનોજ પ્રશ્ન તેમજ તેમને કેમ સાલછે તે કોઇ કહેશે?

સમાજના તીર્થ સ્થાનો લુંટાઇ રહ્યાં છે, સમાજમાં કેળવણી માટેનાં કોઇ જાતના સાચાં સાધનો નથી, બેકારી અને ઝગડાઓ તેને કોરીને ખાઇ રહ્યા છે, સમાજની હોડેક લાખ વિધવાઓ કે જેમાં બાલવિધવાનું પ્રમાણ વધારે છે તે નિકાલ માંગે છે; દેવદ્રવ્યનો પ્રશ્ન અટપટો બન્યો છે, ગુરૂમંદિરોનું પ્રમાણ વધતું ચાલ્યું છે, અનેક મંદિરો એવાં છે કે જ્યાં આર્થિક સ્થિતિના અભાવે આશાતના થઇ રહી છે, સાધુઓમાં તિવ્ર મતભેદ ફેલાઇ રહ્યો છે, સંઘનું બંધારણ શિથિલ બન્યું છે, નાતજાત અને કન્યા વિક્રયને પ્રતાપે સમાજની સ્થિતિ દિન પ્રતિદિન ઘસાતી ચાલી છે, આવી પરિસ્થિતિમાં કેવળ દીક્ષા પાછળજ બધી શક્તિઓને ખર્ચવાની તમન્ના પાછળ કોઇ મહા ભયાનક સ્વાર્થ રહેલો હોય તેમ માનવાને દરેક કારણ છે. આમ બધી પરિસ્થિતિનો વિચાર કરતાં જણાશે કે ઘરમેળે સમાધાન કરવાની વાતો તદ્દન તર્કટ છે. સમાધાન કોની જોડે? જ્યાં પ્રામાણિક મતભેદ હોય, શુભ વૃત્તિ હોય, અને શાસનોન્નતિ કરવાની દરેકને ધગશ હોય ત્યાંજ સમાધાન સંભવે. બાકી પ્રપંચ જાળ છે. કોઇ ભાઇ એ જાળમાં ન ફસે.

# વડોદરા સ્ટેટ ધારાસભાના સભાસદો જોગ—

**ભ્રમની જાળ**

સાચો ત્યાગ-સમજપૂર્વકનો ત્યાગ એ દીક્ષા છે. તેથી દીક્ષા પવિત્ર છે, તરણ તારણ છે. પરંતુ તેમાં કાવાદાવા ને લોભ લાલચનો ભેળ થયો, તેથી તેની સુધારણા અર્થે સાધુ સંસ્થાઓએ ઠરાવો કર્યાં. થોડોક વખત તે તરફ લક્ષ અપાયું. પરંતુ ચેલા ચેલકીના ભૂખ્યા ગુરૂઓએ તેની અવગણના કરી અને સગીરોને સંતાડવાના, જે આવ્યો તેને મૂંડી નાખવાના થોકબંધ કીસ્સા બનવા માંડયા. એટલે શ્રી સંઘોએ ઠરાવો કરવાની શરૂઆત કરી, ત્યાં અંદર અંદર સળગી મારી કલેશની હોળીઓ સળગાવી. તેનો પુરાવો કંઇ ખોળવા જવો પડે તેમ નથી પાટણ મોજુદ છે. એટલે આ વિષમ સ્થિતિમાં પ્રજાના હિત ખાતર રાજ્યે કાયદો ઘડવોજ જોઇએ. સતી થવાના રિવાજને ધર્મ માનવામાં આવતો હતો છતાં તેની અટકાયત કાયદાથીજ થઇ. ત્યારે દીક્ષાની અટકાયત નથી. પણ જે કાયદો તૈયાર થયો છે, તે તો સાચા ત્યાગીને ઉત્તેજન આપનારો છે, ભેખાગુઓ માટે ચોકસાઇ કરનારો છે. એટલે ધર્મમાં હાથ નાંખવાની જે દલીલ કરવામાં આવે છે તે તો ભ્રમ જાળ છે.

**ચોરી**—અમારા શાસ્ત્રોએ એટલે શાસ્ત્રકારોએ દીક્ષાની લાયકાત માટે કડક નિયમો બાંધ્યા છે. છતાં તેની ઉપરવટ થઇને તેનાજ હિમાયતીઓ સગીરોને સંતાડે છે, નસાડે છે, અને સાધારણ સ્થિતિના વાલીઓ સમજાવટમાં ઉતરે તો ખાનગીમાં પૈસાથી કબજે કરી છોકરા ખરીદે છે. જેઓ ન માને તેમના બાળકોને નસાડી ગુપ્ત સ્થાને મૂંડી નાંખે છે. છતાં તેના હિમાયતીઓ કહે છે કે તેવું કશું બનતુંજ નથી. આ જુદાજુદા પુરાવામાં સરૈયદ, આસુરમા, છાણી, ડભોઇ અને મહેસાણાના કીસ્સા કોર્ટના ચોપડે મોજુદ છે. બાકી ખાનગી તો અનેક કાવાદાવા સાધુ બનાવ્યાજ કરે છે, ને તેની નોંધ છાપાઓમાં આવ્યાજ કરે છે. એટલે તે ફૂપ ગમે તેટલું છુપાવવામાં આવે છતાં છુપાવી શકાય તેમ નથી. જે ઉમર લાયકને દીક્ષાઓ આપવામાં આવે છે તેનો મોટો ભાગ દેવાદાર, બેકાર, કુટુંબ નિર્વાહથી કંટાળેલો હોય છે. એટલે તેને આડું અવળું સમજાવી મૂંડી નાંખવામાં આવે છે. આથી સાચા ત્યાગીઓનું નહિ, પણ એદીઓનું ટોળું મોટું થવાથી અમારી સમાજમાં ભયંકર પરિણામો આવે છે. આપ સમજી શકશો કે દશ વર્ષ પહેલાં દીક્ષા લેનારાઓની જેટલી સંખ્યા હતી તેના કરતાં હાલમાં ઘણીજ વધારે થઇ ગઇ છે, જેઓ દીક્ષા લે છે, તેમાંથી અનેક દીક્ષા છોડીને પાછા ફરે છે. તેનું કારણ? આત્મકલ્યાણ કરતાં પેટ કલ્યાણ માટેજ દીક્ષા લેનારાઓનો મોટો ભાગ છે. એટલે થોડો વખત પાળીને નાશી છૂટે છે. આ વસ્તુ પણ તેના હિમાયતીઓ સમજે છે. છતાં જેઓને પોતાના ગુરૂઓની ભૂખ ભાગવા મહેનત કરવાની છે, તેઓ તેના ઉપર ઢાંકપીછોડો કરી લોકોને ધર્મનું નામ આગળ કરી ઉંધા રસ્તે દોરે છે.

વિરોધીઓ એટલે અયોગ્ય દીક્ષાના હિમાયતીઓ એમ કહે છે કે "સુધારકો સાધુ સંસ્થાને ઉતારી પાડવા ખોટો પ્રચાર કરે છે." આ તેમનું કહેવું તદ્દન ખોટું છે; કારણ કે, ભાગવતી દીક્ષા અને સાધુ સંસ્થા માટે અમને પૂરેપૂરું માન છે. તેમ સાચા ત્યાગીઓને અમારા શીર ઝૂકે છે. પરંતુ પંચમહાવ્રત ઉચરવા છતાં જેઓ તેને ઉંચા મુકી જેમ આવે તેમ સ્વચ્છંદતાથી વર્તે છે, તેમ જે આવ્યો તેને છાનેમાનો મૂંડી નાખવામાં ધર્મ સમજે છે તેનાં સુધારકો સુધારો ઇચ્છે છે, એટલે સાચા ત્યાગીઓની ઝંખના ઝંખે છે, અને કાજીની દોઢી જેવા મહાત્માઓની જરૂર સ્વીકારે છે—મઢીના પડ જોવાની નહિ.

વડોદરા રાજ્યની જૈન પ્રજાના આંકડા મુકી વિરોધીઓ જે જાળ બીછાવે છે, તેનો સાચો ઉકેલ આ પ્રમાણે છે.

વડોદરા રાજ્યના ત્રણ હજાર ગામમાં એકવીસ લાખ માણસની વસ્તી તેમાં તેતાલીસ હજાર જૈનો બાદ કરતાં બાકીના વીસ લાખને સત્તાવન હજારમાં કોઇનોએ વિરોધ નહિ પણ મૌન, એટલે નિબંધ તરફ સહાનુભુતિ સમજાય. હવે તેતાલીસ હજાર જૈનોમાં કોનો અને કેટલો વિરોધ છે તે જોઇએ.

જુનાનીઓ અને તપાસ કરવા નીમાયેલ કમીટી આગળ અયોગ્ય દીક્ષાના હિમાયતી પરદેશીઓનોજ વિરોધ હોવાથી તેજ બીરાદરોએ ગામડે ગામડે ફરી લોકોને ઉંધા ભણાવી તારો અને કાગળો મોકલાવેલાં તે ખાસ કમીટી આગળ ખુલ્લી થઇ જવાથી, આ વખતે વડોદરા રાજ્યની જૈન પ્રજાનો વિરોધ છે તેવો દેખાવ કરવા અયોગ્ય દીક્ષાના હિમાયતી પરદેશીઓએ પડદા પાછળ ઉભા [illegible] આવો? ને 'મંગળદાસની' વડોદરા રાજ્યની જૈન પ્રજા નામની એક કમીટી નીમી, ફારસ ભજવવાનો દાવ ખેલ્યો. તેમાં નાસીપાસ થતાં પગારદાર રોકીઆઓ રોકી વડોદરા રાજ્યના ગામડે ગામડે મોકલ્યા. પગારદારો તો ભણેલા પોપટની પેઠે જ્યાં ઉતરે ત્યાંથી તે ગામના નામનો તાર કે કાગળ ન્યાયમંત્રી ઉપર મોકલે. તે બિચારાઓને થોડીજ ખબર હોય છે કે આ ગામમાં જૈનોનું ઘર છે કે નહિ! જે આસરે પાંસઠ ગામનો આંકડો રજુ કરવામાં આવ્યો છે, તેનાં કોઇ ગામોમાં તો જૈનોનું ઘરજ નથી, ત્યારે કોઇ ગામમાં એક, બે કે પાંચ જૈન ઘરોની વસ્તી છે. તે પણ આડું અવળું સમજાવીને, અને ન સમજે તો તેમના નામના તાર કાગળ પાઠવીને આસરો પાંસઠનો આંકડો બતાવાય તો આ સિવાય જે શહેરોમાં જૈનોની મોટી વસ્તી છે, ત્યાં જૈનો તરફથી કે ચતુર્વિધ સંઘના નામે ઠરાવો મોકલાયા છે.

વડોદરા રાજ્યમાં, વડોદરા, પાટણ, નવસારી, અમરેલી સિદ્ધપુર, ડભોઇ પેટલાદ, વિસનગર વગેરે મોટા શહેરોમાં લગભગ પંદર હજાર જૈનોની વસ્તી. તેમાં ભાગ્યે ત્યારે એક આની ભાગ અયોગ્ય દીક્ષાનો હિમાયતી, એટલે તેનો પંદર આની ભાગ તો નિબંધની તરફેણમાંજ ગામડાઓમાં જે સેંકડો જૈનોની વસ્તીવાળા ગામો છે તે તરફેણમાં હોવાથી, ત્યાં ચાલબાજી ન ચાલી. એટલે જ્યાં એકથી પાંચ જૈન ઘરોની વસ્તી છે, તેવા ગામોના નામોનો દુરૂપયોગ કરવામાં પરદેશીઓ ફાવ્યા છે. છતાં આપણે એમ માની લઇએ કે તેઓએ વિરોધ કર્યો છે તો વડોદરા રાજ્યની એકવીસ લાખ માણસની વસ્તીમાં પંદર ટકા દેખાવ-ડેલો વર્ગ, એટલે શ્રાવણી સહીત ગામડાંઓની ભોળી જનતાને ધર્મના નામે ખોટી રીતે ભભેરવામાં આવી હોય છતાં તેની સંખ્યા મુકીએ તો બેથી ત્રણ હજાર ગણાય.

ચતુર્વિધ સંઘના નામે જે રમત રમાઇ છે, તે તો સાગરજીના કહેવા મુજબ એક શ્રાવક, એક શ્રાવિકા, એક સાધુ ને એક સાધ્વી એટલે ચતુર્વિધ સંઘ. આવા ચતુર્વિધ સંઘના નામને આગળ કરી, સગીરોને નસાડવામાં જેઓ પાવરધા છે, તેવા સાધુઓએ ઉપાશ્રયની ચાર દિવાલો વચમાં તેમના ભક્તોની હાજરીમાં ઠરાવ કરી મોકલાવેલા છે. એટલે તે ચતુર્વિધ સંઘ કેવડો છે તે સમજી શકો છો..

વડોદરા રાજ્યની જૈન સંસ્થાઓના નામે જે વિરોધ દેખાડવામાં આવે છે, તે જોશો તો સમજી શકશો કે તેમાંની બાર સંસ્થાઓ તો આશુરમા જેવા ગામડાની છે. બાકીની નરોડા, ધીંચ, સંખલપુર, પંચોર ને ચારંભડા જેવા ગામડાંઓની બાકી રહી, પાટણ, પેટલાદ, ઝાણી ને ડભોઇની સંસ્થાઓ. આ પ્રમાણે ત્રીસ સંસ્થાઓમાં સગીરોને ભણાવતી પાઠશાળાઓ, સંગીત મંડળીઓ, સાધુઓએજ ઉભી કરેલી સોસાયટીની શાખાઓ સિવાય કોઇપણ એવી સંસ્થા નથી કે જેના ઉપર વડોદરા રાજ્યની જૈન પ્રજાના પ્રતિનિધિ તરીકેનું વજન મૂકી શકાય એટલે તે પણ ખાલી દેખાવ પુરતીજ છે.

સાધુઓનો વિરોધ સમજી શકાય તેવો છે, કારણ કે તેઓમાં જેઓ અયોગ્ય દીક્ષાના હિમાયતી છે, તેઓને આ નિબંધ ખુંચે તેમ છે. કારણકે ચેલા, ચેલકીના મોહને ઠેકો પડે છે. એટલે તેઓ વિરોધ કરે તેમાં નવાઇ નથી. તેઓ ધર્મના રક્ષણ ખાતર વિરોધ કરે છે, એમ જે કહેવામાં આવે છે તે તો નર્યો દંભ છે. તેઓના આગેવાન શ્રી સાગરાનંદજી તો ત્યાં સુધી કહે છે કે [illegible] ગમે તે કરવું પડે તો પણ પાપ નથી, અને તેઓ બરાબર અમલમાં મુકે છે. તેના દાખલા તરીકે વડોદરા ન્યાયમંત્રી સાથે વાતચીત કરતાં તેઓએ જણાવેલ કે "મેં દીક્ષા લીધી ત્યારે વાલીઓએ કબજે લેવા કોર્ટનો આશ્રરો લીધેલો છતાં નાસીપાસ થયેલા." પંચ મહાવ્રતધારી આવું જુઠું નજ ચલાવે. પરંતુ તેમના સિધ્ધાન્ત પ્રમાણે હાંકે રાખે એ બનવા જોગ છે. બાકી સાચી વાત તો એવી છે કે હાલના સિધ્ધસૂરિએ તેમને સગીરપણામાં દીક્ષા આપેલી, તેનો વાલીઓએ કોર્ટથી કબજો લીધેલો. એથી સાગરજી વરસ દોઢ વરસ સંસારના સુખ ભોગવી બીજી વાર જવેરસાગર પાસે દીક્ષા લીધેલી, છતાં સત્યને છોડી દઇ કેટલી અસત્ય વાત થાય છે. આ તો ચાલુ-ચર્ચાનું વાત છે. બાકી સગીરોને મુંડી નાખવામાં સાગરજી પ્રખ્યાત છે. એટલે તેઓ અને તેમના ચીલે ચાલનારા સુધારાણુ ન કરે તો તેમના હાલના ધંધાને ધોકો પહોંચે.

જેઓ વડોદરા રાજ્યની પ્રજા નથી—પરદેશીઓ છે, તેઓનો વિરોધ પણ નકામો છે. કારણકે વડોદરા રાજ્ય જે કાયદો ઘડે છે તે તેની પ્રજાને લાગુ પડવાનો છે, નહિ કે અન્ય પ્રજાને. છતાં દેખાવ કરવા ખાતર અયોગ્ય દીક્ષાના હિમાયતીઓની ભોરલી પર નાચતા માનવીઓ મોરાં બની શોરબકોર કરે છે. ભલે પછી બુદ્ધિનું પ્રદર્શન ભરાય.

હવે આ નિબંધની તરફેણનો વિચાર કરશો તો વડોદરા રાજ્યની એકવીસ લાખ પ્રજામાંથી ત્રણ-ચાર હજાર માણસો સિવાય સારીયે પ્રજા તેની તરફેણમાં છે. જેઓ વિરોધ કરે છે તે ત્રણ ગાંડા અયોગ્ય દીક્ષાના હિમાયતી જૈનોજ છે.

( અનુસંધાન પૃ. ૨૨૭ ઉપર જુઓ. )

# 'ધર્મપ્રિય'ને પડકાર !

## 'જૈન જગત'ના હેડીંગ નીચે લોકોને ઉંધે રસ્તે દોરવવાની બાજી.

હમણાં કેટલાક સમયથી મુંબઇ સમાચારમાં 'ધર્મપ્રિય'ના તખલ્લુસથી જૈન જગત લખનાર કોઇ ભાઇ પડદામાં રહી કેટલીક ગેરસમજ ફેલાવે છે. જો કે આનો જવાબ દેવો બીનજરૂરી છે. છતાં પણ જનતા ઉંધે માર્ગે ન દોરવાઇ જાય તે માટે કંઇક લખવું આવશ્યક સમજું છું. ભાઇ ધર્મપ્રિયે મુંબઇ સમાચાર તા. ૪-૫-૩૩ ના અંકમાં જૈન જગતના હેડીંગ નીચે સમાજમાં થએલાં સંમેલનોની તેમની દૃષ્ટિએ સમાલોચના કરી છે. તેમાં કેટલીક એવી અસત્ય અને અર્ધ સત્ય બીના રજુ કરી છે કે જૈન નામ ધરાવતો કોઇપણ શખ્સ એવું ન લખે. તેમાં આજના યુવાનો માટે ભાઇ ધર્મપ્રિય લખે છે કે "આજે સામાન્ય રીતે આપણા યુવાનોમાંથી કેટલાકોની મનોદશા બહુ વિચિત્ર પ્રકારની બની ગઇ છે. સંમેલન શબ્દ આવ્યો કે તેમાં તેઓ તરતજ વિધવા વિવાહ, દેવદ્રવ્ય ભક્ષણ, દીક્ષા વિરોધ, એવા ઠરાવો ખેંચી લાવે છે, અને તે એક યા બીજી રીતે પસાર કરાવે છે. આવા ઠરાવો પસાર થાય છે ત્યારેજ તેમને પરિષદ્ ભર્યાનો સાચો સંતોષ વળે છે."

ભાઇ ધર્મપ્રિયનો આ આક્ષેપ તદ્દન નિરર્થક છે. કોઇ પણ યુવક પરિષદે વિધવા વિવાહનો ઠરાવ પસાર કર્યો નથી. આજે સમાજમાં વિધવાનો પ્રશ્ન સળગતો બન્યો છે. લગભગ અગ્યાર લાખ જૈનોની વસ્તીમાં દોઢેક લાખ વિધવા અને તેમાં પણ અર્ધો અર્ધ બાળ વિધવાનું પ્રમાણ સમાજ પાસે નિકાલ માગે છે. તેમની પાસે આજીવિકાના સાધન નથી, સારા સંયોગોમાં સંયમી જીવન ગાળી શકે તેવા કોઇપણ જાતના પ્રયત્ન કરવામાં આવ્યા નથી, એ સમાજ માટે કમનસીબી ભર્યો બનાવ છે. આ વિધવાના પ્રશ્નને યુવક પરિષદો તેમજ સંમેલનો છેડે છે પણ તેમાં સફળતા મળતી નથી. અત્યારમાં પૂરું આવા લેખકો એ સંમેલનના કાર્યકર્તાઓને એવા ગભરાવી મૂકે છે કે, સંમેલન યા પરિષદને આ પ્રશ્ન પડતોજ મૂકવો પડે છે. વિધવાને પુનર્લગ્ન કરવાની છૂટ આપવામાં અલબત્ત કેટલાક યુવાનો જરૂર માને છે. પરંતુ તેમનું બળ બહુજ અલ્પ છે. આમ હોવા છતાં પણ કહેવું કે યુવાનો વિધવાઓનાં પુનર્લગ્ન કરવા માગે છે, તે યુવાનોને અન્યાય કરવા બરોબર છે. ભાઇ ધર્મપ્રિયે સમજવું જોઇએ કે આવો ખોટો પ્રચાર યુવકો સામે કરી તમારું કોઇપણ સાધ્ય સિદ્ધ નહિ કરી શકાય. દેવદ્રવ્ય ભક્ષણની બાબતમાં પણ તેવોજ ગપાટો હાંકવામાં આવે છે. યુવકોએ કદિ દેવદ્રવ્ય ભક્ષણ કરવાનો મનસુબો કર્યો નથી. અત્યાર સુધીના તેમના વક્તવ્યમાં આ બાબત ક્યાંય પણ નહિ જોઇ શકાય. યુવકો દેવદ્રવ્ય માટે એ જરૂર માગે છે કે તે દ્રવ્યનો બીજા જિનમંદિરોમાં વ્યય થવો જોઇએ. મુંબઇ જેવા શહેરમાં એક મંદિરમાં લાખો રૂપીયા જેન્ડો, શેરો અને એવી બીજી સીક્યોરીટીમાં પડયા હોય છે ત્યારે મુંબઇની બહાર બીજા મંદિરો દ્રવ્યના અભાવે જર્જરિત થઇ રહ્યાં છે. કોઇપણ

જાતની વ્યવસ્થા નથી. આવાં મંદિરોના જીર્ણોદ્ધાર માટે દેવદ્રવ્યની રકમ વપરાય તેમાં શું ખોટું છે? બીજું જ્યાં દેવદ્રવ્યનો પૂળ ભરાવો થઇ ગયો છે, તેવાં સ્થાનમાં દેવદ્રવ્યની આવકના જે સાધનો છે, તેની કલ્પના સાધારણ ખાતામાં લઇ જવાની સંઘ કરે અને તેને સાધારણ ખાતામાં લઇ જવામાં આવે તેથી કોઇ જાતનું ધર્મવિરૂદ્ધ યુવકોને જણાતું નથી. અને તેમ તે ઉઘાડું બોલે છે. આમાં દેવદ્રવ્યના ભક્ષણની બાબત ક્યાં આવી? આમ ભોળાને અસત્ય ભરમાવી કયો ઘડરીઓ ગઢ જીતવો છે? તે સમજમાં આવતું નથી. ત્રીજી બાબત ભાઇ ધર્મપ્રિય દીક્ષાનો વિરોધ જણાવે છે. આ વાત તદ્દન હંબગ છે. યુવકો વારંવાર કહે છે કે, અમે દીક્ષાના વિરોધી નથી. પરંતુ આજે નસાડી, ભગાડી, સંતાડી, વિક્રય થઇ જે નાના બાળકોને મુંડવામાં આવે છે તે સામે અમારો વિરોધ છે. કોઇ યોગ્ય જીવ સંઘ અને વાલીની આજ્ઞાપૂર્વક દીક્ષા લેતો હોય તો તેમાં તેમનો જરાએ વિરોધ નથી. છતાં પણ કહેવું કે યુવકો દીક્ષાનો વિરોધ કરે છે એ સૂર્ય સામે ધુળ ઉડાડવા બરોબર છે. આમ ગમે તેટલું યુવકો સામે અસત્ય પ્રચાર કાર્ય કરવામાં આવે તેમાં અયોગ્ય ગુરૂઓનું કશું વળવાનું નથી. આમ યુવકો સામે ખોટું પ્રચાર કાર્ય કરવા કરતાં ભાઇ ધર્મપ્રિય તેમના માનેલા ગુરૂદેવોને અયોગ્ય દીક્ષા બંધ કરવાનું સમજાવે તો સમાજની સારી સેવા બજાવી શકશે. પણ આવા માણસો માટે એ આશા રાખવી અસ્થાને છે; કારણકે તેમની આજીવીકાજ આના ઉપર હોય છે. આગળ જતાં તે લખે છે કે—

“ જૈન જગતના હવે પછીના સંમેલનો, પેટા સંમેલનો વગેરે જે કોઇ ભરાય તે સઘળા સંમેલનો વગેરેના ચાલકોને મારી એ ખાસ સૂચના છે કે તેમણે વડોદરાના દીક્ષાદ્રોહી એક્ટનો અને એવાજ બીજા પ્રસંગોનો જરૂર વિરોધ કરવો જોઇએ. એકવાર એમ માની લઇએ કે દીક્ષાના સંબંધમાં કાંઇપણ પ્રતિબંધ મુકવાનો સમય આવી પહોંચ્યો છે તો પણ એ પ્રતિબંધ ભલે જૈન જગત્ પોતાની મેળે મુકે. એ પ્રતિબંધ મુકવાની સત્તા રાજસંસ્થાના હાથમાં તો નજ જવા દેવી જોઇએ. ” આના જવાબમાં જણાવવું જોઇએ કે સંઘસત્તા જેવી કોઇ વસ્તુ અસ્તિત્વમાં નથી સંઘસત્તા ઉપર અયોગ્ય દીક્ષાના હિમાયતીઓએ તરાપ મારી છે. સંઘનું બંધારણ શિથિલ થઇ ગયું છે. સૌ સ્વતંત્ર છે. કોઇ કોઇને કહી શકે તેમ નથી. સાધુઓ કોઇની સત્તા સ્વીકારે એવા સંયોગો નથી. આવી પરિસ્થિતિમાં કહેવું કે “ જૈન જગત્ પોતાની મેળે ભલે એ પ્રતિબંધ મુકે.” એ જનતાને છેતરવા બરોબર છે. આવા મીઠા શબ્દોથી ભોળવવાના જમાના વહી ગયા છે. જૈન જગત્ પાસે એવી કઇ સત્તા છે કે આવા સ્વચ્છંદી સાધુઓ ઉપર તે અંકુશ મુકી શકે? હું સમાજના જવાબદાર માણસોને વિનંતિ કરૂં છું કે તેઓ આવા મીઠા શબ્દોની જાળમાં ન ફસાય. અયોગ્ય દીક્ષાના હિમાયતીઓ દરેક પ્રયત્નો વડોદરાના દીક્ષા એક્ટને રદ કરાવવા માટે કરી ચૂક્યા છે, છતાં તેમાં ફાવ્યા નથી. એટલે ઘરમેળે સમાધાનની વાતો કરે છે. આશ્ચર્યની વાત તો એ છે કે આ લોકો શાસનની ઉન્નતીને નામે કેવળ દીક્ષા એક્ટને રદ કરાવવા મથી રહ્યા છે. શું એ એક્ટ રદ થાય તેમાંજ શાસન સેવા સમાયેલી છે? આજે કેસરીયાજી પ્રકરણ જેવા બીજાં ઘણાંયે પ્રશ્નો શાસન સેવા માટે ખડા છે. તે તરફ શાસન પ્રેમી (?) તરીકે પોતાની જાતને ઓળખાવતા કોઇ પણ માણસે આંખ આડા કાન કર્યા છે. આ શું સૂચવે છે? તેઓ શાસન સેવાને નામે જનતાને ઉંધા પાટા બંધાવે છે. આવા નિર્બલ સમાજ માટે રાજસત્તા કાનુન ન ઘડે તો રાજ્ય પોતાની ફરજ ચૂકે છે, એમ કહેવાય. પ્રજાના કોઇ પણ સડેલા અંગની જવાબદારી રાજ્યની હોય છે. આમ દરેક બાબતોનો વિચાર કરી વડોદરા રાજ્ય દીક્ષા એક્ટને ધારાપોથીમાં દાખલ કરે એ આવશ્યક છે. દીક્ષા એક્ટને અસ્તિત્વમાં આણવા બદલ હું નામદાર શ્રીમંત ગાયકવાડ સરકાર અને તેમના અમલદાર વર્ગને ધન્યવાદ આપું છું, અને વિનંતી કરૂં છું કે કેટલાક ધર્માંધ ભક્તો અને સ્વાર્થાંધ સાધુઓના ચચરાટને ન ગણકારતાં આપ આપની ફરજ બજાવ્યે જજો.

આગળ જતાં ધર્મપ્રિય પોરવાડ સંમેલનના પ્રમુખ શ્રીયુત હઠીચંદ વીરચંદ ઓઝાના વક્તવ્યમાંથી દીક્ષા સંબંધના તેમના વિચારો ટાંકી બતાવે છે. પણ તેમાં તેઓ ભૂલ ખાય છે. પ્રમુખ હઠીચંદભાઇ કહે છે કે “દીક્ષા એ આપણો ખાનગી પ્રશ્ન છે. તેને ઘરમેળેજ ઉકેલવો જોઇએ. શુદ્ધ હૃદયથી, નિખાલસ દિલથી અને પારમાર્થિક દ્રષ્ટિથી એકત્ર બની તેનો નિકાલ લાવવો ઘટે છે” પ્રમુખના આ શબ્દો તદ્દન સાચા છે. પરંતુ શુદ્ધ હૃદય અને નિખાલસ દિલ ક્યાંથી લાવવાં? જો શુદ્ધ હૃદય નિખાલસ દિલ અને પારમાર્થિક દ્રષ્ટિથીજ દરેક કાર્ય થતા હોત તો જૈન સમાજની આજે જે સ્થિતિ છે તે કરતાં કંઇક જુદીજ હોત. આજે શુદ્ધ હૃદયને બદલે મેલાં હૃદય બન્યાં છે, નિખાલસ વૃત્તિને બદલે દ્વેષ, ઇર્ષ્યા અને મમત્વનું સામ્રાજ્ય નજરે પડે છે, અને પારમાર્થિક દ્રષ્ટિને બદલે સ્વાર્થાંધતા વધારે જણાય છે. ત્યાં આવા પ્રશ્નો ઉકેલવાની વાતજ ક્યાં રહી? તે સિવાય ધર્મપ્રિય સંમેલનો, પરિષદો અને કોન્ફરન્સો તરફ નાપસંદગી જાહેર કરે છે. સંમેલનો પરિષદો અને કોન્ફરન્સો માટે આવા વિચાર ધરાવનાર કઇ કોટિનો માનવ હોવો જોઇએ એ જનતા સ્વયં વિચારશે. છેવટે એટલું જણાવવું જરૂરી સમજું છું કે આવા અસત્ય સંભાષણોથી જનતાએ સાવધાન રહેવું

—જીવતલાલ ચંદ્રભાણ કોઠારી.


लाभ लेवा चूकशो नहीं.

पंडित हीरालाल हंसराज तरफथी प्रसिद्ध थयेलां
तमाम ग्रंथो दिवाळी सुधी
अर्धी किंमते मळशे.

ता. क.-आचारांग सूत्र छपाय छे तेनी अर्धी किंमत समजवी नहि.

लखो:—पंडित हिरालाल हंसराज.
जामनगर.

# અયોગ્ય દીક્ષાના ખપ્પરમાં

લેખક:—શા. મણીલાલ ફુલચંદ પાદરાવાળા.

[ એક તરફ વડોદરામાં, આવતી તા. ૧૫ મી એ મળનારી ધારાસભામાં 'સન્યાસ-દીક્ષા નિયામક એક્ટ' આવવાનો છે, એની તો ચર્ચા ચાલીજ રહી છે, એટલામાં અત્યન્ત ભયંકર અને અયોગ્ય દીક્ષાની આહુતિમાં હોમાતા બે કરૂણ કિસ્સા વડોદરાની આસપાસમાંજ બને છે. ]

### બાળા સાધ્વીનું કરૂણ મૃત્યુ.

આજે વડોદરા, છાણી અને પાદરામાં ઘેરે ઘેરે આ ચર્ચા સંભળાઇ રહી છે:

**"અરે રે બિચારી બાર વર્ષની બાળા સાધ્વી રેલના પાટા નીચે તે શી રીતે આવી ગઈ?"**

**"શું બિચારીને અંતરંગમાં કંઈ દુઃખ તો નહિ હોય?"**

**"ત્રિકમ લલ્લુની છોડીને વેષ પહેરાવી નસાડી મૂકતાં આ બિચારી જુઈલી બોઇ."**

સાગરજીએ છાણીમાં પડાવ નાખી દમણાં દમણાં છોકરીઓને મૂંડવાનું મશીન શરૂ કર્યું છે. 'હારેલો જુગારી બમણું રમે' એની માફક ધારાસભામાં કાયદો નહિ આવવા દેવા માટે સાગરજી અને રામવિજયજીએ ધમપછાડ તો ઘણીએ કરી, પરંતુ જ્યારે એમ લાગ્યું કે-કદાચિત્ ધારાસભામાં પાસ નહિ થાય, તો પણ ગાયકવાડ સરકારની ઇચ્છા કાયદો કરવાની છે, એટલે વહેલો મોડો થશે તો ખરોજ, એટલે-હવે આંધળાના નાખીને છોડી તો છોડી ને છોકરો તો છોકરો, જે હાથ આવ્યો તેના માથે અસ્ત્રો ફેરવવાનું શરૂ કરી દીધું છે, પરન્તુ **अति सर्वत्र वर्जयेत्** એ વાક્યને સાગરજી ભૂલી જાય છે. જે માણસ અતિ ચાલાકો બને છે, તે નીચેજ પડે છે. સાગરજીના અતિ શિષ્યલોભના પાપનું જાણે પ્રાયશ્ચિત્તજ ન હોય, એની માફક **એક બિચારી બાર વર્ષની બાળા સાધ્વીનું રેલના પાટા નીચે આવી તા. ૬-૫-૩૩ ની સ્હવારે પીલોલ અને સમળાયા સ્ટેશનની વચમાં મૃત્યુ થાય છે.**

આ દુઃખદાયક કરૂણ કિસ્સો સાંભળતાંજ ગમે તેવાને પણ કંપારી છૂટે છે. મરનાર સાધ્વીને લગભગ **એક વર્ષ પહેલાં મૂંડી નાખવામાં આવી હતી.** તે વખતે તેની ઉંમર લગભગ અગિયાર વર્ષની હતી. અત્યારે લગભગ બાર વર્ષની હતી. આ છોકરીનું નામ **જુઈલી હતું**. એના પિતાનું નામ **ચંદુલાલ નગીનદાસ અને તે રહેવાસી છાણીના.**

બહાર આવેલી વાત પ્રમાણે તા. ૪ ની રાત્રે **છાણીવાળા ત્રિકમ લલ્લુ**ની છોકરી **વસન્તી**ને રાત્રે ઉપાશ્રયમાં સુવાડી રાત્રે ને રાત્રે વાળ મૂંડી નાખ્યા. ને ૫ મીની સ્હવારે વેષ પહેરાવ્યો. અને '**વસન્તી**'ના **સુલોચનાશ્રી** બનાવી દીધી. લગભગ ૧૨-૧૩ વર્ષની આ છોકરી. લોકોમાં કોલાહલ થશે, આ ભયથી સાગરજીએ ચોક્કસ સાધ્વીઓને સાંજના ગોધરા તરફ વિહાર કરાવી દીધો. ( જો કે આ સાધ્વીઓ સુરત તરફ જવાની હતી, કારણ કે સાગરજીની સવારી ધારાસભા પછી સુરત તરફ કુચ કરવાની હતી, પરન્તુ સુરત તરફની યુવક સંઘની સેનાની વિદ્યમાનતાનો ભય થતાં ગોધરા-દાહોદ તરફ રવાના કરી. ) પરન્તુ કમનસીબે પહેલા દિવસે **પીલોલ** મુકામ કરી બીજા દિવસે સ્હવારે વિહાર કરતાં માર્ગમાં ઉપરની

### બાર વર્ષની બાળા સાધ્વીનું મૃત્યુ.

થાય છે. આ કરૂણ કિસ્સાથી ચારે તરફ હાહાકાર વર્તાઇ રહ્યો છે: એનું મૃત્યુ ગમે તે રીતે ગમે તે કારણે થયું હોય, એના ઉંડાણમાં અમને ઉતરવાની જરૂર નથી, પરન્તુ અત્યારે આવી ન્હાની ન્હાની બાળાઓને મૂંડવાની, અને દોડંદોડ કરાવવાની જે ધુન સાગરજીને લાગી છે, તે તરફ તમામ લોકો તિરસ્કારજ વરસાવી રહ્યા છે.

### પાદરાની બે બાળાઓને મૂંડી નાખી.

ઉપરનો કરૂણ કિસ્સો બને છે એના બે દિવસ પહેલાંજ-તેજ છાણીના ઉપાશ્રયમાં પાદરાની બે બાળાઓને મૂંડી નાખવાની પણ ક્રિયા થઇ હતી. કહેવાય છે કે-તા. ૨-૫-૩૩ ના દિવસે પાદરાના મોહનલાલ ત્રિભુવનદાસની બે છોડીઓ આવેલી; જેની ઉંમર ૧૬ અને ૧૨ વર્ષની હતી. નામ જશી અને કાન્તા.

આ છોડીઓની તપાસ થતાં બીજા દિવસે રાત્રે છાણીના ઉપાશ્રયમાંથી માથું મુંડેલી સ્થિતિમાં મળી. ઘણી ધમાલને અંતે તે બન્ને છોકરીઓને મધ્યરાત્રિએ એના પિતાએ પોતાના કબજે કરી અને તે પાદરે લાવ્યા.

જો કે-આ દિવસે સાગરજી છાણીમાં ન હતા, પરન્તુ તેમના પાંખિઆઓ તેમની સલાહ પ્રમાણે આ બધું કાવત્રું કરતા હતા: "મને તો કંઇ ખબર નથી. હું તો વડોદરા હતો." એમ કહેવાનું મળે, એટલા માટેજ વડોદરા પહોંચી ગયા હોય, તોપણ કોને ખબર છે?

ઉપરના કિસ્સાઓ ઉપરથી જૈન સમાજે સાવધાન થવાની જરૂર છે.

અમે ધારાસભાના વિદ્વાન્ અને સુધારા પ્રેમી સભ્યોને પણ પ્રાર્થના કરીએ છીએ કે અત્યારે જૈનસમાજમાં કેવા કેવા અત્યાચારો થઇ રહ્યા છે તે તરફ આપ અવશ્ય ધ્યાન આપશો. ક્યાં છે આત્મકલ્યાણ માટેની દીક્ષા? ક્યાં છે વૈરાગ્યની ભાવના? કુદરત આવા અત્યાચારોને સહન કરવા તૈયાર નથી. દુનિયા સાચું સાધુત્વ માગે છે, હવે ધાંધાધૂંધી અને સ્વચ્છંદતાથી કામ કર્યું ચાલશે તેમ નથી. એવું જાણવા છતાં સાગરજી અને રામવિજયજી જેટલા હઠી આગ્રહી સાધુઓ ક્યાં સુધી અત્યાચાર કરી રહ્યા છે, એ આપના જાણવામાં આવેલા અનેક કિસ્સાઓમાં ઉપરના ભયંકર કિસ્સાઓનો વધારો થાય છે.

અમે સાગરજીને માત્ર એટલુંજ જણાવીશું કે મહારાજ! હવે ઘણું થયું છે. જૈનસમાજને વધુ પાપના બોજામાં ન નાખો, પાપનાં પ્રાયશ્ચિતો ન માલુમ કેટલાંયે ભોગવવાં પડશે? જૈનસમાજનું આટલું તો અધઃપતન થઇ રહ્યું છે, હજુ કેટલું અધઃપતન કરાવવા ધાર્યું છે, શાસનદેવ, અમને આવા પાપાચારોથી બચાવો!! અને એમને સત્વર સદ્બુદ્ધિ આપો!

## સાગરજીની ગુંડાશાહી

શાંતમૂર્તિ મુનિ મહારાજ શ્રી હંસવિજયજીના શિષ્ય મુનિશ્રી દોલતવિજયજીના શિષ્ય મુનિશ્રી ધર્મવિજય તા. ૯-૫-૩૩ ને મંગળવારના પ્રભાતે વડોદરાથી છાણી કેટલાક પુસ્તકો લેવા માટે ગોધરાવાળા ભાઈ રસીકલાલ વાડીલાલને સાથે લઈ ગયા હતા. પાછળથી અહીંની શ્રી હંસવિજયજી ફ્રી લાયબ્રેરી-વાળા કેશવલાલ માસ્તર પણ ગયા હતા.

છાણી ગયા પછી ભાઈ રસીકલાલ સાગરજી પાસે ગયા. ત્યાં સાધુઓ તરફથી ધર્મવિજયને–એકલ વિહારી, ભ્રષ્ટાચારી વગેરે અપમાનજનક શબ્દોથી સંબોધવામાં આવતાં ભાઈ રસીકલાલ ઉઠી ગયા હતા. ખુદ ત્યાંના સાધુઓમાં આવા અપમાન જનક શબ્દોથી અંદર અંદર ચકમક ઝરી હતી.

મુનિ ધર્મવિજય પાસે એક ભાઈ આવી તેમને કાઢેલા હેન્ડબીલ માટે પુછપરછ કરી હતી. તેનો જવાબ આપવાથી, તે જઈ એક સાધુને સાગરાનંદના સમુદાયમાંથી લઈ આવ્યા, તે સાધુએ આવી, હેન્ડબીલ પુરવાર કરી આપવા શાસ્ત્રાર્થ કરવા ધર્મવિજયજીને કહેતાં, ધર્મવિજયજીએ રીતસર લેખીત રીતે શાસ્ત્રાર્થ કરવા જણાવ્યું; પોતાને એકલવિહારી, ભ્રષ્ટાચારી વગેરે શબ્દો કહેવા માટે તેમણે (ધર્મવિજયજીએ) તે સાધુને ઠપકો આપી જણાવ્યું કે "હું એકલવિહારી નથી, છતાં આવી ખોટી રીતે કહેવું તે સાધુ માટે વ્યાજબી નથી."

બીજી બાજુએ સાગરાનંદજીએ કેટલાક છોકરાઓ એકઠા કરી ધર્મવિજયજી ઉપર પત્થરનો મારો ચલાવવાની આજ્ઞા ફરમાવી! છોકરાઓએ સૈનીકોને છાજે તેવી રીતે મારો ચલાવ્યો. પરંતુ મહારાજ ધર્મવિજયે સમયચેતી વાપરવાથી જીવલેણ ઇજા ન થતાં સામાન્ય ઇજા થઈ, સામસા ઉશ્કેરાયેલા અને ગભરાટવાળો બનવાથી શેઠ × × × × × × ધર્મવિજયજી પાસે આવી જલ્દી વિહાર કરી જવા જણાવ્યું. કારણ કે ઉનાળાના તાપના દિવસ, ઉપાશ્રયના ઉંચાઇ બારણા, આવા પરિસ્થિતિ વચ્ચે તેમને રાત્રીના ધર્મવિજયજી ઉપર બીજો હુમલો થવાનો ભય લાગ્યો તેમજ અંદર અંદર કલેશ થાય એવો ડર પણ બતાવ્યો તેથી એકલા પડેલા ધર્મવિજયે કલેશના નિમિત્ત રૂપ નહિ બનવા સાંજના સાડા છ વાગે વિહાર કરી, નિઝામપુરા આવી મહાદેવના શિવાલયમાં રાત ગાળી બુધવારે સવારે વડોદરા આવ્યા.

પંચમહાવ્રતના ઓઠા નીચે ચરી ખાનારા, આવી રીતે મનુષ્યત્વની હદ કુદાવી જાય છે, અને તેને ધર્મઘેલા પોપલાઓ પોષી માતેલા સાંઢ બનાવે છે. એ સમાજે સમજવાની જરૂર છે.

( અનુસંધાન પૃ. ૨૨૭ ઉપરથી )

**આપણું વિદ્યાલયઃ—**

બાર બાર વર્ષથી તેને સમૃધ્ધ બનાવી મજબૂત કરવાના પ્રયત્ન કરનાર તેનો આત્મા શ્રીયુત મોતીચંદભાઈ બે વર્ષની જેલ જાત્રાએ સીધાવવાથી આપણું શ્રી મહાવીર વિદ્યાલય આર્થિક સ્થિતિ અંગે હાલ કટોકટીના વખતમાંથી પસાર થઈ રહ્યું છે. અમને નવાઈ તો એજ લાગે છે કે કાર્યવાહી કમીટીમાં વિદ્વાનો, ધનીકો અને લાગવગ ધરાવતા સજ્જનો બીરાજે છે, છતાં એક મોતીચંદભાઈની ગેરહાજરીમાં આવી સ્થિતિ ઉભી થવા પામે, છતાં કોઈ બહાર નથી આવતું. એ નવાઈ જેવી વાત છે. અમે તો માનીએ છીએ કે એ કમીટીમાંથી એક નહિ પણ અનેક મોતીચંદભાઈ થઈ શકે તેવા છે. છતાં આ પરિસ્થિતિ જોતાં એમ કહેવાઈ જાય કે ધંધામાંથી ગરદન ઉંચી કરવાની કોઈને ફુરસદ નથી.

તા. ૩૦-૪-૩૩ ની કમીટીએ, આર્થિક સ્થિતિ અંગે ખુબ ચર્ચા કરીને વિદ્યાર્થી લોન અંગે વિચારણા કરી વિદ્યાર્થીઓ ઉપર સેક્રેટરીએ જે સરક્યુલર મોકલાવ્યો છે તે સમજ ફેરથી લખાયો હોય તેમ લાગે છે. તેમાં જે મુદ્દાનું લખાણ છે, તેવું કમીટીએ નક્કી કર્યું નથી. એટલે તે લખાણને સુધારવાની જરૂર છે. નહિ તો તેનો ખોટો અર્થ થવા સંભવ છે, કારણ કે અમુક વર્ષની મુદત સુધી આપેલી બાંહાધરીમાં જેમ ફેરફાર થઈ શકતો નથી, તેવો લોનનો કીસ્સો છે. એટલે હાલ તો તે ચર્ચામાં વધુ ન ઉતરતાં સૌને વિનવીએ કે આપણા વિદ્યાલયની ગંભીર આર્થિક સ્થિતિ માટે તેની મેનેજીંગ કમીટીના સભ્યો, કાર્યકર્તાઓ, વિદ્યાલય પ્રત્યે પ્રેમ ધરાવનાર જૈન સજ્જનો, વિદ્યાલયની આર્થિક સ્થિતિ સુધારવા પ્રયત્ન આદરે અને પોતાનો યોગ્ય ફાળો વિદ્યાલયને મોકલી આપે. તેમ વિદ્યાર્થી બંધુઓ કરકસર કરીને પોતા માટે બહારથી મદદ મેળવાય તેટલી મેળવીને વિદ્યાલયને જેટલી બને તેટલી મદદ કરે. વિદ્યાલય એ જૈન સમાજનું નાક છે. તેને મુશ્કેલ સ્થિતિમાંથી બચાવી લેવું એ દરેક જૈનની ફરજ છે.

## પરીક્ષાનું પરિણામ.

શ્રી બાલિકા વિદ્યામંદિર, પાટણના પ્રથમ વર્ષની પરીક્ષામાં સોળ વિદ્યાર્થિનીઓ બેઠા હતા, તેમાંથી નીચેના પાસ થયા છે. ગુજરાતી, તથા અંગ્રેજી નામું, અંગ્રેજી, હિન્દી, રાજ્યબંધારણ આદિ વિષયો હતા.

**પ્રથમ વર્ગ**

| | | |
|---|---|---|
| ૧ | કેશવલાલ નાનચંદ દોશી | ૭૧૩ |
| ૨ | અમૃતલાલ મણીલાલ શાહ | ૬૯૭ |

**બીજો વર્ગ**

| | | |
|---|---|---|
| ૧ | ચીમનલાલ મનસુખલાલ શાહ | ૬૩૬ |
| ૨ | છગનલાલ મણીલાલ ઝવેરી | ૬૩૩ |
| ૩ | મહાસુખલાલ સાકરચંદ શાહ | ૬૦૯ |
| ૪ | શાન્તિલાલ પોપટલાલ ઝવેરી | ૫૯૭ |
| ૫ | મોહનલાલ નાનચંદ શાહ | ૫૮૯ |
| ૬ | જયંતિલાલ ખુબચંદ શાહ | ૫૮૭ |
| ૭ | રમણીકલાલ મણીલાલ શાહ | ૫૭૩ |
| ૮ | બાબુલાલ દુર્લભદાસ શાહ | ૫૬૭ |
| ૯ | શાન્તિલાલ જમનાદાસ પરીખ | ૫૪૨ |

**પાસ વર્ગ**

| | | |
|---|---|---|
| ૧ | ચંપકલાલ કેશવલાલ શાહ | ૪૪૭ |
| ૨ | જયંતિલાલ મણીલાલ શાહ | ૪૪૫ |

## કોલેરાની અકસીર દવા.

કોલેરાનો રોગ જ્યાં જ્યાં પ્રવર્તતો હોય ત્યાં સ્હેજે સાધ્ય, અકસીર અને કોઈપણ રીતે નુકશાની ન કરે એવી દવા લીંબુનો રસ છે. આ લીંબુનો રસ પાંચ તોલા ઠંડા પાણી સાથે દિવસમાં ત્રણ વાર લેવો. દરેક વખત એક લીંબુનો ઉપયોગ કરવો. આ દવા અનુભવ સિદ્ધ છે અને તેથી દરદીને અચૂક ફાયદો થાય છે.

મરડા અને આની દવા અમારા તરફથી સેમ્પલ પોસ્ટથી મફત મોકલી આપવામાં આવે છે.

મોહનલાલ મગનભાઈ
ડોશીવાડાની પોળ, અમદાવાદ.

# સામાજિક વાયરા

## યુવાન યુગલ ગુમ.

વઢવાણ શહેરના મોઢ ફળીના પીત મણીલાલ તથા પત્નીને અયોગ્ય દીક્ષાના હિમાયતીઓએ તા. ૬-૫-૩૩ ના રોજ નસાડયાના સમાચાર મળે છે.

વાત એમ છે કે એ ભાઇને થોડા માસ અગાઉથી દીક્ષા લેવા માટે અયોગ્ય દીક્ષાના હલાલો તરફથી સ્વર્ગ અને મોક્ષ મેળવવાના પાઠોથી સમજાવવામાં આવતા. આથી ભાઇને કંઇક અસર થઇ. તેવામાં અયોગ્ય દીક્ષાના પ્રખર હિમાયતી વ્યક્તિ રામવિજયના વઢવાણમાં પનોતાં પગલાં થયાં કે દીક્ષા માટેના બીઝનેસનું કેન્વાસીંગ તેઓ તરફથી શરૂ થયું ને આ ભાઇએ ઉમેદવારી નોંધાવી.

આ ભાઇ દીક્ષા માટે જ્યારે જીદ્દ કરતા ત્યારે વાલીઓ અભ્યાસ માટે શિખામણ આપતા. સાથે એ પણ કહેતા કે તારામાં યોગ્યતા આવતાં અમે યોગ્ય રીતે દીક્ષા અપાવીશું, પણ એ ભાઇને એ દલીલ ગળે નહોતી ઉતરતી. એટલે એક દિવસ એની વિધવા માને સમજાવી નાસી જવા પ્રયત્ન કરેલ. માને ખબર પડતાં વિધવા માએ અનેક વિનવણીઓ કરીને સમજાવેલ, એટલે એ વખતે નાસભાગનું પતી ગયું. પણ ત્રીજેજ દિવસે જ્યારે તેની મા આયંબીલ કરવા બેસે છે, ત્યારે તે અને તેના પત્નિ બપોરના ચાર વાગતાં ગુમ થયા છે. તેને નસાડવામાં ધર્મનો દંભ ખેલતી કહેવાતી ધાર્મિક સંસ્થાનો હાથ સંભળાય છે.

અયોગ્ય દીક્ષાના હિમાયતીઓ એના બાલ-બચ્ચાંને સલામત રાખો, અરે! તેમનાજ ગુરૂજી મૂંડી નાંખે તો સાધુવેષ ઉતરાવી પાછા લઇ આવવાની હિંમત દાખવનાર કહેવાતા ધર્મિઓ, પારકા છોકરાંને જતિ કરવામાં પાવરધા બનેલા આ વિધવા બાઇને દુઃખમાં ડુબાડી એ યુગલને હાલ તો નસાડવામાં ફાવ્યા છે.

## સાગરજી સમજાવે છે.

વડોદરા રાજ્યની જૈન પ્રજાના નામની આપ મેળે બની બેઠેલ કમીટીની વડોદરા શાખા તરફથી તા. ૨-૩-૪ મે ૧૯૩૩ના દિવસો શાસ્ત્રાધારે દીક્ષાનું વય સમજાવવા રાખવામાં આવેલા.

આ સાધારણ પ્રસંગની મહત્તા વધારવા કમીટી તરફથી ખાનગીમાં લગ્નના કાર્ડ જેવાં બે હજાર આમંત્રણ કાર્ડો કાઢવામાં આવેલાં. તેમ જાહેર વર્તમાન પત્રોમાં પણ જાહેરાત કરી આમંત્રણો થયેલાં ને હજારો માણસની હાજરીની આશાઓ બંધાએલી. પણ સાગરજી શું દલીલ કરવાના છે? જે વ્યાખ્યાન પીઠ ઉપરથી બબડાટ છે તેજ કહેવાના છે. નવું શું છે? ફાયદો શો છે? તારવું શું છે? આથી પરિણામે ત્રણે દિવસ મારથી પાંચ ડઝન ભાઇ બ્હેનોએ આ પ્રસંગનો લાભ (!) લીધેલો. તેમાં પ્રોફેસર દોશી સાહેબ અને છેલ્લે દિવસે વકીલ શ્રીયુત નીકળે હતા. આ પ્રસંગને જાહેરાતમાં લાવવા મહેનત અને ખરચ ઠીક થયેલો. છતાં શ્રીયુત સાગરાનંદજીએ શાસ્ત્રાજ્ઞા પ્રમાણે કહ્યું કે.

"સોળ વરસથી ઓછી ઉંમરવાળા સગીરને માબાપની રજા અને તેની ઇચ્છા હોય તો દીક્ષા આપી શકાય."

૨ સોળ વરસથી વધારે ઉંમરવાળાને ગામ કે અન્ય ગામમાં માબાપે અનુમતિ આપી હોય કે ન આપી હોય તોપણ તેને દીક્ષા આપી શકાય." ઉપરાંત પૂછેલા સવાલોમાં "શિષ્ય-ચોરી સોળ વરસની અંદરવાળા માટે ગણાય અને આર્યરક્ષિતને ૧૧ વર્ષની ઉંમરે દીક્ષા આપવાથી શિષ્યચોરી કહી છે." તેની સાબિતીમાં પોતાની પાસેની પ્રત બતાવી. ત્યારે ભાઇ કેશવલાલ ઉત્તમચંદ શાહે કહ્યું કે, મારા જોવામાં આવેલી પ્રતમાં દીક્ષા માટેની આર્યરક્ષિતની વય વરસ બાવીસની શબ્દોમાં લખી છે." સાગરજી કહે છે "શાસ્ત્રકારોએ શિષ્યચોરી માટે સોળ વરસ સુધીની ઉંમર ઠરાવેલી છે, એટલે બાવીસ વરસ માની શકાય નહિ, બાવીસ વરસ માનતાં સોળ વરસ મનાય." ધન્ય સાગરજી! પહેલા પ્રશ્નનો ઠીક ઉકેલ કર્યો! છે બુદ્ધિ કોઇના બાપના! બીજા પ્રશ્નમાં જણાવ્યું કે સોળ વર્ષ ઉપરનાને છુપી રીતે દીક્ષા આપવામાં શાસ્ત્રાધારે દોષ નથી." વિશેષમાં જણાવ્યું કે "સોળ વરસની અંદરના દીક્ષા લેવા આવનાર અહિંસા, મૃષાવાદ, અદત્તાદાન, બ્રહ્મચર્યને પરિગ્રહના બાળુકારજ હોય છે-તેવા બાળુકારજ દીક્ષા લેવા આવે છે." વાહ! સાગરજી, આ દલીલમાં પણ તમારી અક્કલને હુંશિયારી તરી આવે છે. શી તમારી વિદ્વતા! જ્યાં સ્વાર્થ છે, ત્યાં દલીલો સુઝે છે.

સાગરજી! ચોરી તે તો ચોરીજ કહેવાયને? પછી તે ગમે તે કીંમતની હોય. તેમ ગમે તે ઉંમરે છુપી રીતે દીક્ષા આપેલી હોય પણ તેને કોઇ સાહુકારી તો નજ કહે. એ તો ચોરીજ કહેવાય અને એ ચોરીના ગળથુથી પીવરાવવાનાંજ આ પરિણામ છે!

પૂજા, સેવા, પ્રતિક્રમણ ને ગુરૂભક્તિથી બાળકમાં પંચ મહાવ્રતના પાલનની જવાબદારીનું ભાન નથી આવતું. ને આવેછે તેમ કહેવું તે નરી મૂર્ખાઇ છે. પ્રભુ મહાવીરના મુખ્ય શ્રાવકો પણ બાર વ્રત ગ્રહણ કરવા છતાં દીક્ષા માટે પોતાની અશક્તિ બતાવે છે, ત્યારે તેજ પ્રભુ મહાવીરના પ્રતિનિધિનો દાવો કરતા મુનિગણો સગીરોને દીક્ષા માટે સર્વ રીતે યોગ્ય માની, મનાવેછે એ પાંચમા આરાની પરિવર્તન બુદ્ધિ લીલાનુંજ પરિણામ છે!

( અનુસંધાન પૃ. ૨૨૭ B જુઓ. )

( અનુસંધાન પૃ. ૨૨૫ ઉપરથી )

જૈન પ્રજાનો તો સમ્પૂર્ણ ટેકો છે. ભારતવર્ષના મૂર્તિપૂજક જૈનોનું પ્રતિનિધિત્વ ધરાવતી અમારી જૈન સભાએ તેને વધાવ્યો છે. સ્થાનકવાસી સાધુઓ સહ અજમેરમાં ભરાયેલી જૈન પરિષદે સગીર દીક્ષા બંધ કરી દીક્ષાની લાયકાત માટે નિયમો કર્યા છે. એટલે જૈન સમાજ નિયમો માગે છે. તથા જૈન સાધુઓ સંઘ સત્તાને સ્વિકારે છે અને અમારા એટલે મૂ. પૂ. જૈન સાધુઓ અવગણે છે. તેથી પ્રજા હિત ખાતર રાજ્યને કાયદો ઘડવાની જરૂર છે.

આપ પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિ છો. આપનામાં પ્રજાને વિશ્વાસ છે. એટલે બાળકોના હિતનો વિચાર કરીને, તેમ જે કુટુંબો અને બ્હેનો મુશ્કેલીમાં આવી પડે છે તેના બચાવ ખાતર, તેમ અમારી સમાજની સાધુ સંસ્થાના ભલા ખાતર દીક્ષા નિબંધને ટેકો આપી એકવીશ લાખના આશીર્વાદ મેળવશો.

(10)



# हिन्दी विभाग.

## अपनी समाजका पुनरुत्थान कैसे हो!

—शेठ अचलसिंहजी.

[बाबु अचलसिंहजीने अखील भारतवर्षीय स्था. जैन नवयुवक परिषदके प्रथम अधिवेशनके अध्यक्ष-स्थानसे जो स्पीच दीथी उससे उध्धृत.]

### संगठन—

अपनी समाजमें संगठन का इतना अभाव है, कि इससे समाज के टुकडे २ हो रहे हैं। यहाँ तक कहीं दस-पाँच आदमी मील कर नहीं बैठ सकते। अगर बैठते हैं तो बजाय एक्य पैदा करने के एक दूसरे से लडने-झगड ने लगते हैं। कोई भी समाज, जाति, सम्प्रदाय अथवा राज्य या ताकत बगैर संगठन के कभी उन्नति-तरकी-नहीं कर सकती; भूत और वर्तमान समय में जो साधु-साधु और श्रावक-श्रावक में फूट-वैमनस्य और कलह-द्वेष होता रहा है, उससे हजारों गृहस्थों की जैनधर्म से श्रद्धा हट गई है और नतीजा यह हुआ कि वे आज आर्यसमाजी आदि होगये हैं। और बहुत से भाई अभी तक धर्म-रहित बने हुये हैं। अगर यही अवस्था कायम रही तो जिस जैन-समाज की आज १२ लाख की संख्या शुमार की जाती है वह धीरे-धीरे कम होती जायगी और अन्त में बिलकुल लुप्त हो जायगी।

समझ में नहीं आता कि जिस जैनधर्म का सिद्धान्त इतना दिव्य और महान है कि वह स्वप्न में भी किसी से द्वेष करने को महा पाप समझता है. उसके अनुयायी साधु-श्रावक आपस में इस प्रकार का राग-द्वेष करते हैं, जिससे कि जैनधर्म और समाज की जड पर कुठाराघात होता है। इसे देखकर अनेक पुरुषों के जी दहल जाते हैं और बहुत से विचारशील पुरुष इस उच और महान धर्म में पैदा होते हुए भी अपने को एक बडी बुरी अवस्था में पाते हैं, और इसे वह एक दुर्भाग्य समझ कर इससे पृथक् होते जाते हैं।

यह बडे हर्ष का विषय है कि स्थानकवासी समाज के पूज्य मुनिवरों ने अब आपस में मत-भेद को मिटाकर अपने साधु-वर्ग को फिर एक सूत्र में बाँध दिया है। आज जैन-समाज के लिये यह बडे गौरव की बात है और मुझे विश्वास है कि जैनधर्म के अन्य सम्प्रदायावलम्बी भी इसका अनुकरण करेंगे और सम्पूर्ण जैन-समाज को एक सुसंगठित समाज बना देंगे।

सब बुराइयों का मुख्य कारण आपस की फूट, बेसमझी और ना-तजुरबेकारी है। अगर जैनधर्मानुयायी उन्नति करना चाहते हैं तो उन्हें प्रेमपूर्वक संगठन करने की अत्यन्त आवश्यकता है।

United we stand, Divided we fall अर्थात् संगठित रूप में हम उभरते हैं और विभाजित रूप में हम नीचे की ओर गिरते हैं।

जिस तरह एक वृक्षों का समूह बडी से बडी जोरदार आँधी का मुकाबिला आसानी से कर सकता है; जिस तरह थोडे तन्तु मिलकर एक मजबूत रस्सी बन जाते हैं और बडे से बडे मस्त हाथी को बाँध लेते हैं; जिस तरह छोटे २ शब्द बनकर बडे ग्रन्थ बन जाते हैं; जिस तरह छोटी २ बूँदें अथाह सागर बन जाता है; ठीक इसी प्रकार अगर आज जैन समाज की तमाम बिखरी हुई शक्तियों को एकत्रित किया जाय और देश, काल निमित्त के अनुसार काम लिया जाय तो समाज का उद्धार होना कोई बडी बात नहीं।

### हमारी संस्थाएँ

समाजों व जातियों का उद्धार वर्तमान समय में संस्थाओं व सभाओं द्वारा हो सकता है। किन्तु संस्थाओं की सफलता उनके कार्यकर्ताओं पर निर्भर है। अगर एक संस्था के कार्यकर्ता निपुण, विद्वान, अनुभवी और परिश्रमी हैं तो उस संस्था का कार्य दिनोंदिन उन्नति को प्राप्त होता जाता है और अगर संस्थाओं के कार्यकर्ताओं में उक्त गुणों का अभाव होता है, तो वह संस्था बजाय उन्नतिके अवनतिको प्राप्त होती जाती है।

इस समय हमारे समाज में जैन-संस्थाओं की कमी नहीं, प्रत्येक सम्प्रदाय और फिरको में अपनी २ अलग सम्प्रदाय व कोनफरेंस हैं, परन्तु उनमें से कितनी सफलतापूर्वक काम कर रही हैं? इसका कारण कुछ तो संस्थाओंका दुषित संगठन है और कुछ सच्चे कार्यकर्ताओंकी कमी है।

वर्तमान समय में गांधीजी के आन्दोलन ने हर जाति व समाज में कार्यकर्ताओं (Workers) की काफी तादाद पैदा कर दी है। और अगर एक समाज अपने नवयुवकों की सक्ति से लाभ उठाना चाहती है तो उसके लिये यह एक स्वर्णमय समय है। इसलिये निम्नलिखित बातें संगठन पैदा करने के वास्ते अत्यंत आवश्यक हैं—

(१) आपस में प्रेमपूर्वक रहना अर्थात् एक दूसरे की जहाँ तक मुमकीन हो मदद करते रहना चाहिये। अगर कोइ व्यक्ति किसी किस्म की मदद नहीं कर सकता हो तो कम से कम हार्दिक सहानुभूति अवश्य करते रहना चाहिये।

(अपूर्ण)

આ પત્ર મનસુખલાલ હીરાલાલ લાલને જૈન ભાસ્કરોદય પ્રિન્ટીંગ પ્રેસ, ધનજી સ્ટ્રીટ, મુંબઈ નં. ૩ માં છાપ્યું છે. અને ગોકળદાસ મગનલાલ શાહે 'જૈન યુવક સંઘ' માટે ૨૬-૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩, માંથી પ્રગટ કર્યું છે.

કંગાલ મનોદશાનાં આવરણ.

Reg. No. B. 2917.
છુટક નકલ ૧ આનો.

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રીય સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

| | | |
|---|---|---|
| તંત્રીઃ રતિલાલ ચીમનલાલ કોઠારી. | શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર. | વર્ષ ૨ જું, અંક ૨૯ મો. |
| સહતંત્રીઃ કેશવલાલ મંગળચંદ શાહ. | વાર્ષિક લવાજમ રૂા. ૨-૮-૦ | શનીવાર, તા૦ ૨૦-૫-૩૯. |

## અંતરની વંદના.

"ઓ પ્યારા! આટલો બધો એકાગ્ર શ્રમ હું કરું છું, તારી સાક્ષીએ મારી બધી કરણીઓ એકજ કલ્યાણમય હેતુની સાધના અર્થે યોજાય છે. મારી પાસે કોઈ વસ્તુની કમીના નથી, એ છતાં ઓ હૃદય, તું આટલું બધું સંતપ્ત શા માટે રહે છે? મારા જીવનમાં એ જંપ અને શાન્તિ કેમ વસતા નથી?"

"ઓ ઘેલા! જંપ અને શાન્તિની વાત શીદને કરે છે? એ તને ક્યાંથી સૂઝે છે? તારા જીવનમાં અજંપો અને અશાન્તિ વધારેને વધારે ઉભરાવા જોઈએ, પેલાં ભૂખ્યાં બાળકોની કાળી ચીસો હજી એમીને એવી કાન ઉપર આવ્યા કરે છે, નવસ્ત્રાં અને ભૂખમરો વેઠતાં કામદાર સ્ત્રી પુરૂષોની હારની હાર હજી ડોળા કાઢીને સામે ઉભી છે, અને તને શાન્તિ શી રીતે મળી શકે? હજી તારી સન્મુખજ કેટ કેટલા ગરીબ માણસો થોડા અન્ન-શ્રીમંતો માટે રાત દિવસ વૈતરૂં કરે છે, અને બદલામાં તિરસ્કારના અને અપમાનના ચાબખા મુંગે મોઢે બરદાસ કરી લે છે! આ હાલતમાં ભાઈ, તને જંપ અને શાન્તિની વાત કેમ સૂઝે છે?"

"પણ આ યાતના હવે સહી નથી જાતી. એને ટાળવાનો મારો પુરૂષાર્થ મને વધારેને વધારે વ્યગ્ર બનાવે છે. એ વ્યગ્રતા હવે છેલ્લી સ્થિતિએ પહોંચી છે. ઓ પ્યારા, મને હવે એમાંથી મુક્તિ આપ; હું એવું શું કરૂં કે જેથી મારો આ ત્રાસ હળવો થાય? ઓ, મને માર્ગ બતાવ!"

"એનો તો એકજ માર્ગ છે. તારૂં સર્વસ્વ તો તેં એને અર્પી દીધું છે. અને એટલેજ તો તને આટલો બધો સંતાપ થાય છે ને? હવે તારૂં જીવન હોમી દે. હવે એ અર્થે તારા દેહની આપ્પ કરી નાંખ, હવે જીંદગી પૂરી કરી નાંખ. એ સર્વસમર્પણ તને તું માગે છે તે ક્ષાય આપી રહેશે. ઓ મુક્તિકામી, હજી બધારે પુરૂષાર્થ કર!"

આ પ્રેરણા અદ્‌ભુત છે. આવી સર્વસમર્પણની તમન્ના કોઈ ધન્ય જીવનમાંજ પ્રગટે છે. લેનીન અને ગાંધી આવી વિચાર-સરણીમાંથીજ ઉભા થાય છે. લીંકન અને વીલ્યમ લોઈડ ગેરીસન સમા માનવીની ગુલામી તોડવા ઝુઝનારા જોદ્ધાઓ પણ આવી વિચાર-સરણીમાંથી પાકે છે. અન્યાયી સમાજમાં જીવવું તેમને અસહ્ય બને છે. સામાજીક અન્યાયો તેમનાથી બરદાસ નથી થઈ શકતા. તેઓ માનવીના માનવી ઉપર ગુજરતા જુલ્મો નાબુદ કરવા મથે છે, પ્રયત્નમાં જીવન હોમે છે. એ પુરૂષાર્થથી માનવજાતને આગળ લઈ જાય છે.

આ બધા મુક્તિકામી જોદ્ધાઓના માર્ગો જુદા જુદા હોય છે. કોઈ લેનીન, નેપોલીયનની જેમ, લશ્કર જમાવી, સંહાર કાંડ રચી, સત્તા હાથ કરી, એ સત્તાને બળે સામાજીક અન્યાયો નિવારે છે—પૃથ્વીના પટ ઉપરથી શ્રીમંત અને ગરીબના, અમીરના અને કંગાળના, સેવાના અને સેવકના ભેદ ભૂંસી નાંખે છે. એને સામ્રાટ જાર નહિ જોઈએ, એને કોટ્યાધિપતિ કોઈ નહિ જોઈએ, એને અકિંચન બહીરો નહિ જોઈએ. એ બધા એની સામેથી અદ્રશ્ય થવાં જોઈએ. અને એને સ્થાને સમાનભાવે જીવન જીવતાં સમાનભાવે જીવનશ્રમ લેતાં સુખનું સ્મિત ફરકાવતાં સમાન માનવીઓ નજરે ચઢવાં જોઈએ. એને સ્થાને સામાનતા સર્વોપરિ સમાજીક સિધ્ધાન્તની સ્થાપના થવી જોઈએ. ક્યે માર્ગે એ થાય છે, કઈ રીતે એ બને છે, એ એને મન ગૌણ વસ્તુ છે. એને જારને ફાંસીને લાકડે લટકાવવામાં સંકોચ નથી. એને કોઈની લક્ષ્મી આંચકી લેતાં આંચકો નથી. એ બધું એ અનન્ય સ્વસ્થતા પૂર્વક એક જ પરમ સાધ્યની સાધના અર્થે કરે છે.

અને કોઈ ગાંધી સાધક તો એ એકજ પરમ સાધ્યના હોય છે; પરંતુ એને મન એ સાધનનો માર્ગ, એ સાધનાની રીતિ એ સર્વોપરિ મહત્તાની વસ્તુ છે. બન્નેમાં પ્રેરણા-સામગ્રી એકજ છે. હિન્દની ગુલામી ગાંધીજીને અસહ્ય છે, એ કારાવાસને વધાવી લે છે. હરિજનોની સામાજીક અવદશા એને એટલીજ અસહ્ય છે. એ એ અન્યાયતાના ત્રાસમાંથી ઉગરવા ઉપવાસ આદરે છે. બન્નેમાં પ્રેરકસ્થાન એકજ લાગે છે. માનવી માનવીનો ગુલામ ન રહે, મહાલયો અને ઝુંપડાંઓ સાથે રહે, ધનપતિઓ અને શ્રમજીવીઓના માનવ જાતને પીડના ભેદ ભુંસાઈ જાય, એ ધ્યેયને એ વરેલા છે. પ્રેરણા એક છે, અને સાધ્ય પણ એક છે.

મહાત્માજી આજે એવી એ પ્રેરણાથી પ્રેરિત બનીને એ પરમ સાધ્યની સાધનામાં બેઠા છે. એ સાધ્યને અર્થે જાણે એ આજે પોતાના દેહમાંથી અંજલિઓ ભરી ભરીને લોહી આપી રહ્યા છે. સાધ્યની સાધનામાં એ સર્વસમર્પણ કરી રહ્યા છે. એના અંતરમાં નાદ ગાજે છે; 'કાં તો અસ્પૃશ્યતા મરશે, અને કાં તો હું મરીશ' માનવીના જીવનમાં આ વિરલ પ્રસંગ છે. ઇતિહાસમાં આ અપૂર્વ ઘટના છે. એને આજે બુદ્ધિથી તપાસવાનું ન હોય. એને અંતરની વંદના જ શોભે. એમાંથી આજે મહાત્માજીના સમકાલીનો અને તેટલી માનવ-કલ્યાણની પ્રેરણા મેળવી કૃતાર્થ બને.

'ફુલછાબમાંથી'

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

(આચારાંગ સૂત્ર.)


# પ્રબુદ્ધ જૈન.

શનીવાર, તા૦ ૨૦-૫-૩૩.


## કંગાલ મનોદશાનાં આવરણ

બ્હેન જડાવનાં વિતકની વાતો 'પ્રબુદ્ધ'નાં પાને હજુ સુકાઇ નથી; એનાં પીડનનાં પુરોગામી પડઘા હજુય કૈં કૈં હૃદયોમાં ભારેલી નીપજાવે છે; એનાં બચાવને સારૂ, એના સુરક્ષિત આશ્રયને સારૂ હજુ તો કોઇ સફળ પ્રયત્ન કરવામાં આવ્યો નથી; આવે વખતે જૈન આગેવાનોની ફરજ સ્પષ્ટ છે કે કોઇ પણ રીતે એ બ્હેનને સમાજવટથી બચાવીને વાત્સલ્ય-ભર્યું આશ્રય સ્થાન આપવું જોઇએ. પણ એમ કરવાને બદલે 'જૈન જ્યોતિ'ના અધિપતિ રા. ધીરજલાલ ટોકરશી શાહ જેવા—જેના પર વિશ્વાસ રાખી શકાય તેવા માણસો—'દશા' 'વિશા'ની છેકજ ક્ષુલ્લક વાતો સાથે હમણાં ભળી પ્રચંડ જૈનમતને અવળે રસ્તે દોરવા પ્રયત્ન કરે એ દુઃખ ભરી વાત છે. એ એક આપણી શરમ કથા છે.

બ્હેન જડાવના આ કિસ્સાથી સારાય જૈન સમાજમાં જે લાગણી પેદા થઇ છે તે આવકારદાયક છે. જૈન જ્યોતિના તંત્રી અને બીજા કેટલાક સજ્જનો પીડીતના આર્તનાદે ખરેખર જ્યાં પહોંચે છે, એ કર્તવ્ય પરાયણતા જોઇ અમે સાનંદ હર્ષ અનુભવીએ છીએ. કેટલાક સજ્જનોએ બ્હેન જડાવને આશ્રય આપવાની તત્પરતા બતાવી તે જોઇ અમે ગર્વ અનુભવીએ છીએ; પણ બ્હેન જડાવનાં વિતક સાંભળવાનાં બદલે છૂટા જવા... માણસોની કલ્પિત ગપ્પો ઉપરથી ભાઇ ધીરજલાલ જૈન જ્યોતિમાં જે રીતે એ વસ્તુ ચીતરે છે અને અમારા ઉપર આક્ષેપો મૂકે છે, તે એનાં આર્થિક મુંઝવણે મરી જવા પડેલું "જૈન જ્યોતિ" એના નિર્વાહના આ રીતે સાધનો મેળવીને His master's voice બનાવે છે એમ લાગ્યા વિના રહેતું નથી. વળી આ આક્ષેપોની પોલી પગથાર પર પાંજરાપોળનું છીંડાણું સાતવારીયું પણ શૂન્ય કરવા લાગી જાય છે. આ જનોની નીતિ વિષે ભાગ્યેજ કંઇ કહેવાનું રહે છે. એમની એ નીતિથી પ્રજા ઠગાશે નહિ એમ અમે ચોક્કસ માનીએ છીએ.

કોઇ પણ જાતની તપાસ વિના, નિર્ભેળ અજ્ઞાન ભરી રીતે 'જૈન જ્યોતિ' એના ગયા... આગલા અંકમાં એ બ્હેનને 'નીતિ ભ્રષ્ટ' તરીકે આલેખે છે. સંજોગે દબાયેલી, રોટી ટુકડા માટે ટળવળતી, નિરાધાર બ્હેન જબરજસ્તીના ભોગ થઇ પડે એ વસ્તુ તિરસ્કારને બદલે કરૂણા ઉપજાવે એવી છે. આપણી ચોપાસનું વાતાવરણ આપણે તપાસીએ, નીતિનો દંભ કરવાને બદલે, દંભની જવનિકા ચીરી વાસ્તવીક સામાજીક વાતાવરણ આપણે જોઇ લઇએ તો નાકનાં ટેરવાં ચઢાવી આ બ્હેનને અનીતિવાન કહી ધિક્કારવી ન્યાયી નહિ લાગે.

વળી જૈન જ્યોતિ લખે છે તે મુજબ, ખરેડીના કોઇ ગૃહસ્થોએ કે આગેવાનોએ કાળજીભરી દેખરેખ રાખીજ ન હોતી. આટલા બધા જૈનોની વસ્તી છતાં એ બ્હેનને એક મુસ્લીમ બીરાદર આશ્રય આપે, એને વાસણો આપે, એના પૈસા સાચવે, એ માનવ પ્રેમની દૃષ્ટિએ જેટલું એ મુસ્લીમ બીરાદરને અભિનંદનીય છે, તેટલુંજ જૈન જગતને શરમાવનારૂં છે. જમાલ અબ્દુલની નેકીદારી વિષે અમને શંકા નથીજ; ઉલટું એ નિરાધાર, તરછોડાએલી, ત્રાસે કમકમી રહેલી વિધવાને પણ વિશ્વાસ ઉત્પન્ન કરાવે તેવું વર્તન એ બંધુની યોગ્યતા પુરવાર કરે છે. છતાં નેક મુસ્લીમ ધર્મપ્રિય હોઇ શકે, અને તેથી એ બ્હેન જડાવને કાયમને માટે મુસ્લીમ બનાવી આશ્રય આપે એ અશક્ય નથીજ. વળી અનેક વિતકોમાં વિંટળાઇ રહેલી બ્હેન જડાવ પણ સુરક્ષિત આશ્રયને અભાવે ને જૈન સમાજની એના પ્રત્યેની બેદરકારીને કારણે જૈન ધર્મ પરનો એનો અભેદ્ય વિશ્વાસ ગુમાવી દઇને મુસ્લીમ ધર્મે આકર્ષાઇ એ ધર્મ અપનાવે એ રોજીંદા છાપાનાં સમાચાર જે વાંચતો હોય તે અસંભવિત માની નહિ શકે. આ વ્યવહાર-સત્યના પાયા પર અમે અનુમાન દોરેલું. એટલે એ બ્હેન મુસ્લીમ બને એ જેટલું શક્ય તે વેળાએ હતું તેટલુંજ શક્ય આ લખતી વેળા પણ છે.

વળી રા. ધીરજલાલ 'પબ્લીક ફંડ પર પોતે નથી નભતા,' એવું કહી તપાસની જવાબદારીમાંથી મુક્ત બનવા ચાહે છે. પેટ ભરવા, ધંધાદારી સાધનો તરીકે પત્રો કાઢનાર પ્રજા પાસેથી ફંડની કઇ દૃષ્ટિએ આશા રાખી શકે એ સમજવું કપરૂં છે. પ્રજા ફંડ આપે છે—કાર્યોમાં મદદ કરે છે—નિર્ભેળ સેવા પ્રેમીઓને. આજીવિકાનાં સાધન તરીકે પત્રો કાઢનારની સાથે પ્રજાને માત્ર વ્યાપારી સંબંધ છે. લોકોને ગમે તો એનાં ગ્રાહક થાય. એટલે એવી રીતે રળવાની દૃષ્ટિએ પત્ર કાઢનારે પ્રજા પાસેથી ફંડના સ્વપ્નાં સેવવાં એની કલ્પના કરવી જેટલી મૂર્ખતા ભરેલી છે તેટલીજ ફંડ ન મળે બળાપો કરવામાં મૂર્ખતાની અવધિ રહેલી છે.

અમને ભાઇ ધીરજલાલ પાલણપુર મળ્યા હતા. અંગત વાતચીતોનો આશ્રય લઇ "પ્રબુદ્ધ જૈનના તંત્રી એ કબુલ કરી છે" એમ લખી એ જનતાને ઉંધે રસ્તે દોરવા માંગે છે આમ શા માટે કરવું પડે છે, એ એક સમજવો મુશ્કેલ છે. એ લખે છે તેમ રા. કનૈયાલાલ ભાઇશાલી પાલણપુરવાળા બ્હેન જડાવના કિસ્સા અંગે ખરેડી ગયા નહોતા. એ તો ગયા હતા મુનીશ્રી તિલોકચંદજીના દર્શનાર્થે. 'ગુંજાકરાજાઓએ બધી વાત ચુંથી નાખી છે.' એ શબ્દો મુનિશ્રી તિલોકચંદજીના હોઇ શકેજ નહિ. આમ લખી રા. ધીરજલાલ વિશ્વાસક વસ્તુ ઉભી કરે છે. એટલુંજ નહિ પણ સાત જુઠ્ઠી વાતો બનાવી કાઢે છે. અમારા શરૂઆતના પ્રયત્નો મુનિશ્રી જાણે છે અને સંપૂર્ણ સહાનુભૂતિ દર્શાવી ભવિષ્યમાં આ પ્રકરણ અંગે એમણે અમને મમતાભરી સલાહ પણ આપી હતી. વળી આ ઘટના પરત્વે પોતે બેખબર હતા એ પણ એમણે સ્પષ્ટ રીતે જણાવ્યું હતું. એટલે એમને વિષેની રા. ધીરજલાલની ગુણગાંઠો સ્વાર્થની ઇમારત રચવાના હેતુ પ્રેરીત હોય એ બનવા જોગ છે.

આ બધી ચર્ચા પછી એક દુઃખભરી વિચાર સરણી ઉભી થાય છે. આપણામાં અનેક મતભેદો ભલે હોય; સિદ્ધાંત

# સમાજ—વિશુદ્ધિનો સોનેરી કળશ

ત્રણ ત્રણ વર્ષ થયાં જે પક્ષની છણાવટ થઇ રહી હતી, સારાયે જૈન સમાજમાં જે પ્રશ્ને ખૂબ ઉકળાટ મચાવ્યો હતો, જે પ્રશ્નને મુંબઇ જૈન યુવક સંઘે સામાજીક વિશુદ્ધિની સાધનાના ધ્યેય રૂપે ગણી પ્રચંડ પ્રચાર આદર્યો હતો, તે પ્રશ્ન હવે વ્યવસ્થીત સ્વરૂપ પકડે છે, એ જૈન સમાજ પર પરમ ઉપકારક વસ્તુ છે. તે સ્વીકાર્યા વિના કોઇ જૈન વિચારવાદીને ચાલશે નહિ.

આજનો જમાનો છે ધર્મ વિશુદ્ધિનો. જે માનવ ધર્મ ન હોય એ ધર્મ નથી. સ્થૂલ આડંબરોમાં અને માત્ર અંધ શ્રદ્ધાળુઓની આસ્થા પર રચાયેલો હોય એ ધર્મ નથી. મધ્ય યુગમાં બધાય હિન્દુ ધર્મોમાં સડો પેસી ગયેલો. પાખંડાચારીઓ જગે જગે ધર્મના સ્થાનકો પર ચીટકી બેઠેલા અને એક સૈકા પર મહર્ષિ દયાનંદે હરેક ધર્મના એ પાખંડાચારીઓની પાપલીલા પરની જવનિકા ખેંચી લીધી, તેમજ ધર્મ વિશુદ્ધિનો આ ભારત વર્ષમાં શરૂ થયો. મહર્ષિ દયાનંદે એ વેળા જૈન ધર્મને બાજુએ રાખ્યો હતો. તેનું કારણ કે એ વેળા જૈન ધર્મના ઉપદેશકોમાં ભ્રષ્ટતા પેઠી ન હોતી. પણ છેલ્લા દશકામાં 'અંધશ્રદ્ધા'ના વ્યાપાર કરવાની ટેવવાળા આચાર્યોએ સમાજમાં હાનીકારક પ્રવૃત્તિ આદરી, અને સ્વર્ગમાં સીટ રીઝર્વ કરાવવા ઇચ્છતા માલેતુજાર સટોરીઆઓએ ધર્મનો સટ્ટો કરવા માંડયો. પરિણામ એ આવ્યું કે ઘરઘરમાં તકરારો પેદા થઇ, ભાઇ ભાઇ, પિતા પુત્ર, મા-બ્હેનના જુગજુના સંબંધ તૂટવા માંડયા ને પ્રત્યેક ઘરમાં પ્રગટેલી કલહની અંધારી પછેડી જૈન સમાજની પ્રગતીનાં બધાય કાર્યો પર ઢંકાઇ ગઇ.

શ્રી. મહાસુખભાઇ ચુનીલાલે આ સમાજ વિચ્છેદક ચળવળીઆઓને ભૂસવા પહેલો પ્રયત્ન આદર્યો અને પછી તો 'બાળમુંડન'ની પ્રવૃત્તિ સ્હામે પૂર ધમાલ ચાલી. ગુજરાત આ યુદ્ધનું રણક્ષેત્ર બન્યું. અને ગુજરાતનો મોટો ભાગ વડોદરા રાજ્યને તાબે. ત્યાં આ કલંકના પડઘા પ્હોંચ્યા. વડોદરાની ધારાસભામાં, શ્રી. લલ્લુભાઇ કીશોરભાઇએ આશરે બે વર્ષ પર 'ધર્મનું આ ફારસ' અટકાવવા વડોદરાની ધારાસભામાં એક પ્રસ્તાવ રજુ કર્યો. પણ તે પસાર થયો નહિ. એ બે વર્ષના આંતર ગાળામાં એ 'વિષ વૃક્ષ' ખૂબ ફાલ્યું, દક્ષિણ અમેરીકામાં જે ગુલામનો વ્યાપાર સદીઓ પહેલાં ચાલતો હતો, તેની જાણે કે પુનરાવૃત્તિ થઇ. ધર્મને નામે, બેકારોનો, રખડતાંઓનો, અંધ શ્રદ્ધાળુઓનો, એ સાધુઓએ વ્યાપાર જોરશોરથી શરૂ કર્યો, 'પૈસા કોઇના થયા નથી;' એમ ચાપડો ખાઇ ખાઇને વૈરાગી બનેલા સટોરીઆઓએ આ વ્યાપાર પાછળ એમની તમામ સંપત્તિ રોકી દીધી. ચોરીઓના, લુંટફાટના, અવ્યવસ્થા, અને મહાવ્યથાના જૈન ધર્મે અગાઉ કોઇ દિ ન જોયા હોય તેવા કારમા કિસ્સા બનવા માંડયા. નિરાધારનાં બાળકો, લાડીલી પ્રિયતમાઓના પતિઓ, સમાજના આશા આપતા યુવાનો, 'ઓઘો' લઇ, જવાબદારીથી મુક્ત બની; ભાગી નીકળવા માંડયા. ઠામ ઠામ કેસો શરૂ થયા; અને સારાયે ભારત વર્ષમાં આ નાલાયકોએ જૈન ધર્મને હીણતા લગાડી.

**ધર્મ વિશુદ્ધિના પરમ પ્રેરક મહર્ષિ દયાનંદના સર સયાજીરાવ સંસ્કાર પુત્ર છે. એમણે પ્રજાના સુખી જીવનના વિનાશનો આ કોલાહલ સાંભળ્યો ને મહર્ષિ દયાનંદનો જીવન આદેશ એમને આ પાખંડ રોકવા પ્રેરી રહ્યો.** એમણે એક સમિતી નીમી. રાવ બહાદુર ગોવિન્દભાઇએ-સમિતિએ-એક રિપોર્ટ ઘડયો. અને દીક્ષા નિયામક કાનુન કરવાની સૂચના કરી. ઘડીભર ધર્મની દુકાનોમાં દુકાનદારોના શ્વાસ થંભી ગયા. પણ તેમણે શુધ્ધિ આવતાં 'અરણ્ય રૂદન' શરૂ કર્યું, બેવકુફીનાં પ્રદર્શનો ભર્યાં અને જુઠ્ઠી ગુમાની અવિનય ભર્યાં અહંકારની દમદાટી પણ દઇ દીધી. પણ એ લોકો સર સયાજીરાવને સમજ્યા ન હોતા. **સર સયાજીરાવ એવી નિર્વીર્ય ધમકીઓને સ્વસ્થ હૈયે ઘોળીને પી જાય એટલા કાબેલ પુરૂષ છે. આ લોકોની સ્વાર્થ ભરી રમત સમજી શકે એવા એ વિચક્ષણ પુરૂષ છે.** મક્કમ કદમે કામ આગળ વધ્યું. અને રાજ તરફથી દીક્ષા નિયામક કાનુનનો ખરડો ધારાસભામાં મુકવામાં આવ્યો અને પસાર થયો.

**સર સયાજીરાવે આ રીતે જૈન ધર્મની આ સદીમાં અમર એવી સેવા બજાવી છે. જૈન ધર્મમાં છેલ્લી પચ્ચીસીમાં પેઠેલા પાપને એમણે આ રીતે અટકાવ્યું છે. એમણે આશા રાખી છે જૈન ધર્મને વિશુદ્ધ જોવાની! એમની એ આશા અમર રહો. સર સયાજીરાવનું નામ આપણા હૈયામાં અમર રહો!**

**વડોદરા સ્ટેટનું આ પગલું બીજા સ્ટેટોને અનુકરણ રૂપ બનો.**

---

ભેદો ભલે હોય: આવી વસ્તુના નિકાલને માટે વિચારણા ભલે જુદી હોય; એ બ્હેનને બચાવવા આપણે ભલે જુદી જુદી રીતે પ્રયાસ સાધીએ પણ સ્વાર્થ પ્રેરીત મહત્વતાના હેતુ પાછળ, કોઇ આ આખી વસ્તુના ઝીણવટ ભરી દ્રષ્ટિએ નિકાલ કરવાના પ્રયાસમાં સાથ આપવાને બદલે એ પ્રયાસનેજ તોડી પાડી બધુંય ધૂળી નાંખે એ અસહ્ય છે. ભાઇ ધીરજલાલે જે રીતે આ પ્રશ્ન ચીંથી નાંખ્યો છે એ એમને શરમાવનારૂં હોવું જોઇએ, કોઇ વેરી કંગાલ મનોદશાના આવરણોથી એ આચ્છાદાયેલા ન હોત તો એમણે આમ નજ કર્યું હોત એ વિષે અમને શંકા નથી.

આ વિચાર વંટોળ પછી પણ બ્હેન જડાવની સમસ્યા નગ્ન સત્યોમાં એમની એમજ સમાજ પાસે પડેલી છે. એ સમસ્યા ઉકેલ માગે છે. અનેક જડાવો 'બ્રહ્મચારીઓની વાડીમાં' તવાતી કો અગોચર ખૂણે પડી પડી સહાનુભૂતિ ભરી સામાજીક સહૃદયતા માગે છે. એક જડાવની સમસ્યાનો ઉકેલ હજારો અજાણી જડાવોનો ઉદ્ધાર કરશે એ નિર્વિવાદ છે.

અને સાધુતાના સ્વાંગની પાછળ શયતાનીયત આચરતા નરાધમો સ્હામે સમાજે સ્પષ્ટ તિરસ્કાર દર્શાવવો જોઇએ છે. આંખ ખોલીને તમે જુઓ ને અયોગ્ય વર્તન ચલાવી લેવાનો મ્હાવરો તમે કેળવો નહિ, તો શયતાનોની આખી જમાતને આપણે હડસેલી શકીશું. એ બધો કચરો જલાવી દેશું તો, એની દુર્ગંધ મીટાવી દેશું તો, જૈનત્વની મધુર ફોરમ આપણને મુગ્ધ કરશે અને વિશુદ્ધ બનેલો સાધુ સમાજ આપણામાં પૂજ્યતાનો ભાવ પ્રગટાવી આપણો ઉદ્ધાર કરશે.

# સન્યાસ દીક્ષા નિયામક એકટ.

## વડોદરાની ધારાસભામાં ૩ વિરૂદ્ધ ૧૮ મતે પસાર.

( ટુંકો હેવાલ. )

### મંગળવારની બેઠક.

સંન્યાસ દીક્ષા નિયામક નિબંધના મુસદ્દા પર આજે વાદવિવાદ ચાલવાનો છે એવી ખબર આગળથી પડી ગયેલી હોવાથી ચર્ચા સાંભળવા અને પરીણામ જાણવા માટે આજે જૈનોની હાજરી વિશેષ જણાતી હતી. ગઇ કાલે રાત્રે પણ સંભ્યોના મત ખેંચવા માટે પ્રયત્નો થવાના સમાચાર મળ્યા છે.

પ્રમુખ કામચલાઉ દીવાન શ્રી. રામલાલ દેસાઇએ આવી બેઠક લેતાં કામકાજનો આરંભ થયો હતો.

### સન્યાસ દીક્ષા નિયામક નિબંધ.

સન્યાસ દીક્ષા નિયામક નિબંધનો મુસદ્દો ન્યાયમંત્રી શ્રી. ધુરંધરે રજુ કરતાં જણાવ્યું કે આ મુસદ્દાનો ઇતિહાસ તમે બધા સારી રીતે જાણો છો. શ્રી. લલ્લુભાઇ કીશોરભાઇએ આ બાબત રજુ કર્યા પછી આ બાબતની ચર્ચા ચાલે છે. આ સવાલ અગત્યનો છે. આ મુસદ્દાનું નામ સન્યાસ દીક્ષા નિયામક નિબંધ રાખવામાં આવ્યું છે. મુળ મુસદ્દો પ્રગટ થયા પછી આવેલા પ્રજામત વિષે તપાસ ચલાવી રિપોર્ટ કરવા રા. બા. ગોવિંદભાઇના પ્રમુખપણા નીચે એક સમિતી નેમાઇ હતી, સમિતિએ બારીકાઇથી તપાસ અને વિચાર ચલાવ્યો હતો. તે પછી મુસદ્દો પ્રગટ થયો છે, આ મુસદ્દાએ જૈનોમાં ભારે ખળભળાટ મચાવ્યો છે. જો કે મુસદ્દો હિંદુઓને પણ લાગુ પડે છે. જુના વિચારના જૈનો તરફથી લગભગ ૫૦૦૦ તાર આવ્યા છે, જ્યારે નવા વિચારવાળાઓ તરફથી લગભગ ૨૮૦૦ તાર આવ્યા છે.

### નસાડી ભગાડીને અપાતી દીક્ષા.

શ્રી. ધુરંધરે આગળ ચાલતાં જણાવ્યું કે જૈનોમાં નસાડી ભગાડીને દીક્ષા આપવામાં આવે છે. એના ટેકામાં કેટલાક દાખલા આપવામાં આવ્યા હતા, તેમાંના થોડાક ખોટા માલુમ પડ્યા છે. છતાં નાના બાળકોને નસાડીને દીક્ષા આપવામાં આવે છે તે વાત છુપાવી શકાઇ નથી.

શ્રી. ધુરંધરે તે પછી કુસુમવિજયજી માટે કોર્ટમાં થયેલી ફરિયાદ અને તેના આવેલાં પરિણામ વીષે લંબાણથી વિવેચન કર્યું હતું.

### સગીરનું હિત.

શ્રી. ધુરંધરે જણાવ્યું કે સગીરનું હિત જાળવવાની રાજ્યની ફરજ છે. રાજા પ્રજાના પાલક ગણાય છે. અને સગીરોના હિતને નુકશાન પહોંચવાનો ભય ઉભો થાય છે ત્યારે રાજા વચ્ચે પડે છે, સગીરને કરાર કરવાનો કે મીલ્કતની વહેંચણી કરવાનો હક નથી તો તેને તેની મીલ્કત ઉડાડી દેવાનો કે મીલ્કત છોડી દેવાનો હક હોવો જોઇતો નથી.

આ ઠરાવનો વિરોધ કરતાં શ્રી. વિલાશકરે ( પાટણ ) લંબાણ વિવેચન કર્યું હતું. આ સમયે શ્રી. ન્યાયમંત્રી સાહેબે વિલાશંકરભાઇને કેટલીક સમજુત આપી હતી.

### શ્રી. લલ્લુભાઇનો ઠરાવને ટેકો.

શ્રી. લલ્લુભાઇએ જણાવ્યું કે સાધુઓની જમાત છોકરાંઓને ફોસલાવી મફતનું ખાવાનું મળશે અને લોકોમાં માન મળશે ઇત્યાદિ સમજાવી લઇ જાય છે. શું આ લોકો પર અંકુશ મુકવાની જરૂર નથી? આ કાયદા સામે જૈન સીવાય બીજી કોમોનો વીરોધ હેજ નહી.

### થોડાક સાધુઓનોજ ખળભળાટ.

શું જૈનોએ પોતાને આ કાયદામાંથી બાતલ રાખવાની માંગણી કરી છે? આ સવાલ તપાસવાનો છે. આ બાબત સૌથી પહેલાં મેં ધારાસભા સમક્ષ આણી હતી તે વખતે ધારાસભા બે ભાગમાં વહેંચાઇ ગઇ હતી સરકારને આ બાબતની જરૂર જણાતાં તેણે પોતે હમણાં આ મુસદ્દો આણ્યો છે. શ્રી. વીલાશંકર જણાવે છે કે જૈનો આ કાયદાની વીરૂદ્ધ છે, પણ હું જે પ્રદેશમાંથી આવ્યો છું ત્યાંના જૈનો અને વીદ્વાનો તો આ કાયદાની તરફેણમાં છે. સગીરોને દીક્ષા આપનારા સાધુઓના ગોઠવાઓએજ આ વિરૂદ્ધતા ઉપાડી લીધી છે. કેટલીકવાર ગભરાયેલા માણસો સંઘને નામે વીરોધ કરે છે. કેટલેક ઠેકાણે તો ભલતું સમજાવી સહીઓ લેવાય છે.

### ન્યાયમંત્રીનો જવાબ.

ન્યાયમંત્રી શ્રી. ધુરંધરે તે પછી જવાબ આપતાં જણાવ્યું કે સમીતીએ ૧૪ સગીર બાળકોના બનાવ પર આધાર રાખ્યો છે. સાધુઓને બોલાવવામાં આવ્યા નથી. એમ શ્રી. વીલાશંકર કહે છે પણ સાધુઓ દુર હતા. અને તેમણે ચોમાસામાં આવી શકશે નહી જણાવી ચાર મહીના તપાસ મુલતવી રાખવાની માગણી કરી હતી. સમીતી એટલો વખત થોભી શકે નહી. સાધુઓની જબાની લેવાની સમીતીની ઇચ્છા હતીજ, પણ સાધુઓ આવ્યા ન હતા.

તેમણે તે પછી શ્રી. મહાવીર સ્વામીનો દાખલો આપી જણાવ્યું કે તેમણે મોટી વયે દીક્ષા લીધી હતી. અને તે પણ સગાઓની સંમતીથી દીક્ષા લીધી હતી. સગીરોને નસાડીને દીક્ષા આપવાના બનાવ ઘણા બની પડવાથી સરકારને આ કાયદો લાવવો પડ્યો છે. શ્રી. લલ્લુભાઇએ તરફેણમાં ઘણું કહેલું છે, એટલે હું તે દલીલ રજુ કરવા માંગી વખત લેવા માંગતો નથી.

### કાયદો ઘડવાની જરૂર.

તે પછી આવો કાયદો ઘડવાની જરૂરની તરફેણમાં ૧૮ અને વીરૂધ્ધમાં ૩ મત પડવાથી કાયદો ઘડવાની દરખાસ્ત પસાર થઇ હતી.

નીચલા ગ્રહસ્થોએ વીરૂદ્ધ મત આપ્યા હતા.

૧ શ્રી૦ વીલાશંકર કરૂણાશંકર.

૨ શ્રી૦ સોમનાથ મહાસુખરામ દવે.

૩ શ્રી૦ પીરજાદા મીર પ્યારાસાહેબ.

આ પછી તે ઠરાવ ઉપર કલમવાર ચર્ચા ચલાવવામાં આવી હતી, અને ત્રીજી અને ચોથી કલમોમાં નજીવા સુધારા સાથ બીજી બધી કલમો એકને એમ પસાર કરવામાં આવી હતી, અને એ રીતે દીક્ષા નિયામક એકટ ૩ વિરૂદ્ધ અને ૧૮ મતે પહેલીવારના વાંચનમાંથી પસાર થયો હતો. આ કાયદો બહુજ જલદી અમલમાં આવશે, તેમ તપાસ કરતાં જણાય છે.

બાઇ જડાવના સંબંધમાં જનતાને ઉંધે રસ્તે દોરવવાનો પ્રપંચ.

# જૈન જ્યોતિની કુટીલ નીતિ.

## વીરશાસનની ડંખીલી વૃત્તિ.

એક પત્રકાર પત્રકાર મટી જ્યારે પક્ષકાર બને છે, ત્યારે ગમે તેવી અસત્ય બીના રજુ કરવી હોય તોપણ તે અચકાતો નથી; જ્યારે એક પક્ષનો એ ગમે તે કારણોથી ગુલામ બને છે, ત્યારે બીજા પક્ષને કોઈ પણ રીતે ઉતારી પાડવાનો પ્રયત્ન ન કરે તો જે સાધ્યથી પોતાની નીતિથી ઉલટો ચાલે છે, તે સાધ્ય સિદ્ધ થઇ શકતું નથી. ભાઇબંધ જૈન જ્યોતિનું પણ એવુંજ બન્યું છે. તેમાં અગને આર્થિક સંકટજ કારણભૂત જણાય છે. ખેર! એ સંબંધી લખવાનો અત્યારે અમારો જરાએ ઉદ્દેશ નથી, અત્યારે તો જે આક્ષેપો તેણે પ્રબુદ્ધ જૈન અને તેના પ્રતિનિધિ ઉપર કરેલ છે કે જે તદ્દન અર્થહીન અને સત્યથી વેગળા છે, તે સંબંધી જનતામાં ગેરસમજ ન ફેલાય તે માટે ખુલાસો કરવો જરૂરી છે. જૈન જ્યોતિના તંત્રી તરફથી વૈશાખના અંકમાં બાઇ જડાવની મુલાકાતવાળા લેખમાં સાત મુદ્દાઓ ઉપર ભાર દઇને લખવામાં આવ્યું છે.

આ અર્થ વગરના સાત મુદ્દાને તારવી એ ભાઇબંધે અમારા ઉપર અણુછાજતો હુમલો કર્યો છે. જો કંઇક અર્થ-વાળા મુદ્દા તારવ્યા હોત તો અમે તેનો સહર્ષ સ્વીકાર કર્યો હોત: સાત મુદ્દાઓથી પહેલો મુદ્દો "વીશા ઓસવાળ નહિ પણ દશાઓશવાળ છે." એ બાબત જો કે 'ભ્રષ્ટાચારીઓની બદીમાં' ને કશો સંબંધ નથી, છતાં અમારા પ્રતિનિધિઓ એઓની વાતચીતમાં એ બાઇએજ વીશા ઓશવાળ કહેલું. બીજા મુદ્દામાં કાલન્દીમાં જે લગ્ન બતાવેલું છે, તે એ બાઇએ કહ્યુંજ નથી, પરંતુ દક્ષિણના કોઇ નજીક ગામડામાંજ પરણવાની વાત કરી હતી. ત્રીજા મુદ્દાના જવાબમાં બાઇનાજ શબ્દો હતા કે "મે સાસરૂં જોયુંજ નથી." ચોથા મુદ્દામાં ઉંમર સંબંધી ગણિતશાસ્ત્રી તરીકે અનુમાન બાંધી બાઇની ઉંમર બત્રીસ વર્ષની છે, તેમ સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે. પરંતુ બાઇએજ વીશ એકવીશ વર્ષની ઉંમર બતાવેલી, તેમ છતાં મૂળ લેખમાં જો ભાઇબંધ જૈન જ્યોતિના તંત્રીએ ઉંડા ઉતરી તપાસ કરી હોત તો તદ્દન અસત્ય આક્ષેપ ન કરત. "પ્રબુદ્ધ જૈન" તા૦ ૨૨-૪-૩૩ ના અંકમાં 'ભ્રષ્ટાચારીની બદીમાં' એ હેડીંગ નીચે પૃષ્ઠ ૧૯૯ ઉપર પેલી કોલમમાંજ તે સંબંધી જણાવ્યું છે કે 'દુઃખથી પીડાની આ બાઇ વીશ વર્ષની હોવા છતાં ત્રીસથી પાંત્રીસની લાગતી.' આ ખુલ્લા શબ્દો લખવા છતાં પણ આ મુદ્દો કેમ તારવી કહાડ્યો તે સમજાતું નથી. દશ વર્ષના દીક્ષા પર્યાયની બીના પણ કપોળ કલ્પિત છે, કારણ કે તે બાઇએજ કહેલું કે લગભગ ત્રણ વરસ દીક્ષા પાળેલી. પાંચમાં મુદ્દામાં ગીરધરલાલ બાઇ અને ચુની-બાઇનો ઉપકાર ભર્યો હાથ હતો તેમ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પણ ખુદ બાઇનાજ મોઢેથી એ શબ્દો સાંભળેલા કે 'મારી દેખરેખ પોસીનાના એક મુસ્લીમ રાખે છે.' છઠ્ઠા મુદ્દામાં મુસ્લીમ લત્તો અને હિન્દુ લત્તો જુદા જુદા નથી તેમ જણા-વવામાં આવ્યું છે. પણ અમારા પ્રતિનિધિ જ્યારે એ બાઇની તપાસ માટે તેને ઘેર ગયેલા ત્યારે આસપાસ મુસલમાનોનીજ વસ્તી જણાએલ, એટલેજ તેમ લખવામાં આવ્યું છે. સાતમા મુદ્દામાં જમાલ અબ્દુલની છાપ ત્યાં નોકરીદાર આદમી તરીકેની છે, અને તે જાતે છીપા છે.' પણ એમાં અમે જમાલનું નામજ લખ્યું નથી. છતાં નેક મુસલમાન પોતાના ધર્મમાં ખેંચવા દરેક પ્રયત્ન કરે છે, એ હકીકતથીજ લખવામાં આવેલ છે.

આમ આ સાતે મુદ્દા બીનપાયાદાર છે, છતાં તેની જોડે અમારો લખવાનો કશો ઉદ્દેશ નથી. અમે તો એમ કહેવા માંગીએ છીએ કે આજે સમાજમાં ધર્મના ઓઠા નીચે કેવા કેવા સ્વચ્છંદતાનીયત ભરેલા દાવો ખેલાઈ રહ્યા છે! બાઇ જડા-વની સફેદ પછેડીની ઓથમાં રહી કેવી ભયંકર સ્થિતિ એક ધર્મના ઠેકેદાર તરફથી કરવામાં આવી છે, સમાજ પણ તેના ઉપર કેટલી હદ સુધી બેદરકાર રહે છે, એ જણાવવાનોજ અમારો મુખ્ય ઉદ્દેશ હતો. અને એ ઉદ્દેશથી પ્રેરાઇનેજ અમે પ્રમાણિકપણે એ લેખને સ્થાન આપ્યું હતું.

ઉપરોક્ત મુદ્દાના તારણ ઉપરથી એમ જણાય છે કે બાઇ ધીરજલાલ ખરેડી ગયા હતા, પરંતુ બાઇ જોડે વાતચિતનો પ્રસંગ મેળવ્યો હોય તેમ જણાતું નથી. સ્થાનિક પંચમાંના કેટલાક સોસાયટીના ભક્તો પાસેથી અર્ધ સત્ય હકીકતો મેળવી લખવામાં આવ્યું છે, આ સોસાયટીના ભક્તોને પણ અમારા પ્રતિનિધિઓ મળ્યા હતા. તેમાંના એક ભાઇ તો યુવક સંઘના એટલા કટ્ટર દુશ્મન છે કે યુવક સંઘ તરફથી ગમે તેવું સારૂં કામ થતું હોય તોપણ તે ન થવા દેવું એવા નિશ્ચયના છે. અમારા કામને ચૂંથી નાંખવામાં એ ભાઇ જવાબદાર છે. એ ભાઇ એટલે સુધી બોલવા છે કે "એ બાઇ કાલે વટલાતી હોય તો આજે ભલે વટલાય, અમારે જૈનોની વસ્તી વધારવી નથી, અમારે સો સમકિતધારી જૈનો હશે તો બસ છે." આવી મનોદશા સેવનાર એ ભાઇનું હાલ નામ આપવું કલ્પ-તનું છે, ભવિષ્યમાં જોઇ લેવાશે. તે સિવાય ચુનીભાઇની તપાસ કરેલ પણ તેઓ સિરોહી ગયા હતા. ત્યાર પછી મીલાપચંદને મળવા અમારા પ્રતિનિધિ ગયેલા. તે વખતે તે ભાઇએ કેટલીક આડી અવળી વાતો કરી પછી મુદ્દાની વાત ઉપર આવતાં બોલ્યા કે "તમે એ બાઇની ખર્ચી માટે બે વર્ષના, મહીને દશ લેખે ૨૪૦) રૂપીઆ અમને આપો તો એક બે મહિના પછી એ બાઇને સમજાવીને તમારી તરફ મોકલાવું" આ શબ્દો સાંભળી કેટલીક શંકા થઈ. રૂપીઆની કેમ માંગણી કરવામાં આવી તે તો અણુ ઉકેલ કોયડોજ છે.

એ બાઇને સારા સંજોગોમાં મૂકી તેના જીવન સુધારની અમારી પવિત્ર મુરાદ હતી, અને છે. તેના સંબંધમાં જનતાને

સંપૂર્ણ વિશ્વાસ છે. તે સિવાય જે એકલ વિહારી સાધુને સાધુ તરીકેજ સ્વીકારતા નથી, છતાં તેનોજ આશ્રય લેવામાં આવે છે. એ ઘટનાની પાછળ કોઈ ભયંકર મુરાદ હોય તેમ જણાય છે, પ્રિયંકરવિજય જેવા એકલ વિહારી સાધુનો જે ઉલ્લેખ કરાયો છે, એજ વસ્તુસ્થિતિ બતાવે છે કે ભાઈ ધીરજ-લાલની નીતિમાં પલ્ટો થયો છે. તેના ટેકામાં હમણાંજ બન્યું છે કે સોસાયટીના ભાડુતીઓ જોડે એ ભાઈ પણ વીરમગામના સ્ટેશન ઉપર રહ્યા. કોન્ફરન્સના પ્રમુખ શ્રીયુત્ હેમચંદ રામજીને દીક્ષા સંબંધીનો ઠરાવ ન આવે તે માટે સમજાવવા ગયેલા. આવા બન્ને બાજુ ઢોલકી વગાડતા પત્રકાર ઉપર કેટલો વિશ્વાસ રાખવો એ જનતા સ્વયં સમજી લેશે. આગળ જતાં એજ લેખમાં પ્રબુદ્ધમાં આવેલી 'જૈન જ્યોતિની અમલ્લા' એ હેડીંગ નીચેની નોંધનો જવાબ આપતાં એવા શબ્દો વાપરવામાં આવ્યા છે કે જનતા ભ્રમણામાં પડે. એ ભાઇ જણાવે છે કે "અમારા જેવા કોઇ પણ જાતના પબ્લીકના ફંડ ઉપર નહિ નભનાર સામાન્ય સ્થિતિના માણસને એવી કરકસર કરવી પડે તો તે ક્ષંતવ્યજ લેખાય." ઉપરના શબ્દોમાં એ ભાઇ જણાવવા માગે છે કે 'હું પબ્લીકના ફંડ ઉપર નભતો નથી.' એ વાત તદ્દન અસત્ય છે. અમે ખાત્રી પૂર્વક માનીએ છીએ કે પ્રબુદ્ધ અને યુવક સંઘ સેવાવૃત્તિથીજ કાર્ય કરે છે, ત્યારે એ ભાઇ આજીવિકા અર્થેજ સેવાના સાજ સજે છે. તેને અંગે કોઇ ગરજી પડે કે દંભ સેવવો પડે તેમાં નવાઇ નથી. અનેક સાધુઓના ગરજી લઇ એ ભાઇનું અત્યાર સુધીનું જીવન નભ્યું છે, અને છેવટનો નીતિ પલ્ટો પણ તેને ટેકો આપે છે. યુવક સંઘ પાસે પબ્લીકનું ફંડ નથી, પરંતુ જ્યારે જ્યારે પૈસા જોઇએ ત્યારે પોતાના સભ્યોમાંથી તે મેળવે છે અને તેનો હિસાબ યુવક સંઘને ચોપડે રહે છે. કોઇ પણ સભ્ય તેને જોઇ શકે છે.

આગળ જતાં તેમાંજ લખવામાં આવ્યું છે કે "આ ભાઇને અમેજ ભગાવી શકીએ એવું તપાસ કરવાનું વલણ મિથ્યાભિમાની છે." આ આક્ષેપ તદ્દન ઉપજાવી કાઢેલ છે. અમે એવો દાવો કર્યોજ નથી. અમે તો એમ કહેવા માંગતા હતા કે 'આ બાબતમાં અમારા પ્રતિનિધિ જેટલા ઉંડા ઉતર્યા છે, તેટલા ભાગ્યેજ બીજા ઉતર્યા હશે' તેમાં એ બાબત ક્યાં આવી? આવી જુદી વિચાર સરણી ઉત્પન્ન કરી લોકોને ઇરાદા પૂર્વક અવળે રસ્તે દોરવવામાં ધીરજલાલનો ઉદ્દેશ સ્પષ્ટ છે. જૈન સમાજને બેવકુફ બનાવવાની તક કોણ લ્યે છે, એ હવે છૂપું નથી. "સાધુ ન જોઇએ, ધર્મ ન જોઇએ, પ્રાચીન પુસ્તકોના પ્રમાણ ન જોઇએ," એમ કદિ યુવક સંઘે જાહેર કર્યું નથી. આ બીના ક્યાંથી ઉપજાવી કાઢવામાં આવેલ છે, તે સમજાતું નથી. અમે તો કહીએ છીએ કે અમે સાચા સાધુ માંગીએ છીએ, શુદ્ધ ધર્મ અને શાસ્ત્રોને માનીએ છીએ. ઉપરાંત એમ કહેવામાં આવ્યું છે કે તે ભાઇને મુસલમાન બનાવવા જેવી કોઈ વસ્તુજ નથી. આના સંબંધમાં અમોને નીચેના કારણો જણાયાં કે જેણે અમારા અનુમાનને પુષ્ટિ આપી.

## મુસ્લીમ થવાના ભયનાં કારણો—

(૧) એ ભાઈ ઉપર એક મુસ્લિમનો ઉપકાર થયેલો હોય છે અને તેનીજ સીધી દેખરેખ નીચે રહે છે, એવો ભાતિ અનુભવ છે.

(૨) એ ભાઇએ અત્યાર સુધી પોતાના ઉપયોગમાં મુસ્લીમનાં કેટલાંક વાસણો લીધાં છે. જો ત્યાંના પંચની દેખ-રેખ નીચે હત તો મુસલમાનના વાસણો ભાઇ ન વાપરત.

(૩) એ ભાઇએ મજુરી કરીને બચાવેલ બાર રૂપીઆ એક મુસ્લીમ ભાઇને ત્યાં જમા કરાવેલ છે, કે જેની ચીઠ્ઠી અમારી પાસે મોજુદ છે. જો તેને ખરેડીના પંચની કોઇ પણ વ્યક્તિ ઉપર શ્રદ્ધા હત તો મુસલમાનોને ત્યાં પોતાના પરસેવાના ટીપાથી પ્રાપ્ત કરેલ બાર રૂપીઆ કેમ રાખ્યા? કોઇ પંચમાંથી તેની રકમ જમા કરવા યોગ્ય માણસ ન મળ્યો?

(૪) એ ભાઇ મુસ્લીમ વાતાવરણમાં છે; કારણ કે અમારા પ્રતિનિધિ જ્યારે એ ભાઇને સમજાવી, અને તેણી આવવા તૈયાર થઇ, ત્યારે બીબી જમાલેજ તેનો વિરોધ કરેલો અને તેને ત્યાં એ બેઠેલી હતી, અને પછી બાજુના મુસ્લીમોના ઘરમાં ગઈ હતી.

આ બધી બાબતોનો વિચાર કરી, હમણાં મુસલમાન કેમ બનાવાય છે તેનો અભ્યાસ કરવામાં આવે તો એજ નિશ્ચય થાય છે કે તેનું મુસ્લીમ થવું અશક્ય નથી, અને તેથીજ ભવિષ્યમાં મુસ્લીમ થઇ ન જાય તેવો ઉલ્લેખ કરાયો છે.

આટલી વાત સ્પષ્ટ કરી હવે શુક્રવારીયાના તંત્રીની નોંધ ઉપર આવીએ.

## શુક્રવારીયાની ઝેરીલી દૃષ્ટિ—

ભાઈ ધીરજલાલ ટોકરશીની નોંધ ઉપરથી શુક્રવારીયાને જાણે કોઇ મનુષ્ય સામે મોટા મુદ્દો મળી ગયો હોય તેમ ઉછાળી મૂક્યું છે, જૈન જ્યોતિને માથાનું બગાડી, ખરેડીના મહાજનને ઉશ્કેરે છે. પરંતુ યુવક સંઘને એની કશી પરવા નથી, પ્રબુદ્ધ જૈને કદિ જુઠું લખ્યુંજ નથી. તેને શુક્રવારીયાની જેમ અસત્ય વસ્તુ ઉપર સત્યનો ઓપ ચઢાવવો નથી, ભ્રષ્ટાચારી ઢોંગધ્યેય સાધુઓનો આશ્રય શોધી ધર્મ અને સાધુ સંસ્થાની પોલીને પોષવી નથી, સંઘ સત્તાની અવગણના કરવી નથી. એટલે તેને અસત્ય વસ્તુ આલેખવાની જરાયે જરૂર નથી. તે સિવાય જેણે આવી બાબતોમાં જરાયે ભાગ ન લીધો હોય તેને ટીકા કરવાનો હક શો છે? આવા કિસ્સાઓ અનેક બને છે, શુક્રવારીયા જેવાં સાધુઓની પોલ ઉઘડતાં જાણે ધર્મનો નાશ ન થઇ જતો હોય, તેમ હોહા હોહ કરી મૂકે છે. તેવા ગરીબ પત્રકાર અને સોસાયટી ભક્તોજ આવા કિસ્સાઓ માટે જવાબદાર છે. આવા કિસ્સાઓજ એ સોસાયટી અને તેના માનેલા ગુરૂઓનો નાશ જલદી કરશે. આવા લેભાગુઓ જો જૈન સમાજમાં ભરાયા ન હત તો જે સ્થિતિ આજે સમાજની છે તે ન હોત. વિધવા વિવાહ સંબંધી ઉલ્લેખ કરતાં પણ આ ઝેર શાસન ચૂક્યું નથી એજ એની ઝેરીલી વૃત્તિ શાબિત છે. જ્યાંસુધી આવાં ઝેર શાસન સમાજમાં અસ્તિત્વ ધરાવે છે, ત્યાંસુધી સમાજની ઉન્નતિ અશક્ય છે. તેનો નાશ થયેજ છૂટકો છે. અમે જો ખરેડીનો ખુલાસો કરીશું તો સોસાયટીનાં અનેક પાપો પીપળે ચઢીને પોકારશે એ ઝેર શાસનના તંત્રી શ્રી સમજી લ્યે. સમય આવે એ પણ થશે.

—મંત્રીઓ, જૈન યુવક સંઘ.

# સામાજિક વાયરા

**મહુવા**—એમ સંભળાય છે કે આચાર્ય નેમિસૂરિના જન્મ સ્થાન પર તૈયાર થતા ગુરૂમંદિરને શ્રી મહાવીર સ્વામિના દહેરાસર ખાતા તરફથી એક મોટી રકમ ધીરવામાં આવી છે. તેના સંબંધમાં આચાર્યશ્રી વચન આપ્યા મુજબ દેવદ્રવ્યની લેણી રકમ લાવી શક્યા નથી. પૂર્વાચાર્યોની મૂર્તિના ઓઠાં નીચે પોતાની મૂર્તિ બેસાડવાના અને તે રીતે દેવ તરીકે પૂજાવાના કોડ પૂરા કરવા દેવદ્રવ્યનો ઉપયોગ આવી રીતે થઇ શકે ખરો કે? કોઇ સાધારણ માણસ જો દેવદ્રવ્યની મીલ્કત અંગત રીતે વાપરે તો તેને સાતમી નરક બતાવાય છે. જ્યારે એક શાસન નાયક અને સૂરિસમ્રાટ તે રીતે કરે તો તે માટે કયું સ્થાન નિયત થશે? આ પ્રશ્ન ઉગ્ર સ્વરૂપ ધારણ કરતો જાય છે, અને વાત એટલે સુધી વધી છે કે એક ગૃહસ્થે સોલીસીટર મારફત તે બાબત માટે કાયદેસર નોટીસ આપી છે. કેટલાક કહે છે કે મહુવા ઉપર નેમિસૂરિનો ઉપકાર છે, એટલે તેમની પ્રતિમા પધરાવાય તેમાં આપણી કૃતજ્ઞતા છે. પરંતુ જો ઉપકારનોજ પ્રશ્ન હોય તો સ્વ. વિજયધર્મસૂરિનો ક્યાં ઉપકાર ઓછો છે? તેમની પણ મૂર્તિ પધરાવવી જોઇએ. આમ આ મામલો હાલ તો ઉકળ્યે રહ્યો છે. જોઇએ છીએ શું પરિણામ આવે છે?

**જિનમંદિર કરતાં ગુરૂમંદિર ઉંચુ**—દેવાધિદેવ ભગવાન મહાવીર સ્વામીની જીવંત અવસ્થામાં પ્રતિષ્ઠિત થયેલ તેઓશ્રીના મંદિર કરતાં પણ ગુરૂમંદિરની ઉંચાઇ વધી ગઇ છે. એટલે જિનમંદિર ઢંકાય જાય છે. તેથી કેટલાક શ્રદ્ધાળુ ભક્તોના મનમાં શંકા ઉપસ્થિત થઇ છે કે ગામના લોકો ઉપર આફત ઉતરશે. તેના ટેકામાં ગત દિવાળીના દિવસે લક્ષ્મીપૂજન પછી દર્શનના સમયે શ્રી જીવિત સ્વામિના મંદિરની ધજા વારંવાર ઓલવવા છતાં ત્રણ વખત સળગી ઉઠી હતી. આથી લોકોનો વ્હેમ મજબૂત બન્યો છે, એટલુંજ નહિ પણ કેટલીક આસામીઓ પણ નબળી પડી ગઇ છે, અને પડતી જાય છે. આમ ગુરૂમંદિર તરફ લોકો વ્હેમની દૃષ્ટિએ જુએ છે. પણ આચાર્યશ્રીના દાબથી કોઇ બોલતું નથી. આ વાત કોઇ આચાર્યશ્રીના કાને નાંખશે કે?

**જ્ઞાતિ ચર્ચા**—એમ કહેવાય છે કે પાલીતાણામાં જ્યારે ઘોળ ભેગો થયો હતો ત્યારે મહુવાના પ્રતિનિધિ તરીકે ગયેલ શા. દુર્લભદાસ નાનચંદે ગુજરાત બાજુ ઘોળ બહાર પૈસા લઇ પોતાની પુત્રીનાં લગ્ન કરેલ છે. જ્ઞાતિની એક મીટીંગમાં આ બાબત રજુ કરવામાં આવી હતી પરંતુ તેનું કંઇ પણ પરિણામ આવ્યા સિવાય તે મીટીંગ બરખાસ્ત થઇ હતી. તે મીટીંગમાં એવી વાત ચર્ચાઇ હતી કે શા. દુર્લભદાસે પુત્રીના હિત ખાતરજ આ પગલું ભર્યું છે. તેમના જમાઇ ત્રણે આવી ગયા, ઉંમર નાની છે. ઘોળમાં આવા મુરતીઆ તેમને ન મળત. અને કન્યાવિક્રય માટે તો સજા થતી જ નથી. એટલે આ બાબતમાં કશું ન થાય તો ખોટું નથી.

**ચિત્તલ અને પાલીતાણાનું મહાજન વિચારશે કે?**—ઉપરોક્ત મહુવા જ્ઞાતિનો દાખલો લઇ ઘણા વરસથી ઘોળમાં વસતા અને ઘોળમાંજ કુટુંબ કબીલાવાળા અને ઘોળમાં રહેવા ઉત્સુક મુરતીઆને કન્યા આપવા બદલ ચિત્તલ અને પાલીતાણાના મહાજને શ્રીયુત વીરચંદ પાનાચંદને જે સજા કરી છે તે માટે ફરી વિચારણા કરશે કે?

**ભાવનગર**—એકડા જ્ઞાતિની મીટીંગ મળી હતી. રંઘોળા મુકામે પ્રતિનિધિઓ ભેગા મળ્યા હતા, અને ગોઠવણ મુજબ ઠરાવો પાસ કરવામાં આવ્યા છે. અત્રે દેશ અને કોમની સેવા બજાવનાર શ્રીયુત વીરચંદ પાનાચંદ શાહ સાથે જમવાના ગુન્હા બદલ જ્ઞાતિએ શ્રીયુત દેવચંદ દામજી કુંડલાકરને પૂછતાં તેમણે જણાવ્યું કે શ્રી વીરચંદભાઇ જમવાને ટાણે મારે ઘેર આવ્યા હતા, સામાન્ય રીતે વિવેક થતાં તેઓ મારે ત્યાં જમ્યા હતા. તે માટે હું ગુન્હેગાર છું. જે સજા કરવી હોય તે કરો. આવા એક જ્ઞાતિના આગેવાન તેમજ ધુરિણ પ્રવૃત્તિમાં અગ્રેસર, અને એકડાની જ્ઞાતિના પાયા સમાન ગણાતા શ્રી દેવચંદભાઇની આ સ્થિતિ કેમ કરવામાં આવી? તે કોયડો હજુ ઉકેલાયોજ નથી. નવાઇની વાત તો એ છે કે શ્રી વીરચંદભાઇ જોડે પાલીતાણા, ભાવનગર, કુંડલા, મહુવા, તળાજા, શિહોર, અમરેલી વગેરે ઘણા તાલુકાના આગેવાન ગૃહસ્થો જમ્યા છે, પણ તેમનું તો કોઇ ભાવેય પૂછતું નથી!

**ગોહિલવાડ વીશાશ્રીમાળી જ્ઞાતિ સંમેલન**:—રંઘોળા મુકામે જ્ઞાતિ સંમેલન મળ્યું છે. ભાવનગર સાથે માન ભરી સુલેહ થવાથી રંઘોળાને યશ મળ્યો છે તેમ સંભળાય છે,

## ચર્ચા પત્ર.

સીહોરથી એક ભાઇ નીચે મુજબનું ચર્ચાપત્ર રજુ કરે છે.

હાલમાં રંઘોળા મુકામે વીસાશ્રીમાળી ન્યાતનું સંમેલન ભેગુ થયેલ છે, બેકારીના વખતમાં ખોટા ખરચ ઘટાડવાના છે, તેવા વખતમાં સીહોરમાં વીશાશ્રીમાળી તપગચ્છવાળા કર વધારવા વિચાર કરે છે. ૧૫ વર્ષ પહેલાં હતો તેનાથી કેટલો કર વધારેલ છે? કર વધારી મુડી ભેગી કરી શું કરવું છે? પૈસા ભેગા કરી કોઇને સ્કોલરશીપ આપી છે? કે ધંધે રોજગાર લગાડેલ છે? કાયદો ગરીબ માટે છે. ગરીબને રૂપીઆ અગર બીજું કંઇ જોઇએ તો "સૌને ભેગા કરો" તેમ કહે. પુછ શેઠને જોઇએ ટો કોઇ પૂછે? તેવા દાખલા જોઇશે તો હવે પછી મોકલીશ.

લી૦ શીહોરવાસી.


## लाभ लेवा चूकशो नहीं.

पंडित हीरालाल हंसराज तरफथी प्रसिद्ध थयेलां तमाम ग्रंथो दिवाळी सुधी

## अर्धी किंमते मळशे.

ता. क.-आचारांग सूत्र छपाय छे तेनी अर्धी किंमत समजवी नहि.

लखो:—पंडित हिरालाल हंसराज.

जामनगर.

# हिन्दी विभाग.

## श्री महाराष्ट्र जैन युवक संघकी नासिकमें स्थापना.

ता. १४-५-३३ रवीवार को मेन रोड पर श्रीमान् शेठ पृथ्वीराजजी निमाणी के हाथोंसें श्री महाराष्ट्र जैन युवक-संघ की स्थापना हुइ, स्थापनेके समय तिनों सम्प्रदाय के सभ्य उपस्थित थे.

यहां पर ता. २०-२१-२२ मइ, को नासिक जिल्हा ओसवाल सभा होनेवाली है. इस लिये उसके जोडेसें कार्य-कर्ताओंको यह भ्रम हुवा की इससे ओसवाल सभा के कार्य को धक्का लगेगा, क्योंकी ओसवाल सभा और युवक संघके बहुतसे कार्यकर्ता एकही है. संघके मुख्य कार्यकर्ता श्री माणिकलालजी भटेवरा, और हेमराजजी चंडालीया ने ओस-वाल सभा के प्रचारका कार्य फेर जिल्हेमें किया है. इसलिये कुछ लोग इस संघके स्थापनाको विरोधी थे. इस लिये स्था-पना के समय श्रीमान् शेठ चांदमलजी बरमेचा, श्रीमान मनोहरमलजी गोटी और श्रीमान चुनीलालजी रांका बी. ए. नें विरोध किया. विरोध करनेके लिये श्री. चुनीलालजी रांका बी. ए. ने संघके स्थापनोत्सवमें न जाने के लिये व्हॉलेंटिय-रोंको नोटीस दिया था. और छोटे छोटे (व्हॉलेंटियर) बेन्चों को मारा भी, फिर भी स्थापना के समय सब लोग आये, परंतु स्थामनाका निर्णय होनो पर श्री. चुनीलालजी रांका बी. ए. उठकर चले गये तथा आ ओडे सभ्योंको खींचनेकी कोशीस कीं, परंतु असफल रहें.

स्थापना के विरोध के उत्तर में अध्यक्ष महोदय श्री. पृथ्वीराजजी निमाणीनें कहा—कीं यह कोइ विरोधी संघ नही है. किंतु संघ के ओसवाल भ.ई आपके इस अधिवेशनमें आपको ऐसी मदत देंगे. जिससे आपकी सभा गरीबोंके लिये भी कुछ ठोस काम कर सके तथा दोखावटी प्रस्तावोमें समय पूरी न होजाय.

बाद में साहित्यरत्न दरबारीलालजी न्यायतीर्थ नें कहा के ओसवाल सभा समाज सुधारक कार्य करे ऐसी इस संघ की आवश्यकता है. क्योंकी ओसवाल सभा उतनेही कार्य कर सकती है जितने पर सभा से काम लिया जा सके. जब की संघका कार्यक्षेत्र इससे विशाल है. यह संघ तिनों सम्प्र-दायोंके लिये तथा समस्त महाराष्ट्र के लिये है. तिनों सम्प्र-दायोंकी इफताकी इस समय कितनी आवश्यकता है इसके कहनेकी जरुरत नहीं है, इत्यादि!

## अपनी समाजका पुनरुत्थान कैसे हो?

—शेठ अचलसिंहजी

( गतांक से चालु. )

(२) अपनी समाज में एक दो व्यक्तियों को अपना अगुआ अवश्य बनाये रखना चाहिये। जो कोई नई बात की जाय वह आपस में प्रेमपूर्वक मिलकर करनी चाहिये। अगर एक दूसरे की शिकायत करता है तो या तो रुबरु बैठकर या किसी योग्य मनुष्य को बिच में डालकर मामले-को या गलत-फहमी को साफ कर लेनी चाहिये, न कि बगैर सोचे जो चाहे सो कह डालें या कर डालें।

(३) हर एक स्थान पर एक धर्म स्थान होना चाहिये, जहाँ प्रतिदिन, प्रति सप्ताह अथवा प्रति महीने में एक समय तो अवश्य मिलकर धार्मिक संबंधी बातों पर विचार किया जा सके जिससे धार्मिक उन्नति होती रहे।

(४) व्यक्ति व्यक्ति से गृह बनता है, गृहों से समाज बनता है, समाजों से देश बनता है। यदि हर व्यक्ति अपने को संगठित कर लेता है तो परिणाम यह होता है कि समाज और समाज से देश आसानी से संगठित हो जाता है। स्थानीय समाज को अपना संगठन करना चाहिये और जब तमाम गाँव, कस्बे, तहसील और नगर की समाजें संगठित हो जायगी, तब उसका परिणाम यह होगा कि आपका सम्पूर्ण प्रांत अवश्य संगठित हो जायगा।

### कुरीतियाँ

कुरीतियाँ, जो कि बहुत समय से जैन-समाज में चली आती हैं, उन्होंने जैन-समाज की जडों को खोखला कर दिया है और यदि यही हालत रही तो एक दिन वह आएगा जब जैन-समाज रुपी वृक्ष बिल्कुल नष्ट हो कर गिर जाएगा। इस-लिए यह अत्यन्त आवश्यक है कि देश, काल-समयानु-सार-जो कुरीतियाँ हैं उनको बिल्कुल निर्मूल कर देना चाहिये। तब ही आप अन्य समाजों की तरह उन्नति कर सकेंगे। मैं समाज का ध्यान निम्न कुरीतियों की ओर दिलाना चाहता हूँ, जिनको शीघ्र दूर करने की अत्यन्त आवश्यकता है:—

[ अपूर्ण. ]

इसके बाद कुछ चर्चा हुवा तब बिरोधी भाइयोंका समाधान होने पर सर्वानुमत से संघकी स्थापना हुइ. ऐसा निर्णय हुवा.

संघके सेक्रेटरी श्रीयुत् माणिकलालजी भटेवरानें संघका उद्देश पढकर सुनाये, और संघ की स्थापना हुइ. नासिक जिल्हेकी बहु संख्यांक जैन समाज संघसे परिचित है. और उसमें सहानुभूति रखती है.

આ પત્ર મનસુખલાલ હીરાલાલ લાલને જૈન ભાસ્કરોદય પ્રિન્ટીંગ પ્રેસ, ધનજી સ્ટ્રીટ, મુંબઈ નં. ૩ માં છાપ્યું છે. અને ગોકળદાસ મગનલાલ શાહે 'જૈન યુવક સંઘ' માટે ૨૬-૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩, માંથી પ્રગટ કર્યું છે.

ઉપવાસનું રહસ્ય.

Reg. No. B. 2917.
છુટક નકલ ૧ આનો.

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રીય સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

તંત્રી: રતિલાલ ચીમનલાલ કોઠારી. સહતંત્રી: કેશવલાલ મંગળચંદ શાહ
શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર. વાર્ષિક લવાજમ રૂા. ૨-૮-૦
વર્ષ ૨ જું, અંક ૩૦ મો. શનીવાર, તા० ૨૭-૫-૩૩.

## सामयिक प्रेरणा.

आकुलीभूतमालोक्य, जने पापे प्रसृत्वरम् ।
तमुद्धर्तु ततो नेतुं, श्रेयांसं चोज्ज्वलं पथम् ॥

—જનતામાં ફેલાયેલ પાપ જોઈ આકુળ થએલા અને તેમાંથી તેનો ઉદ્ધાર કરી, ઉજ્જવળ કલ્યાણકારક માર્ગ પર તેને લઈ જવા સારૂ—

अतिघोरं तपस्यन्तं, विश्वविस्मयभाजनम् ।
महाकारुणिकं विश्व वत्सलं पुरुषोत्तमम् ॥

—સહુને વિસ્મય પમાડે એવો અતિઘોર તપ આદરી બેઠેલા મહાકારુણિક, વિશ્વવત્સલ પુરૂષોત્તમ—

अनुयात महात्मानं भो भो भारतमानवाः ।
बुध्यध्वं च तदादर्शं, प्रयतध्वं च मुक्तये ॥

—મહાત્માજીને હે ભારતના માનવીઓ! તમે અનુસરો! તેનો આદર્શ સમજો અને મુક્તિ માટે અપનાવો!—

दुःखमार्गानपाकर्तुं, सर्वान् विश्वस्य साम्प्रतम् ।
प्रयतते भुवि भूपीठे, स एवैको व्यवस्थताम् ॥

—જગતના સઘળા દુઃખમાર્ગોને ખસેડવા માટે આ સમયમાં પૃથ્વી પીઠ પર પ્રયત્ન કરનારાઓમાં આ એકજ મહા પુરૂષ મુખ્ય દેખાય છે.—

विजानीध्वं महान्तं तं, जगत्कुशलभावनम् ।
न सन्तमवमन्यध्वं, तमावेशप्रवेशतः ॥

—જગતભરનું કુશળ ચિન્તવી રહેલ એ મહાન આત્માને ઓળખો! આવેશમાં આવી એ સંતને ન અવગણો!—

—ન્યાય વિજયજી

## પોકાર

ચુપ ન રહેજો—જ્યારે પોકાર પાડવો એ તમારૂં કર્તવ્ય છે એમ તમને લાગે ત્યારે; મૌન ન સેવજો-જ્યારે વિરોધની ઘોષણા કરવી એ તમારો ધર્મ છે એમ તમને સમજાય ત્યારે.

એ ચુપકીદી, એ મૌન માનવીઓને કાયર બનાવી નાંખે છે.

માનવજાતિ એ વિરોધના બળે આગે બઢતી રહી છે.

જો કોઈ જમાને અન્યાય, જુલ્મ અને લાલસાની સામે અવાજ ના ઉઠાવ્યો હોત, તો આજે પણ ધર્માન્ધતાના જનુને સ્થાપેલા માણસોને જીવતાં બાળી મૂકવાના કાનુનનું રાજ્ય ચાલી રહ્યું હોત; આજે પણ સાવ મામુલી તકરારોના દંડ તરીકે માનવીઓનો શિરોવધ થતો હોત.

અનેકના ઉપર ગુજરતો અન્યાય ટાળવા થોડા વિરલાઓએ વિરોધ પોકારવાનું સામર્થ્ય બતાવવું જોઈએ; અને એ ગેરઇન્સાફ નાબુદ થાય એટલા માટે ફરી ફરીને વિરોધનો અવાજ બહાર કાઢવોજ જોઈએ.

આજનો માનવી ગત કાળના એ સ્વાર્પણ-ધર્મના પૂજારી વીરો અને વીરાંગનાઓનાં સ્તુતિગાન કરે કે આજે, આ યુગમાં અને પૃથ્વી ઉપર માનવીના પોકારના અવાજને નહિ તો કોઈ સત્તા ગુંગળાવી શકે, કે નહિ તો દબાવી શકે.

જ્યાં સુધી ગેરઇન્સાફના પાયા ઉપર રચાયેલી આજની રચના નહિ બદલે ત્યાં સુધી, બહાદુર પુરૂષની વાણી અને આચાર તમામ અનર્થો સામે જોશથી વિરોધનો અવાજ કાઢ્યા કરશે, તમામ સીતમો સામે અથાકપણે પોકારનો ઢોલ પીટયે જશે, ગરીબોને સતાવી દોલતની રક્ષા કરનારા દોલતના તાબેદાર કાયદાઓના ગેરકાયદેપણા સામે ઉંતે સુધી લડ્યા કરશે.

( ફુલછાબમાંથી )

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

(આચારાંગ સૂત્ર.)

# પ્રબુદ્ધ જૈન.

શનીવાર, તા૦ ૨૭-૫-૩૩.

## ઉપવાસનું રહસ્ય.

આપણા શાસ્ત્રોમાં ડગલે અને પગલે ઉપવાસનું મહાત્મ્ય વર્ણવવામાં આવ્યું છે. અનેક મહાત્માઓ એ તપશ્ચર્યાના પ્રભાવે સાધ્યને સિદ્ધ કરી શક્યા છે. પરમાત્મા મહાવીર દેવે દીક્ષા પર્યાયના પ્રથમના બાર વરસ દરમ્યાન લગભગ અગીયાર વરસ સુધી એ કઠીન તપશ્ચર્યાની આરાધના કરી કર્મને ભસ્મ કર્યાં અને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. તપશ્ચર્યા માટે-પછી તે તીર્થંકર હોય કે ગણધર હોય, વાસુદેવ હોય કે ચક્રવર્તિ હોય, પ્રતિ વાસુદેવ હોય કે બળદેવ હોય, રાજા હોય કે રંક હોય, સ્ત્રી હોય કે પુરૂષ હોય, દરેકને ફરમાન છે. દર પખવાડીએ એક ઉપવાસ તો દરેકને કરવોજ જોઇએ. વૈદિક દ્રષ્ટિએ આપણે તપાસીએ તો તેમાં જણાશે કે દર પખવાડીએ એક જુલાબ લેવોજ જોઇએ. તોજ તબીયત સારી રહે-અજીર્ણ ન થાય. ઉપવાસ કરનારને જુલાબની જરૂર રહેતી નથી, તેથી પેટનો કચરો બળી જાય છે. આમ ઉપવાસ એ શારીરિક દ્રષ્ટિએ તેમજ આધ્યાત્મિક દ્રષ્ટિએ ઘણોજ ફાયદાકારક છે. તેમાં બે મત છેજ નહિ.

જૈન સમાજના ઉપવાસ બીજા સમાજો કરતાં બહુજ કડક અને સાચા હોય છે, કારણ કે તેમાં કેવળ ગરમ પાણી સિવાય કોઇ પણ ચીજનો ઉપયોગ થઇ શકતો નથી. અને તે પણ દિવસના છેલ્લા ત્રણ પ્રહર સુધી. સુર્યાસ્તથી છેક સુર્યોદય સુધી તે પણ બંધ રહે છે. આવા અદ્‌ભુત ઉપવાસોનું ફળ પણ અદ્‌ભુતજ મળે છે. તેમાં આત્મકલ્યાણ સિવાય કોઇપણ જાતની ઇચ્છા ન જોઇએ. ક્રોધ કે ઘમંડને સ્થાન ન હોવું જોઇએ. માન કે લોભની તમન્ના ન જોઇએ. માયા, મત્સર કે રાગદ્વેષથી દૂર રહેવું જોઇએ. તોજ એ ઉપવાસ ધાર્યું ફળ આપે છે, એટલુંજ નહિં પણ આત્મકલ્યાણની બહુજ નજીક ખસડી જાય છે.

મુનિ ભરતવિજયજીના ઉપવાસને એ દ્રષ્ટિએ કસી જોઇએ તો આપણને જણાયા સિવાય નહિ રહે કે આમાં આત્મકલ્યાણની બીલકુલ ભાવના નથી. અગર જો આત્મકલ્યાણની ભાવના હત તો તેમનું આત્મ નિવેદન બહાર પડતજ નહિ. આપણામાં સેંકડો મુનિવરો અને ગૃહસ્થોએ સેંકડો ઉપવાસો કરેલ છે. પરંતુ કોઇએ આત્મ નિર્ણયની દાંડી પીટી નથી, છતા સોળ ઉપવાસમાંજ ભરતવિજયજીના ઉપવાસની દાંડીઓ પીટાય છે. એટલુંજ નહિ પણ ત્યારપછી ધર્મસાગરજી અને ચન્દ્રવિજયજીના નામો પણ એ ઉપવાસને બહાને બહાર પાડવામાં આવે છે. ત્યારે એ અયોગ્ય દીક્ષા લેલા માનવીઓની દીક્ષા પામતાં મુશ્કેલીઓ નડતી નથી. સામુદાયિક કર્મની શાંતિને નામે મુનિ ભરતવિજયજી અને તેની પાછળ ચાલનારા ધર્મસાગરજી અને ચંન્દ્રવિજયજીએ જે આત્મનિર્ણયો બહાર પાડયા છે, તેમ તેઓએ પોતાના ચારિત્રના સ્ખલન અને તેના પ્રાયશ્ચિત માટે કદિ આત્મનિર્ણયની જાહેરાત કરી છે? હજુ તો ગઇ કાલનીજ એ વાત છે. ચાતુર્માસનો સમય છે, નદી, નાળાં અને રસ્તાઓ પાણીથી ખદબદી રહ્યાં છે, ત્યારે એક સાધુ પોતાની સાંસારિક અવસ્થાના પુત્રને મેળવવાનો દાવો અમદાવાદની કોર્ટમાં, સાધુંથી રાત્રિના વખતે મોટરમાં દોડી આવી માંડે છે. તેમાં વકીલને વકીલાતનામું કરી આપે છે એટલુંજ નહિ પણ સ્ટેંપની ટીકીટો પણ ચોડે છે. એ બધામાં શું સાધુતાજ હતી? એક ઇતર દર્શનીય માજીસ્ટ્રેટના મુખથી ઉપરોક્ત સંધુ ઉપર કડક ટીકા થાય છે, જૈન શાસન નિંદાય છે. અનેક લોકો આશ્ચર્ય પામે છે. આ બધા માટે એ પીત વસ્ત્રધારીઓ કદિ પ્રાયશ્ચિતની જાહેર હિંમત કરી છે? શામાટે આ બાબતને દાબી જુદાંજ કારણો બતાવાય છે? ચંદ્રવિજયજી અને ધર્મસાગરજી માટે તો અમારે કશું કહેવાનુંજ નથી. કારણકે આ બધાં તો પુતળાં છે. મદારી જેમ નચાવે તેમ નાચનારા એ મહાનુભાવો છે. જ્યારે દોરી સંચાર કરનાર તો જુદાજ છે.

આમ આ રમત વડોદરા સ્ટેટની ધારાસભામાં જે અયોગ્ય દીક્ષાને રોકનો કાયદો પસાર થયો છે, તેની સામે જનતાને ઉશ્કેરવા માટે રમાઇ રહી છે. મહાત્માજી જેમ આત્મનિર્ણયો કરી ઉપવાસની જાહેરાત કરી, જે રીતે જગતને ડોલાવે છે, તે રીતનાં કદાચ દોરી સંચાર કરનારાઓએ ભરત વિજયજીના ઉપવાસ પાછળ સ્વપ્નાં સેવ્યાં હશે પણ તેમનાં એ સ્વપ્નાંઓ સરી જવાંજ સર્જાયાં છે, એ ઉપવાસ શરૂ થયે અઠવાડીયું પસાર થયું છે, છતાં સમાજ જરા પણ સનસનાટી અનુભવ્યા સિવાય સ્વસ્થ છે. કારણકે સમાજને સ્વાર્થ સિવાય આમાં કશી રમત દેખાતી નથી. ઉપવાસનો શુભ હેતુ હત તો તેમણે તેમના આત્મ નિવેદનમાં જે અસત્ય બાબત આલેખી છે તે ન હોત. તેમાં તેઓશ્રીએ લખ્યું છે કે "ત્યાગ ધર્મ સ્વીકારવાની સ્વતંત્રતાનો વિચ્છેદ કરનારો સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ તા. ૧૬-૫-૩૩ ની વડોદરા રાજ્યની ધારાસભામાં રજુ થયા, જૈન ધર્મથી અજાણ સભાસદોએ જે રીતે એના ઉપર અતિશયોક્તિ ભર્યાં વિવેચનો કર્યાં ને અપ્રમાણિક દાખલાઓના આધાર લઇ તેની પુષ્ટિ કરી આ નિબંધને પસાર કર્યો, એણે મારા હ્રદયને સખ્ત આઘાત પહોંચાડયો છે. આ મુસદ્દાને કાયદાનું રૂપ આપવા માટે અત્યાર સુધીની જે રીતો અખત્યાર કરવામાં આવી છે, તે અન્યાયની એક પરંપરા છે, એમ મારૂં માનવું છે." ભરત વિજયજીના આ ઉદ્‌ગારો તદ્દન અસત્ય છે, કારણકે વડોદરા સ્ટેટની ધારાસભાએ જે દીક્ષા એક્ટ પસાર કર્યો છે તે ત્યાગ ધર્મ સ્વીકારવાની સ્વતંત્રતાનો વિચ્છેદ કરતો નથી, પરંતુ શુદ્ધ ત્યાગ ધર્મનો પોષક છે. તેથી ત્યાગમાર્ગ ઉજ્વલ બની શકશે. તે સિવાય મુનિશ્રીએ ધારાસભાના સભાસદોને જૈન ધર્મથી અજાણ, અતિશયોક્તિ ભર્યાં વિવેચનો કરનાર અને અપ્રમાણિક દાખલાઓ રજુ કરનાર તરીકે ચીતર્યાં છે, એ ધારાસભાના સભાસદો માટે મહાન્ અન્યાય કર્યો છે. આ પ્રશ્નનો ત્રણ ત્રણ વર્ષ

ધારાસભાના સભાસદોએ અભ્યાસ કર્યો છે, ધર્મ અને શાસ્ત્રોના પુરાવાઓ રજુ કરી, ત્યાગ ધર્મનો માર્ગ નિષ્કંટક બનાવ્યો છે, અને તેમ કરી શાસન અને સમાજની ન ભૂલી શકાય તેવી સેવા બજાવી છે. તેવા સાચા સેવકો માટે ભરત વિજયજી ઉપરોક્ત અસત્ય શબ્દો વાપરી માનવતાની હદ ઠુકાવી ગયા છે. તેમાં મુત્સદ્દીગીરી અને આત્મ કલ્યાણનું દિવાળું છે, એ ખુબ સમજવું જોઇએ. આગળ જતાં એ આત્મ નિર્ણયમાં લખે છે કે "આ વસ્તુસ્થિતિનો ગંભીરપણે વિચાર કરતાં મને લાગે છે કે સામુદાયિક કર્મનો ઉદયજ આનું મુખ્ય કારણ છે. નહિતર ત્યાગ ધર્મને સ્વીકારનારા કેટલાક જૈન સાધુઓ-નુંજ ત્યાગ વિરૂદ્ધ મંતવ્ય થવું, અલ્પ સંખ્યામાં પણ જૈન સમાજમાંથી તેને ટેકો આપનારા નિકળવા, ત્યાગધર્મ વિરૂદ્ધ ભયંકર જાળો બિછાવવી, વિદ્વાન આર્ય રાજવીને ત્યાગના આચરણને રોકવાનો વિચાર થવો, એ શક્ય નથી." આ બાબત પણ તદ્દન કપોલ કલ્પિત અને જુઠી છે. કારણ કે ત્યાગ ધર્મને સ્વીકારનારા કોઈ પણ જૈન સાધુનું ત્યાગ વિરૂદ્ધ મંતવ્ય થયુંજ નથી. પરંતુ ત્યાગના નામે ગમે તેવાં અયોગ્ય કાર્યો થાય, યોગ્ય ન હોય છતાં ત્યાગ ધર્મનું દાન કરી ત્યાગ ધર્મનું લીલામ થતું અટકાવવાનું મંતવ્ય જરૂર થયું છે. તેને ત્યાગ વિરૂદ્ધનું મંતવ્ય કઇ રીતે કહી શકાય?

ત્યાગધર્મ વિરૂદ્ધ જૈન સમાજમાં કોઇએ ટેકો આપ્યો નથી, પણ ત્યાગધર્મના બુરખા નીચે જે પ્રપંચો, તરકટો, અને માનવને ન છાજે તેવા દાવો ખેલાઈ રહ્યા છે, તે સામે જૈન સમાજે જરૂર વિરોધ ઉઠાવ્યો છે, એટલુંજ નહિ પણ ત્યાગધર્મને વખોડનારાની બાજી ઉંધી વળે અને તે ઉજ્વળ બને તે માટે તેવા ઠરાવને જૈન સમાજે સંપૂર્ણ પણે ટેકો આપ્યો છે. ત્યાગધર્મની વિરૂદ્ધ કોઇએ જાળો બીછાવીજ નથી. તેમજ વિદ્વાન આર્ય રાજવી માટે જે પ્રહારો કરવામાં આવ્યો છે તે પણ તદ્દન અસત્ય છે, કારણ કે સર સયાજીરાવ તો ઇચ્છે છે કે જૈન સમાજમાં સાચા સાધુ પાકે, ત્યાગધર્મ ઉજ્વળ બને, 'હા' તેઓશ્રી ત્યાગ ધર્મના બ્હાનાં નીચે જે પાખંડ પોષાઇ રહ્યું છે તેને પોષવા માંગતા નથી, એ બાળ-કોને સમજ નથી.

આમ આ ઉપવાસની પાછળ કોઇ શુભેચ્છા નથી, પરંતુ કોઇ અદરસ લાલસાના પાયા ઉપર એ ઉપવાસનું અનુસાર કરવામાં આવ્યું છે. એટલે સમાજને મન આ ઉપવાસની કંઇએ અસર નથી. આ ઉપવાસ સામુદાયિક કર્મના ઉદય માટેજ જો થયા હત તો તેમાં જૈન સમાજની ચાલી રહેલી ભયંકર અધોગતિ, કુસંપ, કલેશ અને કંકાસ તરફ જરૂર દ્રષ્ટિપાત કરવામાં આવ્યો હત, પણ તેમ બન્યું નથી એજ કહી આપે છે કે સામુદાયિક કર્મના ઉદય માટે આ ઉપવાસો નથી, પરંતુ શ્રી રામવિજયજીની ભયંકર લાલસા રોધનાઈ જે કર્મ ઉપસ્થિત થયું છે, તેની શાંતિ માટે છે. આજના સામુદાયિક કર્મના ઉદય માટે તો દાનસુરિ, લબ્ધિસુરિ, સાગરાનંદજી કે રામવિજયજીને ઉપવાસો કરવાની જરૂર હતી તેને બદલે ભરતવિજયજી, ચન્દ્રવિજયજી કે ધર્મ સાગરજીને ઉપવાસ કરવાની કેમ ફરજ પડે છે! એ જાણીને તો આશ્ચર્યની અવધિજ થાય છે. શાસન દેવ સર્વેને સન્મતિ આપો.

---

# સ્વીકાર અને સમાલોચના.

નીચેનાં પુસ્તકો સમાલોચનાર્થે જૈન સસ્તી વાંચનમાળા-વાળા ભાઇ અમરતલાલ જગજીવન તરફથી અમોને મળ્યાં છે. આ પુસ્તકો જૈન સસ્તી વાંચનમાળા મુ. પાલીતાણા (કાઠિયાવાડ) એ શીરનામેથી મળી શકશે.

**જૈન રત્ન સંગ્રહ**—સંગ્રાહક શ્રીમતી પાનબાઇ, કિંમત રૂ. ૨-૮-૦

ઉપરોક્ત પુસ્તકના પહેલા ખંડમાં વિવિધ છંદો, સ્તુતિઓ, દોહા, ચૈત્યવંદનો, સ્તવનો, થોયો, અને આરતી, મંગળદીવો વગેરે છે. બીજા ખંડમાં નવસ્મરણ અને જાપ આપેલ છે. ત્રીજામાં વિવિધ પૂજા સંગ્રહ છે. ચોથામાં દેવવંદન, મહાવીરનું ચોઢાળીયું, નવપદ સ્વરૂપ વર્ણન, ઓળી કરણવિધિ, આરાધના વિધિ, દુહા, પચ્ચખ્ખાણો, પોરસીનો કાળ, સુર્યોદય નવકારસી કાળ, ચોવીસ તીર્થંકરના માતાપિતાદિનો કોઠો, પાર્શ્વનાથ પ્રભુના ૧૦૦ નામો આપવામાં આવ્યા છે. પાંચમામાં જુદી જુદી સજ્ઝાયો, ગહુંલીઓ, આધ્યાત્મિક પદો, ખામણા, અમૃતબોધ અને જન્મ મરણ સૂતક વિચારાદિ સંગ્રહ છે. એકંદર સંગ્રહ ઠીક છે.

**શ્રી શત્રુંજય મહાતીર્થાદિ યાત્રા વિચાર,**—કિંમત ૦-૧૦-૦ સો નકલના રૂા. ૫૦) આમાં ચૈત્યવંદન, સ્તવન, સ્તુતિ તેમજ ધનપાળ પંચાશિકા, મહાદેવ સ્તોત્ર, શ્રી શત્રુંજય મહાતીર્થાદિના કલ્પો વગેરેનો ઉપયોગી સંગ્રહ છે.

**શ્રી શત્રુંજય મહાતીર્થ સ્તવનાવલી**—આમાં શત્રુંજયને લગતાં ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિઓ, અને દુહાઓનો સંગ્રહ છે. કિંમત રાખવામાં આવી નથી.

**શ્રી જૈન સજ્ઝાયમાળા**—ભા૦ ૧—૨ કિંમત ૦-૧૦-૦ આમાં જુદી જુદી સજ્ઝાયો આપવામાં આવી છે.

**શ્રી પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથ અને જૈન તીર્થમાળા**—લેખક મણીલાલ ન્યાલચંદ કિંમત ૧-૮-૦ આમાં પાર્શ્વનાથ ભગવાનના ચમત્કારનું વર્ણન છે. તે સિવાય જુદા જુદા તીર્થોનું વર્ણન છે.

**સજ્ઝાયમાળા**—સંગ્રાહક મોહનલાલ રૂગનાથ કિંમત ૦-૬-૦ આ પુસ્તકમાં જુદી જુદી સજ્ઝાયો આપવામાં આવી છે.

**શ્રી ગિરનાર તીર્થનો ઇતિહાસ**—(સચિત્ર) કિંમત ૧-૮-૦ આમાં ગિરનાર સંબંધી વિસ્તૃત વિવેચન કરવામાં આવ્યું છે. એક જાતની ગાઇડનું કામ પણ સારે એવું આ પુસ્તક છે.

ઉપરોક્ત પુસ્તકોની જે કિંમત છે. તેમાંથી પણ કેટલોક ઘટાડો કરવામાં આવ્યો છે. તે સંબંધી પત્ર વ્યવહાર જૈન સસ્તી વાંચનમાળા મુ૦ પાલીતાણા (કાઠિયાવાડ) એ શીરનામે કરવો.

**કચ્છી પ્રકાશ**—તંત્રી એલ. એચ. લાલન ઠે૦ ગૌમુખ ભુવન, મસજીદ બંદર રોડ, કિંમત એક પૈસો દર રવિવારે પ્રગટ થાય છે. અમને તેના ત્રણ અંકો અવલોકનાર્થે મળ્યા છે. નિયમિત, શિષ્ટ ભાષામાં તેમજ ઉપયોગી લેખો અને સમાચારો આપવામાં આવશે તો જરૂર ઉપરોક્ત સાપ્તાહિક લોકપ્રિય નિવડશે.

**દીક્ષાધિકાર દ્વાત્રિંશકા**—લેખક મુનીશ્રી ન્યાયવિજયજી મહારાજે દીક્ષાધિકાર સંબંધમાં બત્રીસ શ્લોકો બનાવ્યા છે. તે અર્થ સહિત આમાં આપવામાં આવ્યા છે. મુનિરાજ શ્રી ન્યાયવિજયજી મહારાજની કૃતિ માટે શું કહેવાનું હોય?

# — કુરિવાજોની કારમી કહાણી —

અને

## પ્રજા દેહને શુષ્ક બનાવતા જંગલી રિતરિવાજો.

લેખક:—નાનાલાલ દોશી.

મુંબઇ જેવી પચરંગી પ્રજાનાં ધામમાં રહેનાર મનુષ્યને આપણી સામાજીક રૂઢિઓ અને તે રૂઢિઓ પાછળ થતા અસંખ્ય ખર્ચોનું કે રૂઢિની ગુલામ થઇ પડેલ પ્રજાના માનસનું કંઇજ પ્રતિબિંબ ન મળે. આવા ગરિબાઇ અને બેકારીના જમાનામાં કોઇપણ રક્તપિપાસુ રાક્ષસ અસંખ્ય કુટુંબોમાં દુઃખના ડુંગરો સર્જાવતો હોય તો તે આ રૂઢિ રાક્ષસ છે. આ પ્રશ્ન ફક્ત જૈનોને લાગુ પડે છે તેટલુંજ નહિ પરંતુ હિંદુઓના અઢારે વર્ણને તે સરખો લાગુ પડે છે. રજપુત ખેડુત કે વણિક યા તો બ્રાહ્મણ કોઇપણ કોમ આ રૂઢિઓથી મુક્ત નથી. ઉચ્ચ વર્ણ કહેવાતી કોમોમાં આ સડો વધારે ને વધારે પેસેલો છે. અને તેને લઇ માનવ જાત સંહારક, પીઠે હદ કરાવનારાં ભાણાંઓ અપકૃત્યો જોઇ, સાંભળી હૃદય થરથરે છે. હિંદની ગામડાંમાં વસતી સમગ્ર પ્રજાને ખરૂં સ્વરાજ્ય આ ગુલામીમાંથી મુક્તિ મળશે, ત્યારેજ મળશે. ગાંધીજીની લડતનું એક અંગ સામાજીક સુધારણા છે; તેને લઇનેજ આજે ગાંધીજીનું નામ હિંદને ખુણે ખુણે આબાળ વૃદ્ધ સૌ ઉચ્ચારે છે.

દેશની ખરી દોલત આવા આવા પ્રસંગોમાં વેડફાઇ જતી હોવાને લઇ, પ્રજા પોતાની જરૂરિયાતો પાછળ પુરતું ધન નથી ખરચી શકતી-જે ધન મરણ-લગ્ન-શ્રીમંત-વિ. વિ. પ્રસંગોને લગતા જમણવારો અને કરો પાછળ ખર્ચાય છે, તેટલુંજ ધન આજે હિંદના બાળકોના શારિરીક-કે માનસિક વિકાસાર્થે ખર્ચાતું હોય તો હિંદની સર્વ કોમો-એટલે કે સમગ્ર હિંદ-ફક્ત પૈસે ટકે નહિ, પરંતુ સર્વાંગે સમૃદ્ધિવાન ગણતું હોય.

### આજની જ્ઞાતિ સંસ્થાઓ શું કરી શકે?

આજે જ્ઞાતિ સંસ્થાઓ સ્વાર્થી, પીછેહઠ મતિવાળા અને જુના વિચારના લોકોની બનેલી હોય છે. આ જ્ઞાતિ સંસ્થા ભૂતકાળમાં જ્યારે સર્જન પામી ત્યારે ન્યાયી, હિતકારી અને જરૂરી હશે તેમાં શંકા લાવવાનું કંઇ કારણ નથી; પરંતુ આજે જ્ઞાતિઓ અને જ્ઞાતિ સંચાલકોના માનસ એવાં ખાબોચીયાં જેવાં સંકુચિત થઇ ગયાં છે કે આજનો સમજુ વર્ગ જ્ઞાતિ નામે મર્યાદિત સમુદાય વ્યવહારના કેટલાક લાભો છોડી દઇ તેનું ઉચ્છેદન માંગે છે અને એ ઉચ્છેદન આજની આપખુદી જ્ઞાતિ સત્તાને આભારી છે. આજે પ્રત્યેક જ્ઞાતિમાં 'સોનેરી ટોળી' હોય છે અને એ ટોળી તેના અધિકારના શસ્ત્રથી નબળા પોચા માણસોની પાયમાલી માટે મીટ માંડી રહી હોય છે.

જ્ઞાતિ સંસ્થાઓ જો આવાં અનિષ્ટ કાર્યો માટેજ હોય તો તેનું અસ્તિત્વ યુવક વર્ગ નજ સ્વીકારે. છતાં એ અત્યારની જ્ઞાતિઓ તેમના ઇતિહાસના છેલ્લા પ્રકરણોમાં કંઇક ઉજ્વળ કારકિર્દી આલેખાવવા માંગતી હોય તો આજે તેમની ફરજ પ્રજા ઉપર બોજા અને દેશ કાળને અત્યંત પ્રતિકુળ એવા મરણ પાછળના અસહ્ય ખર્ચો તેને વિષેના રડવા કુટવાના રિવાજો, લગ્નના ખોટા અને બીન જરૂરી આડંબરો અને શ્રીમંત અને તેવા ઝીણા ઝીણા અનેક પ્રસંગે ગરીબો પર પડતા ખર્ચોથી તેમને બચાવવા પ્રયત્ન કરે, તેટલુંજ નહિ પરંતુ હિતકર નિયમોનું ફરજીઆત પાલન કરાવે. અને એ બચાવ કરેલ ધનનો કેળવણી-વ્યાયામ-કળા કે ઉદ્યોગ એવા સદ્‌વ્યયના સાધનો પાછળ ઉપયોગ કરાવે. આ પગલે વિસરવામાં ખરૂં સંગીન કાર્ય થઇ શકશે અને નાનકડો પ્રત્યેક પ્રજાદેહ પ્રફુલ્લિત ફુલવાડી જેવો દીપશે-પમરશે.

### યુવક સંઘોનું કર્તવ્ય—

યુવકોને નવ સૃષ્ટિનું સર્જન કરતાં હજી ઘણું સહન કરવાનું છે. ગામડાઓમાં હજી જુની સૃષ્ટિના થર અણુ-ઉખેડેલ પડયા છે. આજે ખોટા ખર્ચો પાછળ વિધુર બાઇ સમાજની શરમે ગજા ઉપરાંત ખર્ચ કરશે. કાલે તેનાં સંતાનોની કેળવણી-અને ઉછેર પાછળ તેને દળણું દળવું પડશે. સમાજ અને સમાજની કહેવાતી વ્યક્તિઓ આ માટે જવાબદાર છે. આજે યુવક સંઘો દીક્ષા જેવા પ્રશ્ન પાછળ જે ઉહાપોહ કરે છે તેટલોજ બલ્કે તેથી વધારે ઉહાપોહ ઉપરોક્ત રૂઢિઓના નિકંદન પાછળ કરવાની જરૂર છે. દીક્ષાથી પાંચ પચ્ચીસ મુંડાશે, પરંતુ આ કુરિવાજોથી સમાજના દેહમાં સડો જામી સડી જશે તે વાત નિર્વિવાદ છે. જેમ "શારદા એક્ટ" અમલમાં આવ્યો તેમ હું ઇચ્છું કે આવા રિત રિવાજો માટે અનેક હુકમો અમલમાં આવે. આ માટે યુવક સંઘો ઠરાવો કરી બેસી રહે તેમ હું નથી કહેતો, પરંતુ યુવક સંઘના પ્રત્યેક સભાસદે સભાસદ બનતાં પહેલાં આવી કસોટીમાંથી અવિચળ રહેવાની પ્રતિજ્ઞા લેવી જોઇએ. આજે આપણું કાર્ય જેટલું સંગીન પદ્ધતિસર થવું જોઇએ તેવું નથી થતું—આજે આપણાં આંદોલનોથી આમ વર્ગો અપરિચિત છે—આપણા ઠરાવો પાછળ જે કાર્યબળ જોઇએ તે નથી માલમ પડતું. આપણું મનજ આપણને દગો દે છે. આ પરિસ્થિતિમાંથી ઉગરવું હોય તો યુવક વર્ગે સહન કર્યા સિવાય છુટકો નથી, આપણે જેટલું કરીએ તેટલું સંગીન થશે તો તે ઉગી નીકળશે. આપણી પ્રત્યેક જ્ઞાતિ પેટા જ્ઞાતિઓના સંચાલકોને, આમંત્રી સમજાવી આ ખર્ચો કમી કરાવવા બનતું કરવું જોઇએ. આજે વાત વાતમાં આપણી પ્રાચીન સંસ્કૃતિનું ડિમ ડિમ વગાડીએ છીએ. આપણાં પુસ્તક ભંડારો અને અને આપણા પત્થરથી ચણેલા કીર્તિસ્થંભો જોઇ રાચીએ છીએ, પરંતુ તેમાં નથી આપણું ખરૂં ગૌરવ ટકી રહેવાનું. આપણું ખરૂં ગૌરવ આપણી વર્તમાન નીતિરીતિમાં—રહેણી કરણી અને આચાર વિચારમાં—તેમજ આપણા વર્તમાન નૈતિક અને આર્થિક બળમાં છે અને તે ત્યારેજ આવી શકે કે જ્યારે હરેક માનવીને તેના વ્યક્તિગત સ્વાતંત્ર્યમાં કોઇ ખલેલ ન કરે. આજ તો માણસ જન્મે ત્યારથી તે તેના અંત સુધી તેને જ્ઞાતિની જાસુસીથી બીવાનું રહ્યું.

હવે તો કારજ પાછળ થતાં કરજો ને લગ્ન પ્રસંગોના ખોટા લ્હાવાઓને તિલાંજલી આપી ગરિબોને તેમની પતિત દશામાંથી ઉગારવા પ્રત્યેક હિતચિંતક બનતો ભોગ આપી આપણા નિર્ધન બાઇ બ્હેનોને મનુષ્ય તરીકેનું જીવન જીવવાનું સામર્થ્ય ભેગું કરવા યત્કિંચિત મદદ આપવાનું કામ પરમ આવશ્યક છે.

# ?

**--Fedist.**

"જલે જ્વાલામુખી ઉરના ઉંડાણમાં"

× × × ×

એક સ્થળે નોંધાયું છે કે "કેવળ સમાજ ઉદ્ધારની 'ધગશ' લઇ ફરનારાં પાત્રો તો સર્જાવાં હજુ બાકી છે—જૈન જગતમાં અને લેખકની કલ્પના સૃષ્ટિમાં."

આજે યુવાન માનસ પર જે એક પ્રબળ મોજું ફરી વળ્યું છે, તેણે યુવાન હૃદયમાં ધગશ પેદા કરી છે, એ નિર્વિવાદ છે પણ એ સપાટી પર દેખાતી ધગશની પાછળ હૃદયને બાળી ખાક કરી નાંખનાર જ્વાળામુખી ન જાગી રહ્યો હોય તો એ ધગશ ટાઢી પડી જતાં વાર નજ લાગે, એ પણ એટલુંજ સ્પષ્ટ છે. લખવાનો આશય એ છે કે હવે માત્ર પોકળ સુધારાની વાતો ઉંચી મુકી ક્રાન્તિના માર્ગે કુચ કરવાની ઘડી આવી ચુકી છે. એ આપણે યુવાનો જલદી સમજી લઇએ તોજ સમાજનું શ્રેય સાધી શકાશે.

× × × ×

સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ કાયદાનું રૂપ પામતા વડોદરાની ધારાસભામાંથી પસાર થયો છે. અયોગ્ય દીક્ષાની જલતી ભઠ્ઠીમાંથીજ એ નિબંધનો જન્મ થયો છે. તે ભઠ્ઠીમાં એક પછી એક કુમળાં ગભરૂ બાળકોનો ભોગ અપાયેજ જાય છે. 'આજ્ઞા એજ ધર્મ' ના ચેકદારોએ હવે કુમળાં બાળકોને બદલે નિર્દોષ કુમારિકાઓને પોતાની પ્રપંચજાળનો ભોગ બનાવવા માંડી છે. હમણાં હમણાંમાં પ્રસિદ્ધ થએલા સમાચારો એટલા ચોંકાવનારા છે કે જો જૈન સમાજ જેવી "મુડદા સમાજ" ને બદલે કોઇ ચૈતન્યવંતી સમાજ હોત તો કેટલાય ભડાકાઓ થયા હોત! પરંતુ પીળાં વસ્ત્ર દેખી પેગલા માફક નાચનારા હોય અને એ પેગલાઓની પ્રેમભક્તિ પર વારી જનારા હોય ત્યાં 'સ્મશાન શાન્તિ' સિવાય બીજું શું સંભવે?

× × × ×

દીક્ષા સંબંધમાં ઘણું લખાયું છે. જાહેર સમક્ષ લખાણો અને ભાષણોદ્વારા શાસ્ત્રના આધારો અને દલીલો આપતી હકીકતો રજુ થઇ ચુકી છે. હવે એ પ્રશ્નને અંગે કાગળ અને શાહી બગાડવી વ્યર્થ લાગે છે. પરંતુ બીજી રીતે વિચારતાં એ પણ સ્પષ્ટ સમજાય છે કે આ [illegible] પીંજરો સ્હામે તોપના મોરચા માંડવામાં નહિ આવે, અને એ પીંજરાનું નગ્ન સ્વરૂપ તેમનું સાચું માનસ સમાજ પાસે નહિ ધરવામાં આવે ત્યાંસુધી સમાજની આંખ ઉઘડવાની નથી. હજુ સમાજને એ વાતનું ભાન નથી, કે આ પીળાં વસ્ત્રને પ્રતાપે પોષાઇ રહેલા પાખંડીઓ માત્ર પાખંડીઓજ નથી, પરંતુ ભયંકર વિષધરો છે. તેમની વિષજ્વાળાઓ સમાજની સુંદર વાડીને બાળી ખાખ કરી નાંખે તે પહેલાંજ એમને 'નાથી' લેવાની પરમ આવશ્યકતા છે. અયોગ્ય દીક્ષાની પ્રવૃત્તિ પાછળ માત્ર 'ધર્મઘેલછા' નથી, પણ વિકૃત માનસમાંથી પેદા થતાં 'પ્રબળ પ્રલોભનો' કામ કરી રહ્યાં છે. આપણને આજે જો તે નહિ સમજાતું હોય તો 'આવતી કાલે' આ [illegible] તે જરૂર સમજાવશે.

× × × ×

શ્રી મોતીચંદભાઇને જેલ ન મળી હોત તો તેમની કિંમત સમાજને આટલી વ્હેલી ન થાત. શ્રી મોતીચંદભાઈ જેલ ગયા તેટલા ખાતર આ નથી લખાતું, પણ એટલા માટે લખાય છે કે મહાવીર વિદ્યાલયનો કાંકરે કાંકરો ઉખાડી મુકવાની મલીન મનોદશાએ જે પ્રબળ વંટોળ ચલાવેલો તેની સામે મક્કમપણે ઉભા રહી પોતાની અપૂર્વ કાર્ય દક્ષતાથી વિદ્યાલયને બચાવી લેનાર અને તેને વધુ વ્યવસ્થિત, તેની આર્થિક સ્થિતિ વધુ સદ્ધર બનાવનાર મોતીચંદભાઇ જતાં આજે વિદ્યાલયનો આર્થિક પ્રશ્ન વિકટ બન્યો છે. જે સમાચારો ઉપલબ્ધ છે તેથી સમજાય છે કે કમિટી આ બધાનું નિવારણ કરી શકે તેમ છે. પણ ધંધો આડે આવે છે. ગમે તે હોય, ઉંડું નિરીક્ષણ કરનારને જરા જુદું સમજવાનો સંભવ છે. શ્રી મોતીચંદભાઇ ફકીર ન હતા, તેઓ સોલીસીટરનો ધીકતો ધંધો કરનાર એક પેઢીના ભાગીદાર હતા. પણ તેઓને વિદ્યાલય માટે 'ધગશ' હતી, તેમના હૃદયમાં કેળવણી માટે ઉંડે ઉંડે જ્વાલામુખી ધીકતો હતો. એટલે એ પોતાની ફરજમાં સદા જાગ્રત રહેતા. આજે પણ કેળવણીનો પ્રશ્ન જ્વાળામુખી માફક જેના અંતરમાં ધીકતો હશે તેને માટે કશુંય અશક્ય નથી. કમિટીના સભ્યોની સેવાની નોંધ લેવા સાથે એટલી ચીમકી લગાવવી આવશ્યક છે કે વિદ્યાલયને પેઢી ન ગણતાં, એ તો ભવિષ્યની 'મહાવીર વિદ્યાપીઠ'ની નાનકડી આવૃત્તિ છે. તેને ગમે તે ભોગે રક્ષજો, પોષજો અને વિકસાવજો કે જેથી વિદ્યાદાન અર્થે આવનારને પાછા ફરવું ન પડે.

× × × +

વિદ્યાલયદ્વારા કેળવણી લઇ પ્રવૃત્તિમાં પડેલા વિદ્યાર્થીઓ અને વર્તમાનકાળે કેળવણી લઇ રહેલા વિદ્યાર્થીઓએ પણ પોતાની ફરજ વિચારવાની છે જ. વિદ્યાલયને પાછી વાળવાની હોય તેમણે પાછી વાળવી ઘટે છે. અને ચાલુ વિદ્યાર્થીઓએ પણ વિદ્યાલયની આવક વધે તેવી આવશ્યક પ્રવૃત્તિઓ કરવી ઘટે છે. યુવાન માનસ વાતાવરણમાંથી એવા કેટલાય ઉપાય શોધી શકે છે. યુવાનો માટે શું અશક્ય છે? 'જો જલે જ્વાળામુખી ઉરનાં ઉંડાણમાં' એ હૃદયની સ્થિતિ હશે તો.

× × × ×

સલામતિ શોધવામાં પુરૂષાર્થ હણાય છે એ આપણે ક્યારે સમજશું? એ કાકા કાલેલકરનું વાક્ય પ્રત્યેકે મનન કરવા જેવું નથી?


## लाभ लेवा चूकशो नहीं.

पंडित हीरालाल हंसराज तरफथी प्रसिद्ध थयेलां
तमाम ग्रंथो दिवाली सुधी

## अर्धी किंमते मळशे.

वा. क.-आचारांग सूत्र छपाय छे तेनी अर्धी किंमत समजवी नहि.

लखोः—पंडित हिरालाल हंसराज.
जामनगर.

# ભરતવિજયજી કોણ? અને તેમણે આદરેલા ઉપવાસ શા માટે?

## માજીસ્ટ્રેટે કરેલી સખ્ત ટીકા માટે તો આ તપશ્ચર્યા નહીં હોય?

( લેખકઃ—**મહાસુખભાઇ ચુનીલાલ—વિસનગર.** )

**વ**ડોદરા રાજ્યની તા. ૧૬-૫-૩૩ ની ધારા સભાની બેઠકમાં સન્યાસ દીક્ષા નિયામક નિબંધનો મુસદ્દો પસાર થવાથી અને સગીરની ઉંમરની મર્યાદા ૧૬ ને બદલે વધારી ૧૮ ની કરવાથી, એટલે કે "લેને ગયેપૂત, ઔર ખોઆઈ ખસમ" જેવો કીસ્સો બનવાથી અયોગ્ય દીક્ષાના અને ખાસ કરી બાળ દીક્ષાના ચુસ્ત હીમાયતી શ્રી રામવિજયજીના શિષ્ય શ્રી ભરતવિજયજીના હૃદયને સખ્ત આઘાત પહોંચવાથી તેમણે તા. ૧૮-૫-૩૩ થી સોળ ઉપવાસની તપશ્ચર્યા આદરી છે. તેનો હેતુ સાંપ્રદાયિક કર્મની નિર્જરા-નિવારણ અર્થે અને પોતાના આત્માની શાંતિ માટે છે એમ તે પોતાની સહી સાથેની લેખી આત્મનિર્બંધ પત્રિકામાં જણાવે છે. આ નિબંધ જણાવવામાં તેમણે ધારા સભાના સભાસદોને જૈન ધર્મથી અજાણ અતિશયોક્તિ કરનાર અને અપ્રમાણિક દાખલા આપનાર માન્યા છે. અને મુસદ્દાને કાયદાનું રૂપ આપવા માટે વડોદરા સરકારે અખત્યાર કરેલી રાજનીતિને તેમણે અન્યાયની એક પરંપરા માની છે. શુદ્ધિ માટે આદરેલી તપસ્યામાં પણ આવાં અશુદ્ધિના નિંદા અને દ્વેષનાં ભરેલાં પરમાણુઓ મેળવવામાં આવે છે, તે તપસ્વીની બલિહારી છે!!

આ મહાન તપસ્વી કોણ અને તેમની તપસ્યા શા માટે? તેનો ભેદ જાણવા વાચકો ઇન્તેજાર હોય તે માટે તે વાચકો આગળ રજુ કરૂં છું—હું ટુંકામાંજ પતાવીશ.

પાટણના વતની કાંતિલાલ જેમને માત્ર ૧૩ વરસની કાચી વયે સન ૧૯૩૦ માં દીક્ષા અપાઇ કુસુમવિજય નામ અપાયેલું તે ગયા ચોમાસામાં વઢવાણમાં શ્રી રામવિજયજી પાસે ચોમાસું રહેલા, તે તેમની પ્રવૃત્તિથી કંટાળી અને પોતાની ખરી સ્થિતિનું ભાન થવાથી તા. ૮-૧૧-૩૨ના રોજ સાધુ-વેષ છોડી પોતાની માની પાસે પાટણ જવા નીકળ્યા. પણ દીક્ષા પાર્ટીએ તેમને અમદાવાદ લઇ જવાથી ત્યાંનો કેસ કોરટે ચડેલો અને તે કાંતિલાલે પોતાની મા ગજી પાસે જવાની ઇચ્છા બતાવેલી હોવાથી કોરટ તરફથી માને સોંપવામાં આવેલો તે વખતે ચોમાસું પુરૂં નહીં થયેલું હોવા છતાં આચાર વિરૂદ્ધ આનંદથી એકદમ દોડી આવી અમદાવાદની કોરટમાં પોતાના પુત્ર કાંતિલાલને પાછો મેળવવા જેમણે અરજી આપી હતી તે ભરતવિજયજી, યાને કાંતિલાલના સંસારી પિતાશ્રી ભોગીલાલ. તથા બાઇ ગજીને કલ્પાંત કરાવી રોતી કકળતી મુકી દીક્ષા લેનાર તેના સંસારી પતિ. હું ધારૂં છું કે આટલી ઓળખાણ બસ છે.

આ ભરતવિજયજીની તપશ્ચર્યાના હેતુ સાંપ્રદાયિક કર્મની નિર્જરા અને પોતાના આત્માની શાંતિ છે એમ જણાય છે. આ ઉપરાંત ભરતવિજયજી જાણતા હોય કે કેમ તે તો જ્ઞાનિ મહારાજ જાણે, પરંતુ તા. ૧૯-૫-૩૩ ના વીર શાસનમાં "સાંપ્રદાયિક પાપના પ્રક્ષાલન માટે" એ મથાળાવાળા લેખમાં તંત્રી મહાશય પોતાની કલ્પનામાં બીજું કારણ શોધી કાઢી જણાવે છે કે—

"મુનિરાજ શ્રી ભરતવિજયજીને આવી આત્મવેદના થવાનું બીજું પણ કારણ હોઇ શકે. તેઓશ્રીના સંસારી પુત્ર કાંતિલાલ જે સાધુ અવસ્થામાં કુસુમવિજયજી હતા તેમણે સાધુવેષ છોડતી વખતે વઢવાણમાં કરેલા સ્ટેટમેન્ટ વિરૂદ્ધ અને તદન ખોટું સ્ટેટમેન્ટ વડોદરા રાજ્યના ન્યાયમંત્રી સાહેબ સમક્ષ દીક્ષા વિરોધીઓની શીખવણીથી કર્યું હતું. એક પુણ્ય-પિતા કે જેમણે પોતાના સંતાનના ભવોભવના આત્મિક કલ્યા-ણનાજ શુભાશયથી તેના સંસ્કાર જોઇ દીક્ષા અપાવી હતી અને પોતે પણ લીધી હતી. તેવા પિતાનો પુત્ર કર્મોદયે પતિત થાય એથી દુઃખ તો થાય, પરંતુ એ ધર્મદ્રોહીઓની ચઢવણીનું હથીઆર બનીને પવિત્ર ધર્મના પ્રતિબંધ માટે દાખલારૂપ બને તેમજ પોતાના પુજ્ય પિતાની શુભેચ્છાને પણ કલંકિત કરતાં ન શરમાય ત્યારે તેના પુણ્યવાન પિતાને ઘણું દુઃખ અનિર્વ-ચનીય બને છે."

આ પ્રમાણે કારણો દુનિયાને અવળા રસ્તે દોરવા માટે જણાવવામાં આવે છે, પરંતુ ભરતવિજયનો અને તેમના ભક્તોનો ભવાડો અમદાવાદના સીટી માજીસ્ટ્રેટની કોર્ટમાં કેવો બન્યો છે તે જાણવા જેવ હોવાથી અને આ તપશ્ચર્યા આદરવાનો અંતરનો ગુપ્ત હેતુ શો છે તેનો ખ્યાલ આપવા માટે સીટી માજીસ્ટ્રેટ મે. ધીરજલાલ ભાઇએ તા. ૧૨-૧૧-૩૨ ના રોજ ચુકાદો આપતાં જે મુદ્દાની હકીકત તેમાં જણાવી છે તે વાંચકો આગળ રજુ કરૂં છું.—

"તે છોકરાની માએ ( ગજી ) અને પૂર્વાશ્રમના બાપે ( ભરતવિજય ) છોકરાને ( કાંતિલાલ ) પોતપોતાને તાબે લેવા લેખી અરજીઓ આપી છે, મને આશ્ચર્ય લાગે છે કે પૂર્વાશ્ર-મના બાપે તેના સગા સંબંધીના તમામ દુનિયાદારીના વ્યવ-હાર છોડી દીધા છે, છતાં પણ તે છોકરાને તેના પુત્ર તરીકે માની હીન સંબંધ ધરાવવા પ્રયત્ન કરે છે. છોકરાના પૂર્વાશ્ર-મના બાપને આવા ખેદજનક બનાવમાં ઘસડવા અને આ કોરટમાં હાજર કરી વકીલાતનામું દાખલ કરવા અને રદીય-વાળી અરજી આપવા દીક્ષા પાર્ટી કેવા ગેરકાયદેસર પ્રયત્નો કરે છે, તે જોઇ મને ઘણીજ અજાયબી ઉત્પન્ન થાય છે, બિચારા સાધુને પોતાનું પહેલું અને પાંચમું મહાવ્રત કે જે તેણે દીક્ષા લેતી વખતે લીધેલું તેનો ભંગ કરવાની ફરજ પડે છે. જેની શિક્ષા દશવૈકાલિક સૂત્રમાં જણાવ્યા પ્રમાણે ઘણીજ ભારે છે એટલે કે તે આ અવતારમાં નિંદાને પાત્ર છે અને આવતા ભવમાં નરકમાં જાય છે. આ હકીકત જણાવતાં મને ઘણીજ ગ્લાનિ ઉત્પન્ન થાય છે, પરંતુ દીક્ષા પાર્ટીના આગેવાનો છોકરાને પોતાના પક્ષમાં લેવા કેટલી હદ સુધી પ્રયત્ન કરે છે તે માત્ર બતાવવાને અને બંને પક્ષમાં સુલેહનો ભંગ થવાને કેવો ગંભીર સંભવ છે તે દર્શાવવાને આ હકીકત જણાવવી પડે છે."

આ પ્રમાણે માજીસ્ટ્રેટે ચુકાદામાં કરેલી ટીકા ઉપરથી વાંચકોને ખ્યાલ આવશે કે નથી સાંપ્રદાયિક કર્મનું કારણ કે નથી કુસુમવિજયના સ્ટેટમેન્ટનું કારણ. પણ ભરતવિજયજીએ

# સામાજિક વાયરા

**શ્રી કેસરીયાજી**—સંબંધી છાપાઓમાં અવાર નવાર આવ્યા કરે છે, પરંતુ એ બાજુ સમાજનું લક્ષ હોય તેમ જણાતું નથી. શાસન સેવાની મોટી મોટી વાતો કરનારા, શાસન માટે મરીફીટવાની તમન્ના સેવનારા શ્રી કેસરીયાજી માટે કેમ મૌન છે? શું તેમને કેસરીયાજી બોડે. કશું લાગતું વળગતું નથી? સામુદાયિક કર્મના નિવારણ માટે સોળ સોળ ઉપવાસની બાંગ પુકારાય છે. સોનાપટી સમાચારોના વધારા બહાર પડે તે માટે તૈયાર રહે છે. આત્મ નિર્ણયોની જાહેરાત થાય છે. કેવળ દીક્ષાના એકટ માટે એ બધું બની શકે છે. પરંતુ કેસરીયાજી માટે કોઈને આત્મ નિર્ણય કરવાની ફુરસદ નથી 'દીક્ષા'-પછી તે સાચી હો યા ખોટી, યોગ્ય હો યા અયોગ્ય-ની ધૂનમાં મસ્ત બનેલ રામસાગર પાર્ટી જ્યારે કેસરીયાજી પાછળ મૌન સેવે છે, ત્યારે શાસન અને સમાજ માટે તેમને કશું લાગતું નથી, એમ જણાયા સિવાય રહેતું નથી અને દીક્ષાના સંબંધમાં એમનો કોઈ ભયંકર સ્વાર્થ સંકળાયો હોય તેમ માનવાને મજબુત કારણો ઉપસ્થિત થાય છે. સોળ ઉપવાસ થાય કે વીસ આપણા સમાજમાં બબ્બે મહિનાના ઉપવાસ કરનાર પડયા છે. એટલે સોળ ઉપવાસમાં કંઈ આશ્ચર્ય જનક આત્મનિર્ણય નથી. તેમ તેનાથી કંઈ સોનાપટીની મુરાદ બર આવવાની નથી. સમાજ પાખંડીઓથી તદ્દન સાવધાન છે. બાકી, હા આજે જો કેસરીયાજી માટે એ આત્મ નિર્ણય જાહાર આવ્યો હોત, તો તે માટે સમાજમાં અપૂર્વ જાગૃતિનાં પૂર આવત. હજુ બગડી ગયું નથી કોઈ નીકળશે કે?

× × × ×

**સામુદાયિક કર્મનો ઉદય**—કહેવાય છે કે જ્યારે સામુદાયિક કર્મનો ઉદય થાય છે, ત્યારે સંઘ, અને શાસન ઉપર આફતો આવે છે અને તે ભયંકર સ્થિતિ ખડી કરે છે. તે કાર્યના નિવારણ માટે સમસ્ત સંઘની જવાબદારી છે. તેવી આફતો દૂર કરવા માટે આયંબિલ એ રામબાણ ઇલાજ છે. ઇતિહાસમાં એવા અનેક દાખલા બન્યાના પુરાવાઓ મળી રહે છે કે ઉપરોક્ત કર્મના ઉદય વખતે આયંબિલનોજ ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રત્યેક વ્યક્તિને ધારા પ્રમાણે એ તપસ્યાની આરાધના કરવી પડી છે. પરંતુ એ ભયંકર આફત વખતે કોઈ એક વ્યક્તિને કેવળ કપોલ કલ્પિત આત્મ નિર્ણય કરી સોળ ઉપવાસની બાંગ પુકારવાનો કશો હક્ક નથી. પહેલાં પોતાના કર્મોનો ક્ષય કરવાની પેરવી રચી પછીજ સામુદાયિક કર્મની શાંતિ માટે જો આવા પ્રયત્નો કરવામાં આવ્યા હોત તો કશુંજ કહેવાનું ન હતું. આ વાત તો બીજીજ છે. આ ઉપવાસમાં કોઈ સામુદાયિક કર્મના ઉદયની શાંતિ ન સમજે પરંતુ ઉપવાસ પાછળ ભયંકર મુરાદ છે. દીક્ષાના એકટ માટે કોઈ અનેરો દાવ ખેલાય છે. ખરી રીતે આવા ઉપવાસો રામવિજયજી, સાગરજી કે દાનસૂરિને કરવા જોઈતા હતા. પણ તેમ બન્યું નથી. ભરત વિજયજી જેવાને હથિયાર બનાવી કંઇ જુદીજ રમત રમાઈ છે. સમાજ સાવધાન!

**મુંબઈ**—પંન્યાસ મુનિશ્રી ભક્તિ વિજયજીનું આગમન મુંબઇ તરફ થઇ રહ્યું છે. મુંબઇ જેવી અલબેલી નગરીમાં પંન્યાસજીનું આગમન જરૂર આવકારદાયી નીવડત, જો તેઓ ગુરૂને બેવફા નિવડયા ન હોત તો. પરંતુ વિજય ધર્મ સૂરિને બેવફા બનેલ કોઇ અવ્યક્ત લાલસા અને પછી મોહથી તણાઇ એ મહામના રામસાગરનું હથિયાર બનેલ છે. તેઓ ચારિત્રશીલ છે, વ્યાખ્યાતા છે, ક્રિયા કાંડી છે, પરંતુ વ્યવહારની ખામી છે. અભિમાન રૂપી ગજ અને પ્રખ્યાતિની આગ તેમને સતાવે છે. ક્રુદ્ધિમૂઢતા એમને બહુ પ્રિય છે. આમ એ પોતાની બધીયે શક્તિનો વ્યય સમાજ સેવાને બદલે રામસાગરની સેવા માટે કર્યે જાય છે. એક વખતે મુંબઇને નર્કની ખાણ ચીતરનાર પં. ભક્તિ વિજયજી એજ નર્કની ખાણમાં આવવાને તડામાર તૈયારીઓ કરી રહ્યા છે. ત્યારે આ સાધુઓના વચનથી કીંમત કેટલી?

**વડોદરા**—આત્રેશી રામવિજયજી તેમના શિષ્ય સાથે પાદરા તરફ વિહાર કરી ગયા છે. સંભળાય છે કે તેમની માનસીક સ્થિતિ સારી નથી. વડોદરા સ્ટેટ ધારાસભામાં દીક્ષા એકટ પસાર થવાથી તેમની પ્રવૃત્તિને સખ્ત ફટકો પડયો છે. અન્યાય, કુત્સિત આચરણ અને સાધુતાના દંભના આવરણો કયાંસુધી નભે? હું એમના હૃદયના આઘાત પ્રત્યે મારી હમદર્દી જાહેર કરૂં છું. અને ઇચ્છું છું કે શાસન દેવ એમને સન્મતિ આપે.

**પાલનપુર**—આચાર્યશ્રી વલ્લભસૂરિનું ચાતુર્માસ અત્રે નક્કી થયાનું જણાવવામાં આવેલ છે. જ્યાં સૂરિજી પ્રવર્તકજી શ્રી કાંતિવિજયજી મહારાજને મળવા માટે પાટણ પધારશે લગભગ એકાદ મહિનો ત્યાં સ્થિરતા કરી પુનઃ પાલનપુર આવશે. જો કે સૂરિજી પહેલાં પાટણ ચાતુર્માસ કરવાના હતા. પરંતુ એમ સંભળાય છે કે કોઇ માણસે એવો નિશ્ચય કર્યો છે કે દશવીશ હજારનો ખર્ચ થાય તો ભલે થાય પણ સૂરિજીને ચાતુર્માસ રહેવા દેવા નહિ. એટલે ધાંધલીઆઓ નકામું ધાંધલ ન મચાવે અને સંઘમાં અશાંતિ ન થાય તે માટે તેઓશ્રીએ પાટણમાં ચાતુર્માસ કરવાનું માંડી વાળ્યું છે.

---

પાંચ મહાવ્રત પૈકી પહેલા અને પાંચમા વ્રતનો ભંગ કરી દશવૈકાલિક સૂત્રાનુસાર આ ભવમાં નિંદાને પાત્ર થએલા હોવાથી અને આવતા ભવમાં નરકમાં જવાની શિક્ષાનો ભય ઉત્પન્ન થવાનો હોવાથી તે પાપોની નિર્જરા કે પ્રક્ષાલન કે પ્રાયશ્ચિત કે આલયણ તરીકે આ સોળ ઉપવાસ ખેંચી કાઢવાનો નિર્ણય કર્યો હોય એમ ચોખ્ખે ચોખ્ખું દીવા જેવું જણાઇ આવે છે. કરેલાં પાપોનો પશ્ચાત્તાપ થવાથી તેમનું હૃદય ડંખતું હોય અને હમેશાં અશાંતિ રહેતી હોય તેથી આત્મશાંતિ માટે આવી તપશ્ચર્યા આદરે તો તે માટે કોનાથી ના પાડી શકાય? અધિષ્ઠાતા દેવોને મારી નમ્ર પ્રાર્થના છે કે ઉપવાસમાં ભરતવિજયજીને મદદ કરે અને ફરી પંચ મહાવ્રત પૈકી એક પણ વ્રતનો ભંગ કરવાનો પ્રસંગ ન બને તેવી તેમને અને તેમની દીક્ષા પાર્ટીને સન્મતિ આપે.

# हिन्दी विभाग.

## अपनी समाजका पुनरुत्थान कैसे हो?

—शेठ अचलसिंहजी.

[ गतांक से चालु ]

( १ ) बाल-विवाह, वृद्ध-विवाह और अनमेल-विवाह को रोकना चाहिये ।

(२) पर्दा जो स्वास्थ्य, पुरुषार्थ, और गृहस्थ जीवन के वास्ते महा-हानिकारक है उसका सर्वथा बहिष्कार होनाचाहिये।

( ३ ) नुकता को कतई बन्द करना और विवाह की बेशुमार फिजूल खर्चियों को दूर करना चाहिये ।

( ४ ) जेवर, रेशमी वस्त्र और हाथीदाँत आदी की बनी हुई अपवित्र चीजों में जो फिजूल खर्च होता है उसे रोकना चाहिये ।

( ५ ) कुछ लोभी और अज्ञानी पुरुष लडकियों पर रुपया लेते हैं और कुछ धनी पुरुष लडकों पर रुपया माँगते हैं, उसे रोकना चाहिये ।

( ६ ) वेश्यानृत्य आदि बुरी रिवाजें बन्द करनाचाहिये।

### स्वदेशी

देश और समाज के सामने बेकारी की समस्या दिन पर दिन बढती जा रही है । हजारों युवक कोलेजों और स्कूलों से डिग्रियाँ लेकर बेकार फिर रहे हैं, पर उनके लिये कोई काम नहीं है । अधिकांश व्यवसाय के लोगों की आज सबसे बडी शिकायह है कि उनके व्यवसायमें अब शिथिलता बढती जा रही है, देश की सम्पत्ति का यदि ह्रास हो तो वहाँ का कोई भी अङ्ग फलफूल नहीं सकता । शरीर का यदि कोई भी अङ्ग सबल बनना चाहता है तो उसके लिये यह आवश्यक है कि शरीर की केन्द्रीय शक्तियाँ बढती जायें । यदि शरीर में फेफडा कमजोर है तो धीरे धीरे शरीर के सभी अङ्ग रक्तहीन होकर निर्जीव हो जावेंगे । सारे देश इस बात का अनुभव करते हैं और वे अपने देश की सम्पत्ति बढाने में लगे हुये हैं । आज इंगलैण्ड, अमेरिका, रूस सभी देशों में स्वदेशी का युग है । रूस जैसा अन्तर्राष्ट्रीय-वाद को मानने वाला देश भी पञ्चवर्षीय योजना द्वारा देश की उत्पादक शक्ति को बढाने में लगा हुआ है । अमेरिका का प्रेसीडेन्ट रूजवेल्ट और इंगलेंड का युवराज प्रिन्स ओफ वेल्स भी अपनी अपनी जातियों को स्वदेशी का सन्देश दे रहे हैं । इस स्वदेशी के युग में प्रत्येक भारतवासी का भी कर्तव्य है कि वह सोचे कि उसे क्या करना चाहिये? जिस देश में चार करोडसे भी अधिक लोगों को एक ही बार भोजन मिलता हो वह देश किस तरह प्रति वर्ष करोडों रुपया विदेशी चीजें खरीद कर बाहर फेंक सकता है ? इस कारण प्रत्येक भारतवासी का कर्तव्य है कि उनको अपने दीन और हीन भाइयों की अवस्था पर ध्यान रखते हुये स्वदेशी वस्तुओं का ही इस्तैमाल करना चाहिये और मुख्य-ता जैनियों का धारण उनका धर्म एकेन्द्री से लेकर पंचेन्द्री जीव तक दया पालने का है ।

मुझे पूर्ण विश्वास है कि मेरे नवयुवक स्वयम् स्वदेशी वस्तु का प्रयोग करेंगे और अन्य जनता को करावेंगे ।

### शारीरिक शक्ति

आज जब मैं जैन जाति के युवकों की शारीरिक स्थिति को देखता हूँ तो मेरे दिल को बडा धक्का लगता है । जबकी उनके मस्तिष्क में विचार होने चाहिये. जबकी उनके रगों में खून का जोश होना चाहिये, जब की उनके चहरे पर चमक और हाथों में कार्य शक्ति होनी चाहिये तब हम उन्हें क्या पाते है ? उनके शरीर का पूर्ण-विकाश होने भी नहीं पाता कि उनका शरीर शिथिल होने लगता है, चहरे पर हवाई उडने लगती है और शीघ्रही वे केवल डाक्टरों और वैद्यों के मतलब के हो जाते है । इसका कारण क्या है ? समाज में फैली हुइ सामाजिक कुरीतियाँ हमारा रहन-सहन का गलत तरीका और व्यायाम की कमी । मैं नवयुवकों से जोर से अपील करता हूँ कि वे शारीरिक आवश्यकता की अब अवहेलना न करें और शक्ति की उपा-सना प्रारम्भ कर दें । नियमित व्यायाम करना हर सफलता की कुञ्जी है । इस युग में निर्बल होना सब पापों की जड है । निर्बल मनुष्य किसी धर्म का सच्चा पालन नहीं कर सकता ।

### साम्प्रदायिक बन्धनों को छोडो ?

यह युग संगठन का युग है । सब धर्म और जातियाँ साम्प्रदायिक मत-भेद को छोडकर विस्तीर्ण क्षेत्र में आ रही हैं । उस समय भी जैन-जाति क्या पारस्परिक मत-भेद और मनोमालिन्य में ही लगी रहेगी ? क्या यह सम्भव नहीं है कि हम सम्प्रदाय के तंग दायरों को छोड कर महावीर भग-वान् के एक झंडे के नीचे आकर खडे हो जायें । अब तो जैन-जाति एक भाव, एक शक्ति, एक प्रवाह में संयुक्त करनेकी आवश्यकता है । यह बडे हर्ष की बात हैं कि जैन-जाति के युवकों में यह सद्-भावना उत्पन्न हो गइ है और मुझे विश्वास है कि अब वह समय शीघ्र ही आने वाला है जब हम जैन-धर्म के अनुयायियों को एक संगठन में जैन सिद्धान्तों का प्रचार करते हुये देखेंगे।

આ પત્ર મનસુખલાલ હીરાલાલ લાલને જૈન ભાસ્કરોદય પ્રિન્ટીંગ પ્રેસ, ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩ માં છાપ્યું છે. અને
ગોકલદાસ મગનલાલ શાહે 'જૈન યુવક સંઘ' માટે ૨૬-૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩, માંથી પ્રગટ કર્યું છે.